MARKET 4U
જંગ-એ-ગુજરાત
અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । મંગળવાર । તા. ૦૭-૦૧-૨૦૨૦ । વર્ષ : ૧૬ । અંક : ૧૬ । પાના : ૧૨ । છૂટક નકલ : 3 રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Image Printers, 20-21, Bhid Bhanjan Soc., Bamroli Road, Nr. Piyush Point, Surat (Gujarat) ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-156/2019-2021, Valid up to 31-12-2021, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

‘અચ્છે બીતે પાંચ સાલ, લગે રહો કેજરીવાલ’ અને ‘દિલ્હી ચલે મોદી કે સાથ-૨૦૨૦’ના સૂત્રો પણ અપાઈ ગયા...!

દિલ્હી દંગલ: આઠ ફેબ્રુઆરીએ મતદાન, ૧૧મીએ પરિણામ

દિલ્હી વિધાનસભા ચૂંટણીનું બ્યૂગલ ફૂંકાયુ,આચારસંહિતા લાગુ,કુલ ૭૦ બેઠકો પર મતદાન,૧.૪૬ કરોડ મતદારો,૧૩૭૫૦ બૂથ

ગત ચૂંટણીમાં આપને ૭૦માંથી ૬૭,ભાજપને ત્રણ જ્યારે કોંગ્રેસને એક પણ સીટ મળી ન હતી



આપ-ભાજપ-કોંગ્રેસ વચ્ચે ત્રિપાંખિયો જંગ ખેલાશે,સપા-બસપા પણ ઉમેદવારો ઊભા રાખે તેવી શક્યતા,મોદી-શાહની અગ્નિપરીક્ષા તો કેજરીવાલ માટે ફરીથી સત્તા મેળવવાની કસોટી

ન્યુ દિલ્હી

આખરે આપ પાર્ટી-ભાજપ અને કોંગ્રેસ પક્ષોની ઈંતેજારીનો આજે અંત આવ્યો હોય તેમ ૭૦ બેઠકો ધરાવતી દિલ્હી વિધાનસભાની આગામી ચૂંટણીઓની તારીખો આજે જાહેર થઈ હતી. જે અનુસાર ૮ ફેબ્રુઆરી-૨૦૨૦ના રોજ એક જ ગઈ વખતની જેમ જ તબક્કામાં ૧૩,૭૫૦ મતદાન મથકો પર ૭૦ બેઠકો માટે મતદાનની પ્રક્રિયા ઈવીએમ-વીવીપીએટી મશીન દ્વારા હાથ ધરાશે. આ ચૂંટણી માટે કુલ ૧.૪૬ કરોડ મતદારો નોંધાયા છે. ૧૧ ફેબ્રુઆરીના રોજ પરિણામ જાહેર થશે ત્યારે પાંચ વર્ષ શાસન કરનાર આપ પાર્ટી ફરીથી સત્તા મેળવશે કે ભાજપના બે ધરખમ નેતાઓ મોદી-શાહનો જાદુ ચાલ્યો કે કેમ તે પણ પૂરવાર અને જાહેર થઈ જશે. ચૂંટણી પંચ દ્વારા આજે પત્રકાર પરિષદ યોજીને ચૂંટણીની તારીખો જાહેર કરવામાં આવી હતી. મુખ્ય જંગ આમ તો ગઈ વખતની જેમ આપ-ભાજપ અને કોંગ્રેસ વચ્ચે યોજાવાની સાથે સપા-બસપા અને અન્ય નાના પક્ષો પણ પોતાના ઉમેદવારો અજમાવે તેમ છે. ભાજપે ઉપરાઉપરી રાજ્યો ગુમાવ્યાં હોવાથી દિલ્હી જીતવુ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અધ્યક્ષ અમિત શાહ માટે પ્રતિષ્ઠા સમાન બની રહે તેમ છે. ભાજપ દ્વારા પક્ષના સિનિયર નેતા સ્વ. સાહિબસિંહ વર્માના પુત્ર અને સાંસદ પરવેશ શર્માને સીએમપદના ઉમેદવાર તરીકે આગળ કરાય તેમ છે. ગઈ ચૂંટણીમાં ભાજપે કિરણ બેદીને મુખ્યમંત્રીના ઉમેદવાર તરીકે પ્રોજેક્ટ કર્યા હતા.

ચૂંટણી પંચ દ્વારા આજે સવારે જ બપોરે ૩.૩૦ વાગ્યે પત્રકાર પરિષદ યોજવાની જાહેરાત કરાતાં સૌ રાજકિય પક્ષોમાં તેની ઈંતેજારી જોવા મળી હતી. અને ટીવી મિડિયા દ્વારા પણ તારીખોની અટકળો લગાવવામાં આવી હતી.

અત્રે આયોજીત પત્રકાર પરિષદમાં મુખ્ય ચૂંટણી કમિશ્નર સુનીલ અરોડાએ ૮મી ફેબ્રુઆરીએ મતદાનની તારીખ જાહેર કરીને કહ્યું હતું કે ૨૨ ફેબ્રુઆરીએ દિલ્હી વિધાનસભાનો કાર્યકાળ સમાપ્ત થઈ રહ્યો છે. ચૂંટણીની પ્રક્રિયા પુરી કરવા માટે ૯૦ હજાર કર્મચારીઓની નિમણુક કરાશે. સ્થિતિ પર નજર રાખવા માટે મીડિયા મોનિટરિંગ સેન્ટર બનાવવામાં આવ્યા છે. દિલ્હીની ૭૦ બેઠકો માટે ૨૬૮૯ સ્થાનો પર કુલ

અનુસંધાન પાના નં. ૮

શાહે તાબડતોડ ઉપરાજ્યપાલ અને પો.કમિશ્નર સાથે ચર્ચા કરી તપાસના આદેશ આપ્યા

જેએનયુ હિંસા: દિલ્હી પોલીસે દાખલ કરી FIR,વોર્ડનનું રાજીનામું



- હિંસા બાદ પોલીસે કેમ્પસમાં ફ્લેગમાર્ચ યોજી શાંતિની અપીલ કરી
- હિંસાના વિરોધમાં સાબરમતી હોસ્ટેલના વોર્ડને રાજીનામું ધર્યું
- શિક્ષક સંઘે કુલપતિ-ઉપકુલપતિને હટાવવાની માંગ કરી
- જેએનયૂ હિંસાના પડઘા દેશભરમાં,ઠેર-ઠેર યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ દ્વારા વિરોધ પ્રદર્શનો
- સમગ્ર ઘટનાની તપાસ દિલ્હી ક્રાઈમ બ્રાંચને સોંપાઈ

ન્યુ દિલ્હી

દિલ્હીની પ્રતિષ્ઠિત જવાહરલાલ નેહરૂ યુનિ.-જેએનયુ-ના ઈતિહાસમાં સૌ પ્રથમવાર બુકાનીધારી યુવકોના એક હિંસક ટોળાએ લાકડીઓ-લોખંડના સળિયાના હથિયારો સાથે હોસ્ટેલ અને કેમ્પસમાં ગેરકાયદે ઘૂસીને મહિલા છાત્રો-પ્રોફેસરો સહિત અન્યો પર હુમલાઓ કરીને આચરેલી ભારે હિંસા-તોડફોડ અને અરાજકતા વગેરે.ની ગંભીર અને નિંદનીય ઘટનાના દેશ આખામાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે તો બીજી તરફ કેન્દ્રના ગૃહ વિભાગે, સરકાર માટે કલંકરૂપ આ ઘટનાની તપાસ દિલ્હી પોલીસના ક્રાઈમ બ્રાન્ચને સોંપીને વહેલામાં વહેલી તકે અહેવાલ આપવાની તાકીદ કરી હતી. તપાસ કરનાર પોલીસની ટીમ દ્વારા તાકીદે એફઆઈઆર નોંધીને તાત્કાલિક યુનિ. કેમ્પસમાં પહોંચી તપાસની કામગીરી હાથ ધરી હતી તો સોશ્યલ મિડિયામાં પણ આ બનાવ અંગેની તપાસ અલગથી હાથ ધરી છે. દરમ્યાનમાં જેએનયૂ શિક્ષક સંઘે કુલપતિ અને ઉપકુલપતિને હટાવવાની માંગણી કરી છે.


આ હુમલા અંગે ડાબેરી છાત્ર સંઘ અને ભાજપની વિદ્યાર્થી પાંખ એબીવીપી દ્વારા એકબીજાની સામે સામસામે ઓક્ષેપો કરવામાં આવ્યાં છે. તો જાણીતી યુનિ.ના ઉચ્ચ સત્તાવાળાઓ હુમલાની ઘટનામાં બેદરકારીના મામલે શંકાના દાયરામાં આવી ગયા છે અને હુમલાખોરોને રોકવા માટે

અનુસંધાન પાના નં. ૮

કેજરીવાલે પાંચ વર્ષ કંઈ નથી કર્યું,દિલ્હીમાં અમારી જ સરકાર બનશે

કેજરીવાલજી દિલ્હીની જનતા ૧૫ લાખ સીસીટીવી કેમેરા શોધી રહી છે: શાહ

દિલ્હીની જનતા મોદીજીની સાથે,રાહુલ-પ્રિયંકા દેશના લઘુમતીઓને ભ્રમિત કરી રહ્યા છે



ન્યુ દિલ્હી

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે આજે દિલ્હીની કેજરીવાલ સરકાર અને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પર આકરા પ્રહારો કર્યા. ગૃહ મંત્રી દિલ્હીના તુગલકાબાદના એમબી રોડ પર દિલ્હી સાઈકલ વોકનો શિલાન્યાસ કરવા પહોંચ્યા હતાં. અમિત શાહે કહ્યું કે આ કોરિડોર બનતા જ દિલ્હીના પ્રદૂષણમાં ૨૦ ટકાનો ઘટાડો થશે. ગૃહમંત્રીએ કહ્યું કે જ્યારે દિલ્હીના આ નવા રસ્તા પર ૫૦ લાખથી વધુ મુસાફરો સાઈકલ પર જતા હશે ત્યારે સાઈકલ ચલાવવી એ જ ફેશન બનશે.

અમિત શાહે કહ્યું કે આજે હું દિલ્હીની ઝૂપડપટ્ટીઓમાં રહેતા લોકોને કહેવા માંગુ છું કે તમે ચિંતા ન કરો. જ્યાં ઝૂપડપટ્ટી છે ત્યાં મકાન આપવાનું કામ નરેન્દ્ર મોદીજી કરવાના છે. એક પાઈલટ પ્રોજેક્ટ પણ શરૂ થઈ ગયો છે. ૨૦ હજાર ઝૂપડાવાળાઓને મકાન આપવાની શરૂઆત થઈ ગઈ છે.

ગૃહ મંત્રીએ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પર હુમલો કરતા કહ્યું કે કેજરીવાલ સરકારે પોતાનું વચન પૂરું કર્યું નહીં. કેજરીવાલજી તમે દિલ્હીમાં ૧૫ લાખ સીસીટીવી કેમેરા લગાવવાનું કહ્યું હતું જેને આજે પણ દિલ્હીની જનતા

અનુસંધાન પાના નં. ૮

ટ્રમ્પ માટે ઈરાની નાગરિકો દાન આપશે

ટ્રમ્પનું માથું વાઢનારને ૫.૭૬ અબજનું ઈનામ આપીશું : ઈરાન

તહેરાન

અમેરિકાના હુમલામાં ઈરાનના કમાંડર જનરલ કાસિમ સુલેમાનીની હત્યા બાદ ઈરાન અમેરિકા પર રોષે ભરાયું છે. જનરલ સુલેમાનીના અંતિમ સંસ્કાર વખતે ઈરાને ડોનાલ્ડ ટ્રમ્પનું માથું વાઢી લાવવા પર ૮૦ મિલીયન ડોલર (લગભગ ૫.૭૬ અબજ રૂપિયા)નું ઈનામ જાહેર કર્યું છે.આ માટે ઈરાનના સ્થાનિક નાગરિકો પાસે એક એક ડોલરનું દાન કરવાની અપીલ પણ કરવામાં આવી છે.

સંસ્થાએ ઈરાનના તમામ નાગરિકોને એક ડોલર દાન કરવાની અપીલ કરી છે કે ટ્રમ્પના માથાના બદલામાં રાખવામાં આવેલા ૮૦ મિલીયન ડોલરની રકમને એકઠી કરવા માટે દરેક નાગરિક દાન આપશે જેથી બદલો લેવા માટે આ રકમનો ઉપયોગ કરી શકાય.

જનરલ કાસિમ સુલેમાનીનો મૃતદેહ રવિવારે ઈરાનની રાજધાની તહેરાન પહોચ્યો જ્યાં સુલેમાનીની અંતિમ યાત્રા કાઢવામાં આવી હતી, જેની શરૂઆત અહવાજથી કરાઈ હતી, અહવાજમાં હજારો લોકો સુલેમાનીના સન્માનમાં ભેગા થયા હતા અને અમેરિકા-ઈઝરાયલ તથા સાઉદી અરબ વિરુદ્ધ નારા

અનુસંધાન પાના નં. ૮

ડ્રગ્સ રશિયા અને નેધરલેન્ડ પહોંચાડવાનું હતું

જખૌનાં દરિયામાંથી ૧૭૫ કરોડનાં ડ્રગ્સ સાથે ૫ પાકિસ્તાની માફિયાની ધરપકડ



કચ્છ

ઉડતા ગુજરાત બનાવવાના પાકિસ્તાનના ષડયંત્રનો પર્દાફાશ થયો છે. જખૌના દરિયામાં પાકિસ્તાની બોટમાંથી ડ્રગ્સ ઝડપાયું છે. બોટમાંથી ૩૫ જેટલાં ડ્રગ્સના પેકેટ ઝડપાયા છે. આ જથ્થાની કિંમત અંદાજે રૂ.૧૭૫ કરોડની આંકવામાં આવી રહી છે. આ ડ્રગ્સ હેરોઈનનો જથ્થો હોવાનું મનાઈ રહ્યું છે.

આ ડ્રગ્સનો જથ્થો કરાચીથી દિલ્હી પહોંચાડવાનો હતો. પાકિસ્તાની બોટ સાથે ૫ પાકિસ્તાની ડ્રગ્સ માફિયા ઝડપાયા છે. ગુજરાત એટીએસ, કોસ્ટગાર્ડ અને એસઓજીની સંયુક્ત કાર્યવાહીમાં ડ્રગ્સના મોટા જથ્થાનો પર્દાફાશ થયો છે. પાકિસ્તાની બોટ દ્વારા નશાકારક દ્રવ્યોની ડિલિવરી કરવામાં આવશે તેવી બાતમીના આધારે આ સંયુક્ત કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ગુજરાત પોલીસને આ અંગે બાતમી મળી હતી કે, પાકિસ્તાનના પાંચ ઈસમો કરાચીથી માછીમારીની બોટમાં ડ્રગ્સનો મોટો જથ્થો લઈ જવાના છે. આ બાતમીના આધારે ગુજરાત એટીએસ, કોસ્ટગાર્ડ અને એસઓજીએ સાથે મળી આ ઓપરેશન પાર પાડ્યું હતુ

અનુસંધાન પાના નં. ૮

કાલથી બેંકો હડતાળ પર, કામકાજ પર અસર પડશે

મુંબઈ

જો તમારી પાસે બેંક સાથે સંબંધિત કોઈ મહત્વપૂર્ણ કાર્ય છે, તો તમારે આ કામ આવતીકાલ સુધીમાં પૂર્ણ કરી લેવા જોઈએ કારણ કે ૮ જાન્યુઆરી (બુધવારે) દેશની જુદી જુદી બેંકો હડતાલ પર ઉતરી રહી છે. આ હડતાલને કારણે બેંકોની કામગીરીને અસર થઈ શકે છે. જેના કારણે તમારું મહત્વનું કામ અટકી જશે.

આ દરમિયાન એસબીઆઈ અને સિન્ડિકેટ બેંકે શેર બજારને આ દિવસની તૈયારીઓ વિશે માહિતી આપી છે. એસબીઆઈએ કહ્યું કે હડતાલમાં ભાગ લેનારા યુનિયનોમાં અમારી બેંક કર્મચારીઓની સદસ્યતા ખૂબ ઓછી છે, તેથી બેંકની કામગીરી પર હડતાલની અસર ઓછી થશે.

સરકારી ક્ષેત્રની સિન્ડિકેટ બેંકે જણાવ્યું હતું કે સૂચિત હડતાલને ધ્યાનમાં રાખીને તે તેની કામગીરી સામાન્ય રાખવા જરૂરી પગલાં લઈ રહી છે. સિન્ડિકેટ બેંકનું કહેવું છે કે હડતાલને કારણે શાખાઓ/કચેરીઓના કામકાજને અસર થઈ શકે છે. ૧૦ કેન્દ્રીય મજૂર સંગઠનોએ કેન્દ્ર સરકાર પર મજૂર વિરોધી નીતિઓને પ્રોત્સાહન આપવાનો આરોપ મૂક્યો છે અને તેને ધ્યાનમાં રાખીને ૮ જાન્યુઆરીએ દેશવ્યાપી

અનુસંધાન પાના નં. ૮

જનરલ સુલેમાનીની હત્યાઃ ઈરાને અમેરિકા સાથે પરમાણુ સંધિ તોડવાની જાહેરાત કરી

તહેરાન

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલ સંઘર્ષ વચ્ચે ઈરાને પોતાના પરમાણુ કરારની શરતો તોડવાનો નિર્ણય લીધો છે. પ્રાપ્ત માહિતી અનુસાર ઈરાન હવે ૨૦૧૫ પરમાણુ સમજૂતીની કોઈપણ મર્યાદાનું પાલન નહીં કરે. ઈરાનની રાષ્ટ્રીય સુરક્ષા પરિષદે મેજર જનરલ કાસીમ સુલેમાનીની હત્યા બાદ દેશની પરમાણુ નીતિ પર ચર્ચા કરવા માટે એક તાત્કાલિક બેઠક આયોજિત કરી હતી. આ બેઠક બાદ પરમાણુ કરાર તોડવાની જાહેરાત કરવામાં આવી.

ઈરાન પરમાણુ કરાર તોડવાના પાંચમાં તબક્કાને અંતિમ સ્વરૂપ આપી ચૂક્યું હતું. વિદેશ મંત્રાલયના પ્રવક્તા અબ્બાસ મૌસવીએ જણાવ્યું હતું કે પાંચમા તબક્કા મુદ્દે નિર્ણય અગાઉ જ લેવાઈ ચુક્યો હતો, પરંતુ તત્કાલીન સંજોગો જોતા રવિવારે રાત્રે યોજાયેલ એક મહત્વની બેઠકમાં મુખ્ય ફેરફાર કરવામાં આવ્યો છે.ઈરાન અને વૈશ્વિક શક્તિઓ વચ્ચે ૨૦૧૫માં પરમાણુ કરાર પર સહમતી થઈ હતી પરંતુ ૨૦૧૮માં અમેરિકાએ તેને તોડી નાંખી હતી.

વિગતોનુસાર વાત કરીએ તો ઈરાને ૨૦૧૫માં ૬ દેશો સાથે પરમાણુ સંધિ કરી હતી. આ સંધિમાં અમેરિકા,ફ્રાન્સ, બ્રિટન, જર્મની, રશિયા અને ચીન સામેલ હતા. સંધિની શરતો અનુસાર ઈરાને પોતાના પરમાણું કાર્યક્રમને મર્યાદિત કરવાનો હતો જેના બદલે અમેરિકા તરફથી તેને પ્રતિબંધોમાં રાહત મળી હતી. જો કે ગયા વર્ષે ટ્રમ્પ પ્રશાસને અમેરિકા સંધિથી અલગ છે તેવી જાહેરાત કરી હતી.

જેએનયુ ટીચર્સ એસોસિએશને રાષ્ટ્રપતિને પત્ર લખ્યો

જેએનયુ ટીચર્સ એસોસિએશને રાષ્ટ્રપતિને પત્ર લખીને જણાવ્યું છે કે કેમ્પસમાં અરાજકતાનું વાતાવરણ છે. માસ્ક કરેલા ગુંડાઓ છાત્રાલયોમાં જાય છે અને તેમનો હુમલો કરે છે. કુલપતિ યુનિવર્સિટીનું સંચાલન કરવામાં અસમર્થ છે, તેથી યોગ્ય પગલાં લેવા જોઈએ અને આ સમગ્ર મામલાની તપાસ થવી જોઈએ. તો બીજી તરફ પ્રગતિશીલ ડેમોક્રેટિક સ્ટુડન્ટ્સ યુનિયન (પીડીએસયુ) ના કાર્યકરોએ ઉસ્માનિયા યુનિવર્સિટી-હૈદરાબાદમાં જેએનયુ હિંસા સામે દેખાવો કર્યા હતા. જેએનયુની હિંસાને ધ્યાનમાં રાખીને પોલીસ દળ એલર્ટ પર છે અને ઉત્તર પ્રદેશની યુનિવર્સિટીઓમાં વધારાની સુરક્ષા દળ ગોઠવી દેવામાં આવી છે. તેમાં અલીગ મુસ્લિમ યુનિવર્સિટીનો પણ સમાવેશ છે.

જેએનયુમાં નાઝી સ્ટાઈલ અપનાવી રહ્યુ છે સંઘ પરિવારઃ પી વિજયન

જવાહરલાલ નેહરૂ યુનિવર્સિટી કેમ્પસમાં રવિવારે સાંજે ભડકેલી હિંસાને લઈને જ્યાં સરકાર અને વિપક્ષી પાર્ટીઓ આમને-સામને છે, ત્યારે કેરળના મુખ્યમંત્રી પી વિજયને જણાવ્યું કે, સંઘ પરિવારે આ ખૂની ખેલ બંધ કરવો જોઈએ. કેરળના મુખ્યમંત્રી પી વિજયને જેએનયુ કેમ્પસમાં હિંસાની ઘટનાને વખોડતા જણાવ્યું કે, વિદ્યાર્થીઓ પર હુમલો અસહિષ્ણૂતાનું પરિણામ છે. જેએનયુ કેમ્પસમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો પર નાજી શૈલીમાં હુમલો કરવામાં આવ્યો છે. આ હુમલો એવા લોકોએ કર્યો, જે દેશમાં અશાંતિ અને હિંસા પેદા કરવા માંગે છે. સંઘ પરિવારે કેમ્પસમાં ખૂની ખેલ બંધ કરવો જોઈએ. સારુ થશે કે, તેઓ વિદ્યાર્થીઓના અવાજને સમજે.

તૃણમૂલ કોંગ્રેસનું પ્રતિનિધિમંડળ દિલ્હી જશેઃ મમતા બેનરજી

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ કહ્યું છે કે, અમે જેએનયુના વિદ્યાર્થીઓ અને પ્રોફેસર સાથે થયેલી હિંસાની નિંદા કરીએ છીએ. આ લોકતંત્ર માટે શરમજનક છે. વિદ્યાર્થીઓ સાથે એકજૂથતા દર્શાવવા માટે દિનેશ ત્રિવેદીના નેતૃત્વમાં તૃણમૂલ કોંગ્રેસનું એક પ્રતિનિધિ મંડળ દિલ્હી જશે.

દિગ્વિજય સિંહે માંગ્યું અમિત શાહનું રાજીનામુ

કોંગ્રેસના વરિષ્ઠ નેતા દિગ્વિજય સિંહે આ ઘટનાને લઈને ગૃહમંત્રી પાસે જવાબ માંગ્યો છે. તેઓએ ઘટનાની નિંદા કરતાં ટ્વિટ કરી છે. જેમાં ગૃહમંત્રી અથવા આ ગુંડાઓ પર કડક કાર્યવાહી કરવાની અપીલ કરી છે, જો કાર્યવાહી ન થાય તો રાજીનામું આપવા જણાવ્યું છે.

વિદ્યાર્થીઓના અવાજથી ડરી સરકારઃ રાહુલ ગાંધી

વાહરલાલ નહેરુ યુનિવર્સિટીમાં રવિવારે સાંજે થયેલી હિંસા પછી રાહુલ ગાંધીએ કહ્યું કે, સરકાર વિદ્યાર્થીઓના અવાજથી ડરેલી છે અને આજની ઘટના તેનો પુરાવો છે.

વિદ્યાર્થીઓ અને પ્રોફેસરો સાથે થયેલી મારઝૂડ સુનિયોજીતઃ શરદ પવાર

એનસીપી પ્રમુખ શરદ પવારે ટ્વિટર પર લખ્યું છે કે, જેએનયુ વિદ્યાર્થીઓ અને પ્રોફેસર પર હુમલો સુનિયોજીત હતો. હું આ તોડફોડ અને હિંસાની અલોકતાંત્રિક ઘટનાની કડક શબ્દોમાં નિંદા કરુ છું.

વિદ્યાર્થીઓને રાજકીય હથિયાર ન બનાવવામાં આવેઃ સ્મૃતિ ઈરાની

સ્મૃતિ ઈરાનીએ કહ્યું છે કે, જેએનયુ હિંસા મામલે તપાસ શરૂ થઈ ગઈ છે. તેથી અત્યારે તે વિશે નિવેદન આપવું યોગ્ય નથી. યુનિવર્સિટીઓને ન તો રાજકીય અડ્ડો બનાવવો જોઈએ અને ન વિદ્યાર્થીઓને રાજકીય હથિયાર બનાવવા જોઈએ.

વિરોધ કરતી વખતે વિદ્યાર્થીઓ દ્વારા થતી હિંસા અને ક્રૂરતા ચિંતાજનકઃ આદિત્ય ઠાકરે

જેએનયુ એટેક અંગે આદિત્ય ઠાકરેએ કહ્યું કે "વિરોધ કરતી વખતે વિદ્યાર્થીઓ દ્વારા થતી હિંસા અને ક્રૂરતા ચિંતાજનક છે. તે પછી જામિયા હોય કે જેએનયુ. વિદ્યાર્થીઓએ ક્રૂર બળનો સામનો નહીં કરવો પડે, તેમને રહેવા દો. આ ગુંડાઓને કાર્યવાહીનો સામનો કરવો પડશે. તેમને સમયસર અને વહેલી તકે ન્યાય મળવો જોઈએ.

દેશના યુવકોનો અવાજ દબાવી રહી છે સરકારઃ સોનિયા ગાંધી

દેશની રાજધાની દિલ્હીની જવાહર લાલ નેહરૂ યુનિવર્સિટીમાં રવિવારે ત્રાટકેલા નકાબપોશ હુમલાખોરોએ મચાવેલી હિંસને લઈને કોંગ્રેસના વચગાળાના અધ્યક્ષ સોનિયા ગાંધીએ મોદી સરકારને ઘેરવાનો પ્રયાસ કર્યો હતો.

સોનિયા ગાંધીએ સરકારને આડે હાથ લેતા કહ્યું કે આજે દેશમાં યુવકો અને વિદ્યાર્થીઓનો અવાજ દબાવવાનો અને તેમનો મજાક બનાવામાં આવી રહી છે. મોદી સરકારના રાજમાં દેશના યુવકોનો અવાજ દબાવી ગુંડાઓ દ્વારા હિંસાને પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યો છે. કાલે જેએનયુમાં વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી પર થયેલા હુમલો સરકાર દ્વારા લોકોની અસહમતીની અવાજને દબાવવા માટે યાદ કરવામાં આવશે.

સેવા ક્ષેત્રે રિકવરીના સંકેત, ડિસેમ્બરનો PMI ગ્રોથ ૫ માસની ટોચે

ન્યુ દિલ્હી

ભારતના સર્વિસ સેક્ટરની કામગીરીમાં એકંદરે સુધારો જોવા મળ્યો છે. ડિસેમ્બર મહિના માટેનો સર્વિસ પીએમઆઈ સુધરીને પાંચ મહિનાની ઊંચી સપાટીએ નોંધાયો છે. આજે જાહેર થયેલા માસિક સર્વે રિપોર્ટમાં આ વાત કહી છે.

સર્વે મુજબ ડિસેમ્બર મહિનામાં નવા ઓર્ડરમાં વૃદ્ધિ અને ઉત્પાદનની સાથે રોજગારીની તકો પણ વધી છે. સર્વિસ સેક્ટરની કામગીરી અંગે આઈએચએસ માર્કિટ ઈન્ડિયાનો આ સર્વિસ પીએમઆઈ ડિસેમ્બરમાં સુધરીને ૫૩.૩ના સ્તરે પહોંચ્યો છે જે નવેમ્બરમાં ૫૨.૭ના સ્તરે નોંધાયો હતો. જુલાઈ પછી તે છેલ્લા એક વર્ષની સૌથી ઊંચી વૃદ્ધિ દર્શાવે છે. પીએમઆઈ ૫૦ના લેવલની ઉપર હોવું એ વૃદ્ધિ અને વિકાસના સંકેત આપે છે.

આઈએચએસ માર્કિટના મુખ્ય અર્થશાસ્ત્રી પોલિયન ડી લીમાએ કહ્યું કે, રોજગારીની નવી તકોનું સર્જન ચાલુ રહેવું, નવા ઓર્ડરની વધતી સંખ્યા અને બિઝનેસના પરિદ્રશ્યને લઈ કંપનીઓના વિશ્વાસમાં વૃદ્ધિના અહેવાલોથી કહી શકાય છે કે વર્ષ ૨૦૨૦ના આરંભના મહિનાઓમાં પણ સર્વિસ સેક્ટરના કામકાજમાં વિસ્તરણ થશે.

સર્વેમાં ભાગ લેનાર ઉત્તરદાતાઓએ જણાવ્યું કે, બિઝનેસમાં તેજી બજારની સ્થિતિમાં સુધારો અને નવા કામકાજના નિર્ણયને આભારી છે. ગત વર્ષના છેલ્લા ત્રણ મહિનામાં સતત વિસ્તરણ થયું છે. ઓક્ટોબર ૨૦૧૬ બાદ ડિસેમ્બર ૨૦૧૯માં સર્વિસ સેક્ટરમાં સૌથી ઝડપી કામકાજ થયા છે. ડિસેમ્બરમાં ઉત્પાદનના સાધનોનો ખર્ચ વધ્યો છે.

રિપોર્ટ મુજબ સેવા ક્ષેત્રે નવા ઓર્ડરના પ્રતાપે કંપનીઓએ ડિસેમ્બરમાં નવા કર્મચારીઓની નિમણુંક પણ કરી છે. આ ક્ષેત્રે સતત ૨૮માં મહિને રોજગારીની તકો વધી છે. કંપનીઓના મતે ભારતના સેવા ક્ષેત્રની કંપનીઓ વિતરણના પ્રયાસો તથા સાનુકુળ પરિસ્થિતિઓના પગલે વર્ષ ૨૦૨૦માં પણ કામકાજ વધશે.

મંજૂરી નિયમો મુજબ આપવામાં આવી હતીઃ રજિસ્ટ્રાર ઓફ કંપની

ટાટા વિવાદઃ એનસીએલએટીએ પોતાના ચુકાદામાં ફેરફાર કરવાનો ઈન્કાર કર્યો

મુંબઈ

ટાટા સન્સ વિવાદમાં નેશનલ કંપની લો એપેલેટ ટ્રિબ્યુનલ(એનસીએલએટી)એ પોતાના ચુકાદામાં ફેરફાર કરવાથી સોમવારે ઈન્કાર કર્યો છે. રજિસ્ટ્રાર ઓફ કંપનીસે(આરઓસી) આ માટે અપીલ કરી હતી. આરઓસી ઈચ્છતું હતું કે ટ્રિબ્યુનલ ૧૮ ડિસેમ્બરના તેના ચુકાદામાંથી ગેરકાયદેસર શબ્દ હટાવી લે. ટ્રિબ્યુનલે કહ્યું હતું કે ટાટા સન્સને પબ્લિકમાંથી પ્રાઈવેટ કંપની બનાવવાની મંજૂરી આપવાનો આરઓસીનો ચુકાદો ગેરકાયદેસર હતો. આરઓસીની દલીલ હતી કે મંજૂરી નિયમો મુજબ જ આપવામાં આવી હતી. તેણે ૨૩ ડિસેમ્બરે ટ્રિબ્યુનલમાં અરજી દાખલ કરી હતી. આ મામલામાં ટ્રિબ્યુનલે કહ્યું છે કે તેના ચુકાદાથી આરઓસી પર કોઈ કલંક લાગ્યુ નથી.

એપેલેટ ટ્રિબ્યુનલે ૧૮ ડિસેમ્બરે સાયરસ મિસ્ત્રી મામલામાં ચુકાદો આપ્યો હતો. તેણે મિસ્ત્રીને ફરીથી ચેરમેન તરીકે નિમણૂક કરવાની સાથે જ ટાટા સન્સને પબ્લિકમાંથી પ્રાઈવેટ કંપની બનાવવાના ચુકાદાને પણ બદલવાનો આદેશ આપ્યો હતો. સપ્ટેમ્બર ૨૦૧૭માં ટાટા સન્સને પબ્લિકમાંથી પ્રાઈવેટ કંપની બનાવવા માટે શેરહોલ્ડરોને મંજૂરી આપી હતી. બાદમાં આ આરઓસીએ ટાટા સન્સને પ્રાઈવેટ કંપની તરીકે નોંધી હતી. સાયરસ મિસ્ત્રી પરિવાર તેની વિરુદ્ધ હતો. મિસ્ત્રી પરિવારની પાસે ટાટા સન્સના ૧૮.૪ ટકા શેર છે.

પૂર્વ મુખ્યમંત્રી ફડણવીસે મહા વિકાસ આઘાડી પર આડકતરો ઈશારો કર્યો

વિશ્વાસઘાત કરીને આવેલી સરકાર છ-આઠ મહિના કરતાં વધુ સમય નહિ ચાલે

નાગપુર

મહા વિકાસ આઘાડીના પ્રધાનોના ખાતા ફાળવણીની સત્તાવાર જાહેરાત બાદ વિપક્ષના નેતા તથા ભાજપના નેતા દેવેન્દ્ર ફડણવીસ સંતોષજનક નથી. તેમણે નાગપુરમાં એક પ્રચાર સભામાં વર્તમાન સરકારની જોરદાર ટીકા કરી હતી. દેશમાં રાજકીય ઈતિહાસમાં વિશ્વાસઘાત કરીને આવેલી સરકાર છ-આઠ મહિના કરતા વધુ સમય સત્તામાં ટકી શકે તેમ નથી. એવો દાવો તેમણે કર્યો હતો. એટલું જ હનીં આ સરકાર મહારાષ્ટ્રની તિજોરી પર ડલ્લો મારનારી હોવાનો આક્ષેપ કર્યો હતો.

ફડણવીસે જણાવ્યું હતું કે શિવસેના સ્વાર્થ માટે કશે પણ જઈ શકે છે. કોંગ્રેસ-એનસીપી સાથે ગઠબંધન કરીને શિવસેનાએ વિશ્વાસઘાત કર્યો છે, એવું સતત રટણ કરતા હતા.

મલાઈદાર ખાતાની ફાળવમીમાં અંદરોઅંદર ખેંચતાણી શરૂ છે. અત્યારે શિવસેનાએ પ્રધાન અબ્દુલ સતારને મનાવી લીધા છે. પણ આ કેટલા સમય ચાલશે. હકીકતમાં મહાવિકાસ આઘાડીમાં ગળતીના એંધાણ શરૂ થયા છે.

નાગપુરમાં યોજાનારી જિલ્લા પરિષદની ચૂંટણીના પ્રચાર માટે દેવેન્દ્ર ફડણવીસ પ્રચાર સભા યોજી હતી. એમાં તેમણે ઉપરોક્ત સંબોધન કર્યું હતું.

માંરી સાથે ધક્કામુક્કી થઈ અને મારા ચહેરા પર લાત માંરીઃ યાદવ

જેએનયૂના પીડિત વિદ્યાર્થીઓને મળવા પહોંચેલા યોગેન્દ્ર યાવદ પર હુમલો

ન્યુ દિલ્હી

ભારતની પ્રતિષ્ઠિત જવાહરલાલ નેહરૂ યુનિવર્સિટીમાં રવિવારે ૫૦ જેટલા બુકાનીધારી શખ્સોએ વિદ્યાર્થી અને શિક્ષકો પર હુમલો કર્યો હતો. જેમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો સહિત કુલ ૨૫ લોકો ઈજાગ્રસ્ત થયા છે. ઈજાગ્રસ્ત વિદ્યાર્થીઓએ એબીવીપી કાર્યકર્તાઓ પર મારઝૂડનો આક્ષેપ કર્યો છે. સ્વરાજ ઈન્ડિયા પાર્ટીના સ્થાપક યોગેન્દ્ર યાદવ પણ વિદ્યાર્થીઓ સાથે મુલાકાત કરવા માટે જેએનયુ પહોંચ્યા હતા, જ્યાં તેમની સાથે પણ મારઝૂડ કરવામાં આવી હતી. યોગેન્દ્ર યાદવે જણાવ્યું હતું કે, રવિવારે રાત્રે ત્રણ વખત મારી સાથે મારઝૂડ કરવામાં આવી હતી. હું રાત્રે લગભગ ૯.૩૦ ક્લાકે જેએનયુના શિક્ષકો સાથે વાત કરી રહ્યો હતો ત્યારે એક પોલીસ પોલીસ ઈન્સપેક્ટર જેની વર્દી પર નેમ પ્લેટ નહતી, તેમણે મારી સાથે ખેંચતાણ કરી અને પછી એબીવીપી અને આરએસએસના લોકોએ મારી સાથે ધક્કા-મુક્કી કરી હતી. સંસ્કૃત વિભાગના પ્રોફેસર મિશ્રા પણ તેમની સાથે હતા. તેમણે મફલર ખેંચ્યો હતો. મને રસ્તા પર પાડી દીધો હતો. મને થોડી ઈજા થઈ છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, લગભગ ૧૦.૩૦ ક્લાકે ફરી વખત મારા પર હુમલો કરવામાં આવ્યો હતો. ૨૦-૩૦ શખ્સોએ મારા પર હુમલો કર્યો હતો. ત્યારે હું ડી રાજા સાથે હતો. તેઓ મને ગાળ આપી રહ્યા હતા. તેમણે મારા ચહેરા પર લાત મારી હતી. પોલીસ આ બધુ જોઈ રહી હતી. ત્યારબાદ હું એઈમ્સ ટ્રોમા સેન્ટરમાં સારવાર માટે પહોંચ્યો હતો. રાત્રે ૧૨.૩૦ ક્લાકે ઈન્સપેક્ટર શિવરાજે મને, રાજા અને મારા ડ્રાઈવરને માર માર્યો હતો અને એડીસીપી પરવિંદર સિંહની સામે મને ધક્કો માર્યો હતો. તેઓ જાણતા હતા કે મને ઈજા થઈ છે.

અહંકારી સરકારની ખુરશી આજે ડગુમગુ થઈ રહી છે

હિંસા સરકાર પ્રાયોજિત ગુંડાગીરી,ન્યાયિક તપાસ થવી જોઈએઃ કોંગ્રેસ

ન્યુ દિલ્હી

જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીમાં રવિવારે સાંજે થયેલી હિંસાને લઈને કોંગ્રેસ પાર્ટીએ સોમવારે કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું. કોંગ્રેસના પ્રવક્તા રણદીપ સુરજેવાલાએ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને પૂછ્યું કે હિંસા દરમિયાન ૧૫૦થી વધુ વાર દિલ્હી પોલીસને કોલ કરવામાં આવ્યાં હતાં. સુરજેવાલાએ કહ્યું કે મોદી સરકાર જેએનયુના વિદ્યાર્થીઓને નિર્દયતાથી પીટાઈ કરાવે છે. અંહકારી સરકારની ખુરશી આજે ડગુમગુ થઈ રહી છે. જેએનયુના વિદ્યાર્થીઓ પર નકાબપોશ ગુંડાઓએ હુમલો કર્યો. દિલ્હી પોલીસ હિંસાને ચૂપચાપ જોતી રહી. મોદી સરકાર યુવાઓનો અવાજ દબાવવા માંગે છે.

કોંગ્રેસના નેતાએ આરોપ લગાવ્યો કે જેએનયુ હિંસાની પાછળ સરકારનો હાથ હતો. સુરજેવાલાએ કહ્યું કે સરકાર પ્રાયોજિત આતંકવાદ અને ગુંડાગીરી છે. આ બધુ ગૃહમંત્રી અમિત શાહના ઈશારે થયું છે. આ દેશના યુવાઓને અમિત શાહની તપાસ પર ભરોસો નથી. અમે માગણી કરીએ છીએ કે હિંસાની ન્યાયિક તપાસ થવી જોઈએ. તે પણ દિલ્હી હાઈકોર્ટના સિટિંગ જજની દેખરેખમાં. તેમણે કહ્યું કે જેએનયુ અને જામિયા સુધી આ સિમિત નથી. દેશની અનેક શિક્ષણ સંસ્થાઓમાં આવો અવાજ ઉઠી રહ્યો છે જેને દબાવવા માટે સરકારના ઈશારે આવું થઈ રહ્યું છે. સરકાર વિદ્યાર્થીઓ અને યુવાઓનો અવાજ દબાવવા માંગે છે. કોંગ્રેસ નેતા ઉદિત રાજજી ગઈ કાલે કેમ્પસની બહાર હતાં. તેમણે આ બધુ પોતાની નજરે જોયું હતું.

વ્યાજદરમાં ૧૫થી ૨૫ બેસિસ પોઈન્ટ ઘટે તેવી સંભાવના

૮ કરોડ ખાતારધારકોને લાગશે આંચકોઃ પીએફના વ્યાજદરમાં ઘટાડાની આશંકા

ન્યુ દિલ્હી

કર્મચારી પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશન (ઈપીએફઓ) પીએફના વ્યાજ દરમાં ૮.૬૫ ટકાનો ઘટાડો કરી શકે છે. ઈપીએફઓ વ્યાજ દરમાં ૧૫ થી ૨૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો કરે તેવી સંભાવના છે. જો આવું થાય છે તો તે ઈપીએફઓના ૮ કરોડ શેરહોલ્ડરોને સીધી અસર કરશે. કાર્યરત લોકો માટે પીએફ એ ભવિષ્યના રક્ષણનું એક મહાન માધ્યમ છે અને તેઓ નીચા વ્યાજના દરથી સીધી અસર કરશે. સૂત્રોના જણાવ્યા અનુસાર નાણાં મંત્રાલયને ચિંતા છે કે બેંકો પીએફ પર વધારે વળતર આપે તો આકર્ષક વ્યાજ દર ચૂકવવું શક્ય નહીં બને, જેની અસર અર્થવ્યવસ્થા પર પડશે. રિપોર્ટમાં જણાવાયું છે કે, નાણા મંત્રાલય સાથે સાત મહિનાની ચર્ચા કર્યા પછી ૨૦૧૮-૧૯માં નિવૃત્તિ નિધિ મેનેજરે તેના ગ્રાહકો માટે ૮.૬૫ ટકાનો દર નક્કી કર્યો. રિપોર્ટ અનુસાર બેંકો એવી પણ દલીલ કરે છે કે પી.એફ. જેવી નાની બચત યોજનાઓ અને ઈપીએફઓ દ્વારા આપવામાં આવતા ઉંચા વ્યાજ દરને કારણે લોકો તેમની પાસે પૈસા જમા કરાવવા ઈચ્છતા નથી, જેનાથી તેઓ ભંડોળ ઉભું કરવામાં સમસ્યા વધારશે.

મોબાઈલના વપરાશથી સાવધાન

આપના મોબાઈલ ફોનમાંથી નીકળતા રેડીએશનથી

મગજ, કાન, આંખ, ગળા, હૃદયને થતાં નુકશાનથી બચવા

એન્ટી રેડીએશન ચિપ આપના મોબાઇલ પર લગાડી આપ રોગ મુક્ત રહો

તેમજ બિઝનેસમાં એજન્ટ બની

ઓછા રોકાણથી

મહેનત મુજબ માસિક ૫૦૦૦ કે તેથી વધુ કમાવા ફોન કરો.

7574888861

MARKET 4U BHARUCH - SURAT market4u.in

ZAVERI

કોઇપણ પ્રકારનું સેલ્સ માર્કેટિંગ કરતા મિત્રો, મોબાઇલ રીપેરીંગ કરનાર, પ્રિ-પેઇડ સીમકાર્ડ વેચનાર કે નાના દુકાનદારો

મોબાઇલ એન્ટી રેડીએશન ચિપ વેચી વધુ કમાવા અચૂક ફોન કરો

કનેક્ટ ઈન્ડિયન્સ www.connectindians.inમાં જોડાઈ નિયમ મુજબ કામ કરો અને સોળ વર્ષ જુના સમાચારપત્ર (news paper) જંગ એ ગુજરાત www.jungegujarat.inના
PRESS પ્રતિનિધિ બની સમાજમાં પ્રતિષ્ઠા સાથે સંપત્તિ કમાવા તાત્કાલિક વહેલા તે પહેલાંના ધોરણે નિયુક્તિ માટે સંપર્ક કરો. ૯૯૭૮૪૦૬૨૫૭

જોજો ચૂકી જતા આ મોકો

MARKET 4U ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૫૫૦/- ભરી શકે તેવા અને
પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા
૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને
મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો
(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને **જીતો**



MARUTI ALTO



HONDA ACTIVA



BRANDED MIXER

૨જે ૧૫ ઓગષ્ટ સ્વાતંત્ર્ય દિવસ

(શરતો લાગુ રહેશે)

9978406257

'આપની પ્રગતિ એજ અમારો નિર્ધાર'

શુ આપ **Market4u** રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/-ભરાવી **Market4u**ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને **Market4u**ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત **MARKET4U** ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. **(T.& C.Apply)**

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

અને હા જેને **PRESS** માં જોડાવામાં રસ હોય તેઓ પણ સંપર્ક કરી શકશે
PRESS પ્રતિનિધિ બનાવવામાં આવશે (નિયમ લાગુ રહેશે)

MARKET 4U **ફ્રેન્ચાઈઝી નીમવાના છે**

CEO Mrket4u, Dhananjay zaveri, Surat - Bharuch. 7575006850
www.jungegujarat.in

Market4u રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી
(રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના)
ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- **(T. @ C.apply)**

સુરત

Market4u
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ઓફીસ એડ્રેસ

ભરૂચ

Market4u
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ
જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ **MARKET4U**નું નવું સાહસ
WWW.CONNECTINDIANS.IN

Market4uના **connectindians** પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને **Market4u** વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો
9978406257

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૫૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી **Market4u**ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી **market4u** કંપની આપની આવકમાંથી **TDS** બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં **NEFT**થી જમા કરશે. તો રાહ શેની માત્ર ૫૫૦/- ભરો અને અન્યોને **Market4u**ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૫૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in • www.market4u.in
ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ *મોકલવાનો ખર્ચ રૂ.૧૦૦/- અલગથી ચૂકવવાનો રહેશે*

CONNECT INDIANS : MLM Plan Rs. 550
INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૧ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨
૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ **સિલ્વર ડાયરેક્ટર:** ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૫૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ રૂપિયા ૧૦૦/- એમ કુલ ૬૫૦/- ટ્રાન્સફર કરો . ટ્રાન્જેક્સનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે **Market4u**ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.jungegujarat.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :
CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257
(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

તંત્રી સ્થાનેથી...

શિક્ષણ પર ધ્યાન જરૂરી

એકબાજુ ભારતમાં ગુણવત્તાપૂર્ણ શિક્ષણ વ્યવસ્થાની વાત થઇ રહી છે ત્યારે બીજી બાજુ દેશની આશરે ૩૬ ટકા સ્કુલોમાં તો વિજળીના કનેક્શન સુધી નથી. આ બાબત માત્ર ચોંકાવતી જ નથી બલ્કે શરમ પણ અનુભવ કરાવે છે. કેન્દ્ર સરકાર જ્યારે દાવો કરી રહી છે કે દરેક ગામ સુધી વિજળી પહોંચાડી દેવામાં આવી છે. જો દરેક ગામમાં વિજળી પહોંચી ચુકી છે તો સરકારી સ્કુલ આ સુવિધાથી દુર કેમ છે ? માનવ સંશાધન વિકાસ પ્રધાન રમેશ પોખરિયાલે હાલમાં સંસદમાં કહ્યુ હતુ કે દેશમાં આશરે ૩૬ ટકા સ્કુલોમાં વિજળી નથી. તેઓએ એક રિપોર્ટને ટાંકીને આ મુજબની વાત કરી હતી. આ રિપોર્ટમાં પુર્વોત્તર રાજ્યોની સ્થિતીને સૌથી નબળી તરીકે દર્શાવવામાં આવી છે. આસામમાં ૨૪.૨૮ ટકા, મેઘાલયમાં ૨૬.૩૪ ટકા સ્કુલો સુધી વિજળી પહોંચી શકી છે. જો કે સુવિધાની દ્રષ્ટિએ જોવામાં આવે તો મધ્યપ્રદેશમાં પણ સ્કુલોની સ્થિતી વધારે સારી દેખાઇ રહી નથી. મધ્યપ્રદેશમાં ૩૨.૮૫ ટકા સ્કુલોમાં વિજળી કનેક્શન છે. અહીંની સ્થિતીની તુલનામાં રાજસ્થાન અને છત્તિસગઢની સ્થિતી સારી દેખાઇ રહી છે. અલગ રાજ્ય બની ગયા બાદ ૨૦ વર્ષમાં છત્તિસગઢે સ્કુલમાં વિજળી પહોંચાડી દેવા માટે ખુબ શાનદાર કામ કર્યુ છે. છત્તિસગઢમાં ૭૦ ટકા કરતા વધારે સ્કુલોમાં વિજળી કનેક્શન છે અને સ્કુલોમાં રોશની છે. રાજસ્થાનમાં પણ આ સરેરાશ ૬૪.૦૨ ટકાની આસપાસ છે. જો કે સંખ્યાની દ્રષ્ટિએ જોવામાં આવે તો પશ્ચિમી રાજ્યમાં હજુ પણ ૨૫ હજાર સ્કુલો વિજળી સુવિધાથી વંચિત છે. દેશમાં મોટી સંખ્યા એવી સરકારી સ્કુલોની છે જ્યાં મુળભુત સુવિધા રહેલી નથી. આવી સ્કુલોમાં ન પાણી છે અને ન શૌચાલયની સુવિધા રહેલી છે. આવી સ્થિતીમાં સવાલ એ થાય છે કે શુ સરકારી સ્કુલોમાં મુળભુત સુવિધા સ્થાપિત કરવા માટે સરકારો ગંભીર નથી. શુ સરકારો ઇચ્છતી નથી કે તેમની સ્કુલો પણ ખાનગી સ્કુલોની જેમ જ તમામ સુવિધા સાથે સજ્જ બને. તેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અભ્યાસ માટે પહોંચે. બીજા શબ્દોમાં કહેવામાં આવે તો હવે સરકારી સ્કુલો સરકારની પ્રાથમિકતાની યાદીમાં દેખાઇ રહી નથી. આની સામે ખાનગી સ્કુલોની સામે દેશમાં સરકારી સ્કુલોની સંખ્યા ઘટી રહી છે. મધ્યપ્રદેશ જેવા મોટા રાજ્યની સ્થિતી પર નજર કરવામાં આવે તો કેટલીક બાબતો ઉભરીને સપાટી પર આવે છે. દેશમાં સ્કુલોમાં સ્થિતી પર ધ્યાન આપવામાં આવે તો ૩૬ ટકા સ્કુલોમાં વિજળી સુવિધા નથી. માત્ર ૩૨ ટકા સ્કુલોમાં જ વિજળી કનેક્શન રહેલા છે. દેશમાં જે ઝડપથી શિક્ષણ વ્યવસ્થા ખાનગી હાથમાં પહોંચી રહી છે તે ચિંતા ઉપજાવે છે. સારી સરકારી સ્કુલો બનાવીને સામાન્ય વ્યક્તિ માટે ગુણવત્તાપૂર્ણ શિક્ષણ આપવાની બાબતને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવે તે જરૂરી છે. સારી શિક્ષણ વ્યવસ્થા માટે સ્કુલોની અંદર સુવિધા વધારે વધારી દેવાની જરૂર દેખાઇ રહી છે. દિલ્હી સરકારે આ દિશામાં પ્રભાવી પગલા લીધા છે. દેશના સરકારી સ્કુલ સિસ્ટમને સુધારી દેવા માટે મુળભુત સુવિધાને વધારી દેવા પર કામ કરવાની જરૂર દેખાઇ રહી છે.મુળભુત સુવિધા રહેશે તો જ માતાપિતા બાળકોને સ્કુલમાં મુકવા માટે આગળ આવશે.

સારા શિક્ષણ માટે સ્કુલોમાં વધારે શાનદાર માહોલ-સુવિધા સ્થાપિત કરવાની જરૂર છે

પાકિસ્તાન ધર્મના આધાર પર નાગરિકતા પ્રદાન કરે છે ?

નાગરિકતા-લઘુમતિઓની આ સ્થિતી

ભારતીય બંધારણની પ્રસ્તાવનામાં ભારતને સાર્વભૌમિક, સમાજવાદી, ધર્મનિરપેક્ષ, લોકશાહી ગણરાજ્યની સંજ્ઞા આપવામાં આવી છે. સમાજવાદી અને ધર્મનિરપેક્ષ શબ્દ ૧૯૭૬માં લાવવામાં આવેલા ૪૨માં બંધારણીય સુધારા હેઠળ જોડી દેવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે દુનિયાના આશરે ૬૦ ટકા એવા દેશ છે જેમના બંધારણમાં ઇશ્વર શબ્દ ઉમેરી દેવામા આવ્યા છે. જર્મની, બ્રાઝિલ અને આયરલેન્ડ જેવા દેશોના નામ આ યાદીમાં સામેલ કરવામાં આવ્યા છે. પાકિસ્તાની બંધારણની પ્રસ્તાવનામાં કહેવામાં આવ્યુ છે કે અલ્લાહના નામ પર જે મોટા મહેરબાન અને રહમદિલ છે તે બંધારણ પૂર્ણ રીતે અલ્લાહના શાસનને માને છે. તેમાં મુસ્લિમ અને ઇસ્લામ જેવા શબ્દોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ૧૨મી માર્ચ ૧૯૪૯ના દિવસે લિયાકત અલી દ્વારા જયારે આ જોગવાઇને રજૂ કરવામા આવી ત્યારે બંધારણીય સભાના બિન મુસ્લિમ સભ્યો દ્વારા આનો જોરદાર રીતે વિરોધ કરવામાં આવ્યો હતો. શિરિષ ચન્દ્ર ચટ્ટોપાધ્યાયે કહ્યુ હતુ કે રાજ્યમાં ધર્મનુ કોઇસ્થાન નથી. શાસન વ્યવસ્થામાં ધર્મ સિદ્ધાંત ખતરનાક હોય છે. ઇસ્લામિક દેશ હોવા છતા પાકિસ્તાનમાં નાગરિકતા માટે કોઇ ધાર્મિક પરીક્ષણ કરવામા આવતુ નથી. તેના નાગરિક કાનુન ૧૯૫૧માં ઘણુ બધુ ભારતના નાગરિક કાનુનને મળે છે. બલ્કે કેટલાક અંશે વધારે ઉદાર પણ છે. પહેલી જાન્યુઆરી ૧૯૫૨થી પહેલા જે વ્યક્તિ પાકિસ્તાનમાં પહોંચ્યા હતા તે પાકિસ્તાનના નાગરિક તરીકે છે. આ નાગરિક કાનુનના ખંડ -૩ મુજબ દરેક એવી વ્યક્તિને પાકિસ્તાનની નાગરિકતા આપવામાં આવે છે જેના માતાપિતા અથવા તો દાદા દાદી એવા કોઇ પણ સ્થાન પર જન્મી ચુક્યા છે જે ૩૧મી માર્ચ ૧૯૭૩ના દિવસે પાકિસ્તાનમાં સામેલ કરવામા આવ્યા છે. પાકિસ્તાન ૧૩મી એપ્રિલ ૧૯૫૧થી પહેલા પેટાખંડના કોઇ પણ હિસ્સાથી પાકિસ્તાનમાં પહોંચેલા વ્યક્તિને ત્યાંની નાગરિકતા આપે છે. જે વ્યક્તિ સ્થાયી રીતે પાકિસ્તાનમા રહેવા માટે આવ્યા છે તેને નાગરિકતા આપવામાં આવે છે. ભારતમાં આ તારીખ ૧૯મીજુલાઇ ૧૯૪૮ની છે. માત્ર આસામને છોડીને આ સ્થિતી છે. આસામમાં આ તારીખ ૨૫મી માર્ચ ૧૯૭૧ છે. ભારતની જેમ જ પાકિસ્તાની અધિનિયમના ખંડ સાત મુજબ પહેલી માર્ચ ૧૯૪૭ બાદ ભારત પહોંચેલી કોઇ પણ વ્યક્તિ પાકિસ્તાનના નાગરિક તરીકે ગણી શકાય નહીં. માત્ર એક જ સ્થિતીમાં આ બાબત બની શકે છે જયારે બીજી વખત વસી જવા અથવા તો સ્થાયી રીતે વાપસીના ઇરાદાથી પાકિસ્તાન પાછા ફર્યા છે. પાકિસ્તાનના નાગરિકતા કાનુનમાં ખંડ-૪ મુજબ નાગરિકતા કાનુન પાસ થયા બાદ પાકિસ્તાનમાં જન્મેલી દરેક વ્યક્તિ પાકિસ્તાની નાગરિક છે. ભારતના કાનુનમાં ૧૯૮૬માં લાવવામાં આવેલા સુધારા મુજબ માતાપિતા પૈકી એક ભારતીય રહે તે જરૂરી છે. ૨૦૦૩ના અન્ય એક સુધારા મુજબ માતાપિતા બન્ને ના ભારતીય નાગરિતા હોવાની બાબત જરૂરી છે. જો એક નાગરિક છે તો બીજી વ્યક્તિ ગેરકાયદે શરણાર્થી તરીકે રહે તે યોગ્ય નથી. પાકિસ્તાની અધિનિયમના ખંડ ૫ મુજબ પાકિસ્તાની નાગરિકતા પેઢી દર પેઢી ચાલે છે. એટલે કે જન્મથી પાકિસ્તાની નાગરિકોની પેઢીઓ પાકિસ્તાની નાગરિક ગણાશે. જો સંબંધિત વ્યક્તિના જન્મના સમય માતા પિતા અથવા તો કોઇ એક પાકિસ્તાની નાગરિક છે. ભારતની બંધારણ પ્રસ્તાવનાથી વિરુદ્ધમાં પાકિસ્તાનના બંધારની પ્રસ્તાવનામાં કહેવામાં આવ્યુ છે કે લઘુમતિઓને જાહેર રીતે પોતાની ધાર્મિક આસ્થા સંબંધી કાર્યો અને સંસ્કૃતિના પાલનની મંજુરી આપવામાં આવી છે. લઘુમતિ અને પછાત વર્ગના લોકોના કાનુની હિતોના રક્ષણ માટે પુરતા પ્રમાણમાં જોગવાઇ કરવામાં આવે તે જરૂરી છે. ચોક્કસપણે લઘુમતિઓના સંબંધમાં કાનીન હિત પ્રતિબંધિત છે. ભારતની વિરુદ્ધમાં પાકિસ્તાનમાં ધાર્મિક સ્વતંત્રતાના અધિકાર માત્ર પાકિસ્તાની નાગરિકોને મળેલા છે. બીજી બાજુ ભારતમાં વિદેશી સહિત તમામને ધાર્મિક સ્વતંત્રતાના અધિકાર મળેલા છે. એજ કારણ છે કે અહીં વિદેશી મિશનરીઓને ખ્રિસ્તીઓને ફેલાવવાના અધિકાર મળેલા છે. આવી જ રીતે પાકિસ્તાનમાં અભિવ્યક્તિની સ્વતંત્રતામાં પ્રેસની સ્વતંત્રતા પણ સામેલ છે. પરંતુ આ ઇસ્લામની પ્રશંસા માટે છે.



ભારત અને પાકિસ્તાનના બંધારણની પ્રસ્તાવના પર તુલનાત્મક રીતે ધ્યાન આપવામાં આવે તો કેટલીક બાબતો સ્પષ્ટપણે ઉભરીને આવે છે

પૃથ્વી પર કોઇ વ્યક્તિ શરણાર્થી બનવા મજબુર ન બને તે સંકલ્પ લો...

સંકલ્પ પૂર્ણ થાય કોઇ વિકલ્પ ન રહે

નવા વર્ષની એન્ટ્રી થઇ ચુકી છે. વર્ષની શરૂઆતના દિવસો એ હોય છે જ્યારે અમે સંકલ્પોના પહાડ પર પોતાને ઉભેલા નિહાળીએ છીએ. ખાનગી રીતે જોવામાં આવે તો કોઇ વ્યક્તિ તમાકુને છોડી દેવા, કોઇ વ્યક્તિ સવારમાં વહેલી તકે ઉઠી જવા, કોઇ વ્યક્તિ કોઇજગ્યાએ ફરવા જવા માટેના સંકલ્પો કરે છે. કેટલાક લોકો સોશિયલ મિડિયા પર સમયને ઘટાડી દેવાના સંકલ્પો કરે છે. કેટલાક લોકો અભ્યાસમાં વધારે ધ્યાન આપવાના સંકલ્પો કરે છે. વિરોધાભાસની સ્થિતી એ છે કે જ્યારે વર્ષભર અમારી પાસે અંગત સંકલ્પ લેવા અને પાળવા માટેના દિવસ હોય છે ત્યારે અમે સ્વચ્છદ રહીએ છીએ. અંતિમ દિવસે જ કેટલાક કામ કરવાનુ નક્કી કરીએ છીએ. વર્ષની શરૂઆતના કેટલાક દિવસોમાં થોડીક કવાયત કરીને આ વિષય પર ચર્ચા કરવામાં આવે તો કેટલીક બાબતો વધારે સારી બની શકે છે. કેટલાક મુદ્દા તો એવા છે જેમાં સમગ્ર દુનિયાના દેશોને સામેલ કરી શકાય છે. સૌથી સળગતો મુદ્દો તો શરણાર્થીઓનો રહેલો છે. જે માત્ર અમારી સાથે જ નહીં બલ્કે દુનિયના જુદા જુદા દેશો સાથે જોડાયેલો છે. આ વિષય પર ધ્યાન આપવાની જરૂર દેખાઇ રહી છે. લક્ષ્ય સ્પષ્ટ પણ કરી શકાય છે. જેનો ભેદ કરીને અમે આના નિવારણ કરવાની નજીક પહોંચી શકીએ છીએ. આના માટે પહેલા કેટલીક બાબતોને જાણી લેવાની બાબત જરૂરી છે. આંકડા દર્શાવે છે કે સમગ્ર દુનિયામાં ૨૦૧૮ના અંત સુધી સાત કરોડથી વધારે લોકો અન્ય દેશોમાં પહોંચી ગયા હતા. આમાંથી અડધાથી વધારે લોકો તો ૧૮ વર્ષની વયથી ઓછી વયના હતા. ૧૪મી ડિસેમ્બર ૧૯૫૦ના દિવસે એક સંસ્થા સ્થાપિત કરવામાં આવી હતી. જેને સામાન્ય રીતે સંયુક્ત રાષ્ટ્રની શરણાર્થીઓના કલ્યાણ માટે કામ કરતી સંસ્થાના નામથી ઓળખવામાં આવે છે. આપવામાં આવેલી ત્રણ વર્ષની અવધિ બાદ પણ તે કામ કરી રહી છે. તેના આંકડા મુજબ દુનિયાભરના શરણાર્થીઆમાં ૫૭ ટકા સિરિયા, દક્ષિણી સુડાન અને અફઘાન લોકો છે. યજમાન દેશ અથવા તો શરણ આપનાર દેશોની યાદીમાં તુર્કી, જર્મની, સુડાન અને યુગાન્ડા જેવા દેશો છે. ચોંકાવનાર બાબત એ છે કે અમીર દેશોની અપેક્ષા તેમની સંખ્યા ગરીબ અને વિકાસશીલ દેશોમાં વધારે છે. સામાન્ય રીતે તો પેલેસ્ટિયનો શરણાર્થીઓ માટે એક સંસ્થા ૧૯૪૯માં સ્થાપિત કરી લેવામાં આવી હતી. દુનિયાના ખુબ ઓછા દેશ એવા રહેલા છે જ્યાં બીજા દેશોના શરણાર્થીઓ પહોંચ્યા નથી. અમેરિકા જેવા દેશમાં આવા લોકોની સંખ્યા ૧૦ લાખ કરતા વધારે છે. શ્રીલંકા જેવા નાના દેશમાં આ સંખ્યા ૨૫ હજાર જેટલી રહેલી છે. તેના કરતા કેટલાક મોટા દેશ ગણાતા મેડાગાસ્કરમાં માત્ર ૧૫૦ જેટલા લોકો છે. આઇસલેન્ડ જેવા દેશમાં ૧૦૦૦ જેટલા લોકો શરણ માટે રહેલા છે. અમે પોતાની સળગતી સમસ્યા તરફ આવીએ તો સત્તાવાર રીતે શરણાર્થીઓની સંખ્યા પુછતા પહેલા અમને તે સંખ્યા તરફ જોવાની જરૂર છે વિભાજન બાદ અહીંથી જતી રહી હતી. આ સમસ્યાના મુખ્ય કારણ તરીકે યુદ્ધ, કુદરતી આફતો અને ગરીબી જેવી બાબતો જોડાયેલી છે. ૨૦૨૦માં દુનિયાના દેશોને પ્રથમ સંકલ્પ તરીકે આ બાબતને નક્કી કરવી જોઇએ કે પૃથ્વી પર કોઇ વ્યક્તિ શરણાર્થી બનવા માટે મજબુર બને નહીં. જે ભુ ભાગમાં અમે જન્મ લઇ ચુક્યા છીએ અમારા દાદા દાદી જન્મ્યા હતા. આ લોકોએ ખુબ મહેનત કરીને જમીનને ઉપજાઉ બનાવી હતી. તેને કોણ છોડવા માંગે છે. જેથી આવી સ્થિતી સામે લડવાની જરૂર છે જે સ્થિતીમાં વ્યક્તિ શરણાર્થી બની જવા મજબુર બને છે. આ લડાઇ સામુહિકની સાથે સાથે અંગત રહે તે પણ જરૂરી છે. કુદરતી પ્રકોપ પણ કેટલાક કેસોમાં પલાયન કરવા માટે મજબુર કરે છે. તેના પર તો કોઇનુ નિયંત્રણ હોતુ નથી. એકબીજાની મદદ કરીને જ આવી સમસ્યા સામે લડી શકાય છે. પારસ્પિરક યુદ્ધ, ધાર્મિક કટ્ટરતાને રોકવા માટે લડત ચલાવવામાં આવે તે જરૂરી છે. વર્ષ ૨૦૨૦માં અન્ય એક સંકલ્પ એ છે કે એકબીજાના સન્માનની સુરક્ષા કરવા માટે છે. કોઇને વધારે માન ન આપો પરંતુ કોઇના માનને આંચકી લેવાના પ્રયાસો તો ક્યારેય કરવા જોઇએ નહીં. ખેતીમાં રસાયણના પ્રયોગની સાથે સાથે અન્ય ખાવાપીવાનીચીજો પર ધ્યાન આપવાની જરૂર દેખાઇ રહી છે. ખાવા પિવાની ચીજોમા હાનિકારક તત્વોનો આડેધડ પ્રયોગ થઇ રહ્યો છે.



વર્ષ ૨૦૧૮ના અંત સુધી સાત કરોડથી વધારે લોકો વિવિધ કારણોથી અન્ય દેશોમાં પહોંચી ચુક્યા : અડધાથી વય તો ૧૮ વર્ષ કરતા ઓછી છે

માતા-પિતાએ બીજા બાળકો સાથે પોતાના બાળકની તુલના ના કરવી જોઇએ

દરેક માતાપિતા માટે જરૂરી છે કે એટલે પોતાના બાળકને તુલના કોઇ બીજા સાથે ના કરે. એવું ન વિચારો કે આપણું બાળક બીજા બાળક જેવું ન હોવું જોઇએ. દરેક માતાપિતાએ કેટલીક મહત્વપૂર્ણ બાબતોની કાળજી લેવી જોઇએ વિશ્વની દરેક વ્યક્તિ જુદી જુદી હોય છે. આ પૃથ્વીની દરેક વસ્તુ, દરેક ગંધ, દરેક આકાર, ફૂલ, છોડ, ઝાડ, પ્રાણી અને અન્ય દરેક વસ્તુ પોતાનામાં અલગ છે. સિંહ જે કરી શકે છે તે ગાય કરી શકતી નથી અને ગાય જે કરે છે તે સિંહ પાસેથી અપેક્ષા રાખી શકાય નહીં. જરૂરી નથી કે વિમાન ઉડાડનાર વ્યક્તિ જરૂરી ખૂબ જ સારી બસ ચલાવી શકે અને બસ ચલાવનાર વ્યક્તિ કલેક્ટર તરીકે કામ કરી શકે.

ખરેખર વિજ્ઞાનના નિયમો અનુસાર આ વિશ્વમાં દરેક જીવંત અને નિર્જીવ વ્યક્તિ તેની પોતાની વિશિષ્ટ સુવિધા સાથે અહીં હાજર છે. જો તમે તમારી આજુબાજુની દુનિયાને ધ્યાનમાં લીધી હોય તો પછી તમે જોયું હશે કે તમારી પાસેના દરેક વ્યક્તિનો ચહેરો, હાથ અને પગ અલગ છે અને આખું વ્યક્તિત્વ પણ અલગ છે. આ સમગ્ર બ્રહ્માંડની દરેક વસ્તુ એક જેવી નથી અથવા તે સ્થિર નથી.

આનાથી વિપરીત અહીંની દરેક વસ્તુ પરીવર્તનશીલ અને અલગ છે. પ્રત્યેક પ્રતિભા, દરેક કુશળતા, દરેક ગુણવત્તા પોતે જ દરેક વ્યક્તિને બીજાથી જુદી બનાવે છે. પરંતુ આ નાની અને શાશ્વત વસ્તુને સમજ્યા વિના દરેક વ્યક્તિ બીજાને અને ત્રીજા કરતા ઉંચા જ માને છે, પણ પોતાને ગૌણ ગણાવે છે.

આ ફક્ત વૃદ્ધ લોકો વિશે જ નથી, પરંતુ ઘણાં માતાપિતા તેમના બાળકો સાથે આ કરે છે. દરેક માતાપિતા માટે તેમના બાળકોની તુલના બીજા કોઇ બાળક સાથે ન કરવી તે મહત્વપૂર્ણ છે. એવું ન વિચારો કે આપણું બાળક બીજા બાળક જેવું હોવું જોઇએ. દરેક માતાપિતાએ કેટલીક મહત્વપૂર્ણ બાબતોનું ધ્યાન રાખવું જોઇએ જેથી જો તે તેના બાળકની તુલના અન્ય બાળકો સાથે કરતા હોય તો તેને ટાળે.

બાળકોના અભ્યાસની તુલના બીજા બાળકો સાથે ના કરો. શાળાના શિક્ષક દ્વારા તેમની માર્કશીટ, તેમના વિષયો અને અન્ય શાળાકીય પ્રવૃત્તિઓનો વિવેકપૂર્ણ રીતે ડિસ્કસ કરી શકાય છે. પરંતુ જો શિક્ષક પણ તમારા બાળકની તુલના અન્ય બાળક સાથે કરે છે તો તેમને આપ અટકાવો. જો તમે શિક્ષક છો તો તમે આવી ભૂલ ના કરશો.

બાળકની શક્તિને ઓળખો અને તેને નિખારો. ભૂલોને જણાવો અને તેમને સુધારવાનો પ્રયાસ કરો. વારંવારની ભૂલોને લીધે ટોકો નહીં. આ કરવાથી તેમનો આત્મવિશ્વાસ તૂટી જાય છે અને તમારા પ્રતિ તેમના મનમાં નકારાત્મકતા ભરાય છે.

અતિથિઓની સામે બાળકોને કોઇપણ પ્રકારની પ્રવૃત્તિ કરવા દબાણ ન કરો. જો તેને આ કામ તેના મન થી કરવાનું પસંદ છે, તો પછી તેનો આત્મવિશ્વાસ વધારશો. પરંતુ તેને દસ લોકોની સામે બોલાવો નહીં અને કોઇ પ્રકારની કામગીરીની અપેક્ષા કરો નહીં અથવા તમારી અપેક્ષાઓનું વજન તેના પર ન નાખો. બાળકના અભ્યાસની ખામીને ફક્ત બાળકોનો અભાવ ના ગણો. આપણી જ શિક્ષણ પ્રણાલીમાં ઘણી સમસ્યાઓ છે, આવી સ્થિતિમાં નિર્દોષ અને માસૂમ બાળકો વ્યર્થ તાણનો ભોગ બને છે.

ફક્ત તમારા મોબાઇલ-ટીવી પર ધ્યાન કેન્દ્રિત ન કરો. તમારે ઓફિસથી આવીને બાળકોને સમય આપવો પડશે. તેની સાથે રમવા માટે સમય શોધવાની જરૂર છે. જો તમે મોબાઇલ જોવો પણ છો, તો પછી તેને યુ ટ્યુબ માંથી અથવા અન્ય સ્ત્રોતથી વિડિઓઝમાં સારી વસ્તુઓ કહો. સુંદર વાર્તાઓ, તેમને તમારી સંસ્કૃતિથી સંબંધિત વસ્તુઓનો પરિચય આપો.

આખો દિવસ ઘરે રહેતી માતાએ તેના બાળક સાથે વાત કરવી મહત્વપૂર્ણ છે. તેને કુટુંબ, સંબંધીઓ અને અન્ય વસ્તુઓ વિશે કહો. કામ કરતી વખતે તેને તમારા કાર્યમાં સામેલ કરો. શાકભાજી ખરીદવા, ઘરે કપડા ધોવા, રસોઇ કરવી અને તેનો આત્મવિશ્વાસ વધારવા જેવી નાની અને મોટી બાબતોમાં તેનો સકારાત્મક સમર્થન લો. ધ્યાનમાં રાખો કે તમારું બાળક ન તો દરેક કાર્યમાં સંપૂર્ણ થઈ શકે છે અથવા તમે તેને દરેક કાર્યોમાં નકામો પણ ના સમજો. બાળક ભગવાન દ્વારા તમને આપવામાં આવેલ એક કિંમતી ઉપહાર છે.

બાળકો ન તો કોઈ મોલ માં કે ન કોઈ ઓનલાઈન શોપિંગ સાઈટમાંથી તમને મળશે, તેમને એટલું જ ખીજાવું જેટલું જરૂરી હોય. અપેક્ષાઓ બાળકની ક્ષમતા જેટલી જ હોવી જોઈએ. માતાપિતા તરીકે તમારે ઘરનું સારું, સંસ્કૃતિક વાતાવરણ બનાવવાનું જોઈએ. તમારી નબળાઈ તેના ભવિષ્યને દાવ પર લગાવી શકે છે.

યુવક પોતે વર્જિન હોવાનો દાવો કરતો હોય તો શું એ સાચો હોઈ શકે?

સવાલ : લગ્નની ઉંમર થઈ છે અને મારા માટે છોકરા જોવાનું ચાલુ છે. મારો પરિવાર થોડો ઑર્થોડોક્સ રહ્યો છે એને કારણે કૉલેજમાં હતી ત્યારે મારી મમ્મી મને બધા જ પ્રકારનાં લફરાંથી દૂર રહેવાની સલાહ આપતી હતી. હું પણ ઘણેઅંશે એમાં સફળ રહી છું. મારી બીજી ફ્રેન્ડ્સને બબ્બે અને ત્રણ બૉયફ્રેન્ડ્સ આવ્યા અને ગયા, પણ મેં મારી જાતને એમાં પડતી અટકાવી. એ જ કારણસર મારી ઈમેજ મણિબહેનની પડી ગઈ. લોકો મને ભાવખાઉ કહેતા અને પછી તો છોકરાઓ પણ મને અવૉઇડ કરતા. પહેલા વર્ષમાં જે રીતે છોકરાઓ મારી સાથે દોસ્તી કરવા માગતા હતા એ મને બહુ ગમતું હતું, પણ છેલ્લા વર્ષ સુધીમાં મારી ઈમેજ ઘણી બદલાઈ ગયેલી અને હું બહુ સ્ટુડિયસ અને સિન્સિયર સ્ટુડન્ટ્સમાં ગણાવા લાગી. એ વખતે પણ મારી ઉંમરના લોકો જે છૂટથી એકબીજા સાથે ફિઝિકલ સંબંધ રાખતા હતા એ જોતાં મને સવાલ થતો હતો કે શું ખરેખર લગ્નની ઉંમરે કોઈ વર્જિન હશે ખરું? આજે જ્યારે હું અરેન્જ્ડ મૅરેજ માટે છોકરા જોઉં છું ત્યારે પણ મને એ જ સવાલ મનમાં આવે છે. મને પસંદ આવેલા ત્રણ છોકરાઓને મેં બિન્ધાસ્ત પૂછી લીધું હતું કે તેમને આ પહેલાં કેટલો અનુભવ છે? જે છોકરો મને ખૂબ ગમ્યો હતો તેના જવાબે મને અંદરથી તોડી નાખી. તેણે મને મોઢે કહી દીધું કે હું આ બાબતમાં અનુભવી છું અને મને બે ગર્લફ્રેન્ડ આ પહેલાં રહી ચૂકી છે. જ્યારે બાકીના બે બહુ સિમ્પલ અને કદી છોકરી સામે જોયું નથી એવો દાવો કરે છે તો કોની વાત સાચી હોઈ શકે?

જવાબ : બહુ ટૂંકમાં જવાબ આપું તો એકેયની નહીં. એનું કારણ એ કે આ સવાલનો ૧૦૦ ટકા પ્રામાણિક જવાબ મળે એવી સંભાવના ઓછી હોય છે. જીવનસાથીની પસંદગી કરતી વખતે સામેવાળી વ્યક્તિનો પાસ્ટ મહત્ત્વનો હોય છે એની ના નહીં, પરંતુ તેમના પાસ્ટને જ તમે આજ માનીને એના પર ભવિષ્યના મિનારા ચણી ન શકો. કેમ કે બાળપણ, કિશોરાવસ્થા કે જુવાનીમાં વ્યક્તિ જેકોઈ પણ સમય, સંજોગો કે અનુભવોમાંથી પસાર થઈ હોય છે એમાંથી તે કંઈક શીખતી હોય છે. ખરાબમાં ખરાબ અનુભવમાંથી બહાર આવેલી વ્યક્તિ પણ ખૂબ સારી હોઈ શકે અને બહુ સારું બૅકગ્રાઉન્ડ ધરાવતી વ્યક્તિ પણ હકીકતમાં એટલું મજબૂત વ્યક્તિત્વ ન ધરાવતી હોય એવું બણ બની શકે છે.

ખાસ કરીને આજના સમયે વર્જિનિટીના મુદ્દાને જો તમે તમારા જીવનસાથીની પસંદગીના મુખ્ય પરિમાણ તરીકે વાપરતા હો તો એ ઠીક નથી. વર્જિનિટી સ્ત્રીની હોય કે પુરુષની, એ બહુ જ તકલાદી અને પોકળ વાત છે. એકવીસ વાર બીજે સંબંધ માણ્યા પછી પણ કોઈ પુરુષ વર્જિન હોવાનો દાવો કરશે તો તમે શું કરી શકવાનાં છો? શું વર્જિન પુરુષ સાથે લગ્ન થશે તો જ તમારું લગ્નજીવન સારું રહેશે એવું તમે માનો છો? તો એ તમારી ભૂલ છે. તમને રિસ્પેક્ટ કરતો હોય, તમને પ્રેમ કરતો હોય, તમારી સાથે તમારા સુખે સુખી અને તમારા દુખે દુખી થવા તૈયાર હોય એવી વ્યક્તિ સાથે જ્યારે તમે પણ એના જેવી જ લાગણીઓની ઇન્ટેન્સિટી ધરાવતાં હો ત્યારે જ લગ્નજીવન સફળ બને છે. બીજા કોઈ સાથે સંબંધ ભૂતકાળમાં રાખ્યો હોય કે ન રાખ્યો હોય, આજે વર્તમાનમાં તે કેવો છે એ વધુ મહત્ત્વનું છે. એનું કારણ એ છે કે શારીરિક આવેગો જીવનભર એકસરખા નથી હોતા.

ડૉગી પોઝિશનમાં સેક્સ કરવાથી વધુ ઝડપથી ઉત્તેજના આવી શકે છે. શું આ પોઝિશન સેફ છે?

સવાલ : મારી ઉંમર ૩૩ વર્ષ છે અને અંગત જીવનમાં હું અને મારી પત્ની બહુ એક્સપરિમેન્ટિવ નથી. એમ છતાં એકંદરે ઠીકઠાક સેક્સલાઇફ છે. મોનોટોનીને કારણે હમણાંથી મને ઉત્તેજના પછી ચરમસીમા પર પહોંચતા વાર લાગતી હતી. ખાસ્સી એવી વાર પછી મને સ્ખલન થાય છે. મને ઇચ્છા થાય એ પછી ઇન્દ્રિયમાં કડકપણું આવવામાં જરાય તકલીફ નથી, પરંતુ સ્ખલન ખૂબ લંબાયેલું હોય છે. જાણે મને સેક્સની ઉત્તેજનાનો એટલો અનુભવ નથી થતો જેટલો પહેલાં થતો હતો. મારા એક અનુભવી મિત્રનું કહેવું છે કે પાછળથી યોનિપ્રવેશ કરવાની ડૉગી પોઝિશનથી ચરમસીમા જલદી અનુભવાશે. મેં પ્રયોગ પણ કરી જોયો તો સાચે જ પહેલાં કરતાં વધુ ઝડપથી ઉત્તેજના આવી અને ચરમસીમા પણ અનુભવાઈ. આનું શું કારણ હોઈ શકે? ડૉગી જેવી પશુતા આવવાને કારણે એમ થતું હશે? શું આ પોઝિશન સેફ છે? વાઇફને એમાં મજા નથી આવતી.

જવાબ : યસ, આ સેફ પોઝિશન છે અને એમાં કોઈ ચિંતા કરવા જેવું નથી. એવું જોવા મળ્યું છે કે પુરુષ પાછળથી યોનિમાર્ગમાં સમાગમ કરતો હોય ત્યારે તેની ઉત્તેજના અનેકગણી વધી જાય છે. અલબત્ત, તેનામાં પશુતા તો નથી આવતી, પરંતુ એમાં તે કોઈ જ છોછ વિના સેક્સની ઉત્તેજનાનો અહેસાસ કરી શકે છે. જો કોઈ વ્યક્તિ સમાગમ વખતે ચરમસીમા પર ન પહોંચતી હોય એટલે કે ઇન્દ્રિયના ઉત્થાન વખતે ઇન્દ્રિયમાં તાકાત બરાબર હોય, પણ સમાગમ વખતે ઉત્તેજના પરાકાષ્ઠા પર ન પહોંચતી હોય તો તે ડૉગી પોઝિશનમાં સમાગમ કરે તો તેની કામેચ્છામાં નોંધનીય વધારો થઈ જાય છે અને તે ચરમસીમા (સ્ખલન અવસ્થા) પર સહેલાઈથી પહોંચી શકે છે.

માણસ જ એક એવું પ્રાણી છે જેમાં સમાગમ કરતી વખતે બન્ને પાત્રોનાં મોં સામસામે હોય છે. બાકી દુનિયાનાં બધાં પ્રાણીઓ સમાગમ કરે છે ત્યારે તેમનાં મોં સામસામે નહીં, પણ આગળ-પાછળ હોય છે. માનવો સેક્સ માણવા માટે કરે છે, માત્ર સંતાનપ્રાપ્તિ માટે નહીં. સ્ત્રીઓને સેક્સ દરમ્યાન પાર્ટનરના ચહેરા પર વ્યક્ત થતી લાગણીઓ અને હૃદયની ઊર્મિઓને નિહાળવાનું ગમતું હોવાથી કદાચ આ પોઝિશનમાં તેમને બહુ સંતોષ નથી મળતો.

પહેલી જ વારના સેક્સમાં પ્રેગ્નન્સી રહી જાય એવા ચાન્સ કેટલા? યોગ્ય માર્ગદર્શન આપો

સવાલ: અઢી મહિના પછી મારાં લગ્ન થવાનાં છે અને અમે બન્ને હજી વર્જિન છીએ. હા, હું ક્યારેક હસ્તમૈથુન કરું છું અને એમાં પર્ફોર્મન્સ સારો હોય છે. બે મૂંઝવણ છે. એક તો વાળને લઈને. મારા પ્રાઇવેટ પાર્ટ્સમાં વાળનો ગ્રોથ ખૂબ વધારે છે. એટલે સુધી કે મારી ઇન્દ્રિયના બેઝ પર પણ વાળ ઊગ્યા છે, રેઝરથી કાઢું છું તો વધુ ઊગી જાય છે. શું એનાથી પેનિટ્રેશન દરમ્યાન તકલીફ થાય? વાળ યોનિમાર્ગમાં જાય તો પત્નીને કંઈ તકલીફ થાય? બીજું, ફર્સ્ટ નાઇટના સમાગમમાં કૉન્ડોમ ન પહેરીએ તો ચાલે? પહેલી જ વારના સેક્સમાં પ્રેગ્નન્સી રહી જાય એવા ચાન્સ કેટલા? મારી ઇચ્છા છે કે શરૂઆતમાં અમે નૅચરલ સમાગમ માણીએ. જોકે મારે ત્રણ-ચાર વર્ષ સુધી બાળકની લપમાં પણ નથી પડવું એટલે કંઈક સેફ રસ્તો બતાવો.

જવાબ: પહેલી વાત વાળની કરીએ. પ્રાઇવેટ પાર્ટ્સના પ્રોટેક્શન માટે સ્ત્રી અને પુરુષ બન્નેને એ ભાગમાં વાળ ઊગે છે. એને રાખવા કે કાપી અથવા કાઢીને ટ્રિમ કરીને રાખવા એ દરેક વ્યક્તિની અંગત પસંદગીની વાત છે. ઇન્દ્રિયના બેઝ પર થોડા વાળ ઊગ્યા હોય એ પણ નૉર્મલ છે. સમાગમ દરમ્યાન યોનિમાર્ગમાં ઇન્દ્રિયનો આગળનો ભાગ જ અંદર પ્રવેશે છે. એટલે યોનિમાર્ગમાં તમારા પ્રાઇવેટ પાર્ટ્સના વાળ અંદર જતા રહે એની શક્યતા નથી. પ્રાથમિકતા એ છે કે બન્ને વ્યક્તિઓ પોતાનાં જનનાંગોની સ્વચ્છતા બાબતે પૂરતાં સભાન હોય. દિવસમાં બે વાર પાણીથી બરાબર ફૉરસ્કિન પાછળ કરીને સફાઈ કરવી જરૂરી છે. અંદર પસીનો કે ઇન્ફેક્શન ન થાય એ માટે કૉટનની અન્ડરવેઅર પહેરવી. સમયાંતરે વાળ કાપીકૂપીને ટ્રિમ કરતા રહેશો તો એ ભાગ સ્વચ્છ પણ રહેશે. સમાગમ પહેલી વાર હોય કે પચાસમી વાર, પ્રેગ્નન્સી રહેવાની શક્યતા વધતી-ઓછી નથી હોતી. પહેલી નાઇટ છે એટલે પ્રેગ્નન્સી નહીં રહે એવું ધારીને કૉન્ડોમ નહીં વાપરો તો પછીથી ચિંતામાં મુકાવું પડી શકે. બીજું, સમાગમમાં નૅચરલ કે અનનૅચરલ જેવું કંઈ નથી હોતું. કૉન્ડોમ સૌથી સેફ છે અને જો એ ન જ વાપરવું હોય તો પત્નીને લગ્નના અઠવાડિયા પહેલાંથી ઓરલ કૉન્ટ્રાસેપ્ટિવ પિલ્સ લેવાનું કહી દેવું જોઈએ.

હમણાંથી સમાગમ દરમ્યાન ઝડપી સ્ખલન થઈ જાય છે શું કરવું જોઈએ?

સવાલ : લગ્નનાં ઘણાં વર્ષો બાદ બાળકનો જન્મ થયો છે અને જીવન બાકી બીજી બધી જ રીતે સુખી છે. જોકે જાતીય જીવનમાં તકલીફ સર્જાવાનું શરૂ થયું છે. હમણાંથી સમાગમ દરમ્યાન ઝડપી સ્ખલન થઈ જાય છે. પેનિટ્રેશન કર્યા પછી ત્રણથી ચાર મિનિટમાં જ સ્ખલન થઈ જાય છે. અત્યાર સુધી ઘણો લાંબો સમય સમાગમ ચાલતો હતો. બાળકના જન્મ પછી પત્ની ખૂબ થાકેલી હોય છે એટલે તેને પણ જાતીય જીવનમાં બહુ રસ નથી પડતો. તેને ખબર નથી પડતી કે મારું સ્ખલન વહેલું થઈ રહ્યું છે, પણ મને પહેલાંની સરખામણીએ ઘણી વહેલી ચરમસીમા આવતી હોવાનું લાગે છે. મારા ફ્રેન્ડ તો એક ગોળી લે છે અને તેનો સમાગમ બમણો લાંબો થઈ શકે છે. કેટલાકનું કહેવું છે કે પોઝિશનમાં બદલાવ કરવાથી કે ખાસ કસરત કરવાથી ફાયદો થાય. બેમાંથી કયો ઑપ્શન સારો? હવે તો હું સમાગમ કરતાં પહેલાં જ અલર્ટ થઈ જાઉં છું, પણ ખબર નહીં કેમ વહેલું વીર્ય નીકળી જાય છે. મને બીજી કોઈ તકલીફ નથી ત્યારે કસરત, પોઝિશન કે દવા શું કરવું જોઈએ?

જવાબ : શીઘ્રસ્ખલન થતું હોય તો પણ એની ચિંતા કરવાથી વાત વધુ વણસે છે. એક વાર મનમાં ચિંતા પેસી જાય કે વહેલું થઈ જશે તો? બસ, પછી એ વ્યાકુળતાને કારણે તમને વારંવાર વહેલું સ્ખલન થવા માંડે. કુદરતનો નિયમ છે કે ચિંતા અને આનંદ બે એકસાથે નથી રહી શકતાં.

પોઝિશનની વાત કરીએ તો મેલ સુપીરિયર પોઝિશનની સરખામણીએ ફીમેલ સુપીરિયર પોઝિશનમાં સમાગમ કરવાથી સ્ખલન લંબાય છે. જો તમે હંમેશાં ઉપરની પોઝિશનમાં રહેતા હો તો એ ચેન્જ કરી જુઓ. સ્ખલન પરનો કન્ટ્રોલ વધારવા માટે તમે સ્ટૉપ ઍન્ડ સ્ટાર્ટ ટેક્નિક વાપરી શકો. હસ્તમૈથુન કરતી વખતે જ્યારે તમને લાગે કે હવે સ્ખલન થશે એની એક-બે ક્ષણ પહેલાં જ હાથની મૂવમેન્ટ અટકાવી દેવી. એમ કરવાથી સ્ખલન અટકશે.

અડધી-એક મિનિટ પછી ફરીથી હસ્તમૈથુન કરીને સ્ખલન કરવું. બાકી કોઈ અનુભવી યોગશિક્ષક પાસેથી અશ્વિની અને વજ્રાલી મુદ્રા કરતાં શીખી શકો છો. એમાં પેલ્વિક સ્નાયુઓનું સંકોચન અને રિલૅક્સેશન કરવાનું હોય છે. ડેપોક્સિટિન નામની દવા શીઘ્રસ્ખલનમાં અસરકારક છે જે સમાગમના એક-બે કલાક પહેલાં લેવાની હોય છે.

સમાગમ પત્યા પછી ઈન્દ્રિયની ત્વચામાં ઘર્ષણની બળતરા થાય છે. કોઈ ગુપ્ત રોગ થયો હશે?

સવાલ : હું ૪૮ વર્ષનો પરિણીત પુરુષ છું. મારી સમસ્યા એ છે કે મને સંભોગ કર્યા પછી ઈન્દ્રિયની ત્વચામાં બળતરા થાય છે, ચામડી ફાટી જાય છે અને ખૂબ જ ખંજવાળ આવે છે. બે દિવસ પછી એની પરથી સફેદ સૂકી ચામડી જેવાં પોપડાં નીકળે છે. આવું આઠ-દસ દિવસ સુધી ચાલે છે અને પછી આપમેળે સારું થઈ જાય છે. હસ્તમૈથુન કરું ત્યારે કેવાય જેલી વાપરું છું જેથી ઘર્ષણ ન થાય. પત્ની સાથે સંભોગ કરું છું ત્યારે જેલીનો વપરાશ નથી કરતો કેમ કે શરૂઆતમાં ઘર્ષણ નથી લાગતું, પરંતુ સમાગમ પત્યા પછી ઘર્ષણની બળતરા થાય છે. મારી વાઇફને પણ આવી જ રીતે ખણજ આવ્યા કરે છે. શું અમને બન્નેને કોઈ ગુપ્ત રોગ થયો હશે? હસ્તમૈથુન કર્યા પછી આવું નથી થતું. યોગ્ય દવા અને માર્ગદર્શન આપવા વિનંતી.

જવાબ : સૌથી પહેલાં તો તમારું શુગર ચેક કરાવી લો. ભૂખ્યા પેટે અને જમ્યા પછી બે કલાકે લોહીનું પરીક્ષણ કરાવી લો. બીજું, તમારી પત્નીને ચળ આવવાની સાથે યોનિમાર્ગમાંથી સફેદ પાણી જાય છે? કે પછી યોનિમાર્ગની આજુબાજુમાં ખંજવાળ આવે છે? અન્ડરવેઅર પર સફેદ કે પીળા સ્ત્રાવના ડાઘા પડે છે? જો આમાંથી કોઈ પણ વસ્તુ થતી હોય તો એમ સમજવું કે તમારી પત્નીનું ફંગલ ઇન્ફેક્શન તમારી સમસ્યાનું કારણ છે. આના ઇલાજ માટે તમારી પત્નીને યોનિમાર્ગમાં મૂકવાની યોગ્ય ગોળી આપવી જોઈએ. વજાઇનલ ટૅબ્લેટ્સ. છ દિવસ સુધી રોજ રાત્રે સૂતી વખતે આ ગોળી યોનિમાર્ગમાં મૂકવી જોઈએ. તમને પણ ખંજવાળ આવતી હોય તો કૅન્ડિડ-બી નામનો મલમ સવારે નાહીને લગાવવો. બે-ત્રણ દિવસમાં રાહત થઈ જશે. રાહત થઈ ગયા પછી પણ પાંચ-છ દિવસ સુધી મલમ લગાવવાનું રાખજો. આ સારવાર દરમ્યાન સંબંધ ન રાખવો. જેથી જડમૂળથી ઇન્ફેક્શન નાબૂદ થાય અને વચગાળાના સમયમાં ઇન્ફેક્શનની આપ-લે ન થાય.

સંબંધ દરમ્યાન ઘર્ષણ ઓછું કરવા માટે ફોર-પ્લેમાં વધુ સમય ગાળવો. જો યોગ્ય ચીકણાહટ ઉત્પન્ન ન થતી હોય તો કોપરેલનું તેલ સારીએવી માત્રામાં લગાડ્યા પછી જ યોનિપ્રવેશ કરાવવો. આમ કરવાથી ઘર્ષણ ઘટી જશે. જો તમારી સમસ્યા ઘર્ષણના કારણે સર્જાતી હશે તો આ ઉપાયથી ઘણો ફાયદો થશે.

મને વજન વધી જવાને કારણે ઉત્તેજનામાં તકલીફ પડે છે

સવાલ : મારી ઉંમર ૪૪ વર્ષ છે અને મને વજન વધી જવાને કારણે ઉત્તેજનામાં તકલીફ પડે છે. ડૉક્ટર કહે છે કે મને કૉલેસ્ટરોલ ખૂબ વધી ગયું છે અને વજન પણ વધારે છે. તેમણે કૉલેસ્ટરોલ-લેવલ ઓછું કરવાની સલાહ આપી છે. મારા દોસ્તોનું કહેવું છે કે વધુ વાર સમાગમ કરવાથી વજન પણ ઘટે છે અને કૉલેસ્ટરોલ પણ. મારી વાઇફ પણ કહે છે કે સમાગમ પણ એક પ્રકારની કસરત જ છે અને એનાથી શરીરની ચરબી ઊતરે છે. શું અઠવાડિયામાં બે વારને બદલે રોજ સમાગમ કરવાથી ફાયદો થશે? જોકે ઉત્તેજનામાં આવતી તકલીફનું શું કરવાનું?

જવાબ : કૉલેસ્ટરોલ અને ડાયાબિટીઝ એ બન્ને લાઇફસ્ટાઇલ ડિસીઝ છે જેને સાચી જીવનશૈલીથી જ કન્ટ્રોલમાં રાખવાનો પ્રયત્ન કરવો જરૂરી છે. તમારું કૉલેસ્ટરોલ વધવાનું કારણ શું છે એ શોધવું જોઈએ. ડાયાબિટીઝ, હાઇપોથાઇરૉઇડની બીમારી કે લિવર બરાબર કામ ન કરતું હોય તોય કૉલેસ્ટરોલ વધે છે. શરીરને જરાય એક્સરસાઇઝ ન આપતા હો અને ખાવા પીવામાં કાળજી રખાતી ન હોય તોય કૉલેસ્ટરોલ વધે છે. જો આ કારણ શોધીને એનો ઉકેલ ન લાવવામાં આવે તો તમે ગમેએટલી વાર સમાગમ કરશો, કૉલેસ્ટરોલ ઘટાડી નહીં શકો. કૉલેસ્ટરોલ ઓછું કરવા માટે નિયમિત કસરત જરૂરી છે. એ માટે રોજ ઓછામાં ઓછું પોણો કલાક ચાલવું જોઈએ. ઘી-તેલ, તળેલી વસ્તુઓ, ચીઝ, ક્રીમ, મેંદો અને મેંદામાંથી બનતી વાનગીઓ ખાવાનું ઓછું કરવું. આ બે કૉલેસ્ટરોલ ઘટાડવાના સચોટ અને ઉત્તમ ઉપાય છે. જો ડાયાબિટીઝ કન્ટ્રોલમાં ન હોય તો કૉલેસ્ટરોલનું પ્રમાણ વધી શકે છે. લિવર બરાબર ફંક્શન ન કરતું હોય તોય કૉલેસ્ટરોલ વધી શકે. વ્યક્તિ એક વખત સમાગમ કરે ત્યારે એમાં જેટલી કૅલરી બળે એટલી કૅલરી હૅન્ગિંગ ગાર્ડનમાં ત્રણ-ચાર રાઉન્ડ મારતાં બળતી હોય છે. આમ કૉલેસ્ટરોલ ઘટાડવા માટે એકને બદલે બે વાર સમાગમ કરવાથી બહુ ફરક પડી જાય એવી શક્યતા ઘણી ઓછી છે.

આયુર્વેદમાં લીલી હળદર અને ગૂગળ જેવા પદાર્થોનું સેવન કરવાનું કહેવાયું છે. આનું સેવન આંતરિક (કૉલેસ્ટરોલ અને ટ્રાઇગ્લિસરાઇડ) અને બાહ્ય ચરબી ઓછી કરવા માટે મદદરૂપ થાય છે.

જ્યારે પણ હું ફિઝિકલ ઈન્ટરકોર્સ કરું એ પછીથી મને ભયંકર માથું દુખવા લાગે છે

સવાલ : હું ૩૧ વર્ષનો છું અને મારાં લગ્ન થવાનાં છે અને હું અત્યારે વિચિત્ર કશમકશમાં છું. મને એક તરફ સાંસારિક જીવન તરફ વળવાની ઇચ્છા નથી, પરંતુ માત્ર ફિઝિકલ જરૂરિયાતોને ખાળી શકતો ન હોવાથી હું દ્વિધા અનુભવું છું. મારી વિચિત્ર સમસ્યાને કારણે લગ્ન કરવાનોય ડર લાગે છે. ઘણાં વર્ષો સુધી મેં લગ્ન ટાળ્યાં હતાં પણ હવે પરિવારજનોની મરજી આગળ મારું કશું ચાલે એમ નથી. મને ફિઝિકલ ઇચ્છાઓ ખૂબ તીવ્રપણે થતી હોવાથી હું અનૈતિક કામમાં પડી ગયો છું. લગ્ન વિના મારી ગર્લફ્રેન્ડ સાથે હું ફિઝિકલી ઍક્ટિવ છું. હવે સમસ્યા એ છે કે જ્યારે પણ હું ફિઝિકલ ઈન્ટરકોર્સ કરું એ પછીથી મને ભયંકર માથું દુખવા લાગે છે. બાકી મને ક્યારેય માથું દુખતું નથી. ભૂખ્યો હોઉં, ખૂબ થાક્યો હોઉં કે પૂરતી ઊંઘ ન થઈ હોય તો પણ કદી માથું નથી દુખતું. પેઇનકિલર લઉં પછી જ ફરક પડે. એમ છતાં મને ફરીથી જાતીય ઇચ્છા જાગે જ છે. મને સમજાતું નથી કે આ કેવું છે?

જવાબ : તમારી સમસ્યા ખરેખર પજવનારી છે, પણ આવું સાવ જ અનકૉમન નથી. સમાગમ કર્યા પછી ઘણા લોકો માથું દુખવાની ફરિયાદ કરે છે. એને પોસ્ટ-કોઐટલ હેડેક કહે છે. એમાં વ્યક્તિ ચરમસીમાએ પહોંચે છે એ પછી તરત જ માથું ભારે લાગવા લાગે અને દુખાવો થાય છે. જો એવું હોય તો તમે પેઇનકિલર લો છો એ ચાલી જાય. મને એવું લાગે છે કે તમે એક તરફ ફિઝિકલ ઇચ્છાઓની તીવ્રતા અને બીજી તરફ સંસાર તરફ વળવાની અનિચ્છા એ બન્ને વચ્ચે ઝોલાં ખાઈ રહ્યા હોવાથી આ અસમંજસ છે. તમે જે કરી રહ્યા છો એ ખોટું અથવા તો ગંદું છે એવું માનો છો? વ્યક્તિ જાતીય સંતોષ મેળવ્યા પછી તેણે કંઈક ખોટું કર્યું છે એવી લાગણી અનુભવતી હોય ત્યારે પણ આવું થઈ શકે છે. જો આવી કોઈ માન્યતાઓ ધરાવતા હો તો એ દૂર કરવી જરૂરી છે. જો એવું ન હોય તો કોઈ ભ્રમણામાં ન રહેતાં એક વાર કોઈ સારા ન્યુરોલૉજિસ્ટને બતાવીને જરૂર પડે તો મગજનું સ્કૅનિંગ કરાવી લેવું હિતાવહ છે. એના આધારે તમારું યોગ્ય નિદાન અને સારવાર કરવાની દિશા મળશે.

ડેટિંગ ઍપ પરથી પસંદ કરેલી છોકરી મને છોડી ગઈ. મારે એમાં શું કરવું?

સવાલ : મારી જિંદગીમાં એક અજીબ વળાંક આવ્યો છે. મને ખબર નથી કે મારે એમાં શું કરવું. કૉલેજમાં હતો ત્યારે છોકરીઓને બહુ તુચ્છતાથી ટ્રીટ કરતો. એક જ સમયે ત્રણ-ત્રણ છોકરીઓ સાથે મારું અફેર ચાલતું હોય એવા દિવસો પણ હતા. કહેવાની જરૂર નથી કે એમાંથી એકેય છોકરીઓ અત્યારે મારી સાથે નથી. મારી ઉંમર ૩૧ વર્ષ છે અને અત્યારે હું સિંગલ છું. ડેટિંગ ઍપ પરથી સાથીની તલાશમાં છું, પણ ઍપ થકી જેટલી પણ છોકરીઓને મળું છું એમાં મૅચિંગ થાય એમ લાગતું નથી. હું ૧૬ છોકરીઓને મળ્યો છું અને દરેક સાથે ત્રણ-ચાર ડેટ પછી વાત અટકી પડી છે. મને હવે જાણે જીવનસાથીમાં શું જોઈએ છે એ વિશે જ સ્પષ્ટતા નથી થતી. બે મહિના પહેલાં હું મારાથી એક વર્ષ મોટી છોકરીને ડેટિંગ ઍપ પર મળ્યો. તેની સાથે પહેલાં તો ખાસ્સો સમય ચૅટિંગ ચાલ્યું. એ પછી મળ્યાં. ત્રીજી વાર મળ્યાં ત્યાં સુધીમાં અમે એટલાં ક્લોઝ આવી ગયેલાં કે અમે ફિઝિકલી પણ આગળ વધી ગયાં. મને લાગતું હતું કે આની સાથે જ મારો સંસાર મંડાય તો લાઇફ બની જાય. જોકે અમે ફિઝિકલી આગળ વધ્યાં એ પછીથી તેના તરફનો રિસ્પૉન્સ ઘટવા લાગ્યો. છેલ્લા થોડા દિવસથી તો તેનો નંબર જ બંધ આવે છે અને ઍપ પરથી તેણે પોતાનો પ્રોફાઇલ પણ ડિલીટ કરી નાખ્યો છે. મારે એમાં શું સમજવું? હું ખરેખર તેને પ્રેમ કરવા લાગ્યો છું અને તે હવે કૉન્ટૅક્ટેબલ નથી રહી. મને લાગે છે કે મેં છોકરીઓ સાથે જે ખરાબ વ્યવહાર કર્યો છે એનો જ બદલો મને મળી રહ્યો છે. મારે કોઈ પણ હિસાબે તેને પાછી મેળવવી છે. મારી કઈ વાતે તેને તકલીફ પડી એની સ્પષ્ટતા તો તે કરે. હું તેના માટે મારી તમામ ભૂલોને સુધારવા તૈયાર છું. સમસ્યા એ છે કે તે મને કનેક્ટ કરે તો આ બધી વાત કરી શકું. ત્યાં સુધી હું એકલો-એકલો પાગલ થઈ જઈશ. શું કરું?

જવાબ : જ્યારે કોઈકને માટે કૂણી લાગણી પ્રગટે, પ્રેમની લાગણીઓ ફૂલેફાલે અને પછીથી કોઈ જ કમ્યુનિકેશન વિના છૂટાં પડવાની વાત આવે ત્યારે ચોક્કસપણે દુઃખ થાય. જોકે તમે નાહકનું તમારા ભૂતકાળ સાથે અત્યારની સિચુએશનને જોડી રહ્યા છો. હા, જ્યારે આપણને તરછોડાયાની ફીલિંગ અનુભવાય ત્યારે જ સમજાય કે કોઈકને એમ જ તરછોડી દેવા અથવા તો મોજમસ્તી માટે સંબંધ રાખીને છોડી દેવા એટલે શું કહેવાય. એ રીતે જોઈએ તો હા, આ ઘટના કદાચ તમને સબક શીખવવા માટે જ તમારા જીવનમાં ઘટી છે.

તમને છોડી ગયેલી છોકરી માટે તમને દુઃખ થાય છે, પણ હવે એ દુખને રોયા કરવાનો પણ કોઈ મતલબ નથી. કેમ કે ડેટિંગ ઍપ થકી સાથીની પસંદગી કરવી એ ખોટું નથી, પરંતુ જો તમે એમાં માત્ર ડેટિંગ, સેક્સ અને જસ્ટ ઉપરછલ્લી કૉમ્પેટિબિલિટીને જ ચકાસ્યા કરતા હો તો તમારી જીવનસંગિનીની શોધ બહુ અઘરી બની જશે.

બારડોલી તાલુકાના વાઘેચા ગામમાં સેવાસેતુ કાર્યક્રમ યોજાયો

અરજીઓનું ઘર આંગણે નિરાકરણ થતાં ગ્રામજનો ખુબ જ આનંદિત

સુરત

સરકારી દસ્તાવેજો, યોજનાઓને લગતા કામોને લઈને પ્રજાજનોને મુશ્કેલી ન પડે અને તેમના કામોનું નિરાકરણ લોકોના ઘરઆંગણે જ થાય તે માટે રાજ્ય સરકારે અમલમાં મૂકેલા સેવા સેતુ કાર્યક્રમ અંતર્ગત બારડોલી જિલ્લાના વાઘેચા ગામમાં આશ્રમ શાળા ખાતે સેવા સેતુ યોજાયો હતો. જેમાં વ્યકિતલક્ષી યોજનાઓ-પ્રશ્નો-અરજીઓનું ઘરઆંગણે નિરાકરણ થતાં ગ્રામજનો ખુબ જ આનંદિત થયા હતા.

આ કાર્યક્રમમાં કડોદ ગામના વ્યવસાયે ખેડૂત એવા ૪૨ વર્ષીય લાભાર્થી વિનોદભાઈ બાબુભાઈ મોમિયા પોતાના પરિવાર માટે વાત્સલ્ય કાર્ડ બનાવવા માટે આવ્યા હતા. વિનોદભાઈએ જણાવ્યું કે, જ્યારે મને જાણકારી મળી કે વાઘેચા ગામ ખાતે સેવા સેતુ થવા જઈ રહ્યો છે, જેથી તમામ આધારપૂરાવા લઈને મારા પરિવાર સાથે અહી આવ્યો છું. અહી મને ફોર્મ ભરવાથી લઈને જરૂરી માહિતીઓ પૂરી પાડવામાં આવી હતી, ૧૦ મિનિટમાં ફોર્મ જમા કરાવીને નિયત સમયમાં કાર્ડ મળી શકશે. સેવા સેતુમાં દસ્તાવેજનું કોઈ પણ કામ સરળતાથી થઈ જાય છે. જેથી સેવાસેતુ કાર્યક્રમ કરવા બદલ હું સરકારનો ખૂબ જ આભારી છુ. સરકાર અમારા ગામમાં આવીને સેવા સેતુ દ્વારા કામો કરશે એવું વિચાર્યું ન હતું એમ તેઓ જણાવે છે. સેવાસેતુમાં કડોદ ગામના ગામિત ફળીયામાં રહેતા ૩૦ વર્ષીય લાભાર્થી અનિલભાઈ ઠાકોરભાઈ રાઠોડ પોતાના ૭૫ વર્ષીય પ્રજ્ઞાચક્ષુ સાસુ જલીબેનનું આધાર કાર્ડ બનાવવા માટે આવ્યા હતા. તેમણે જણાવ્યું કે, હું મજુરી કામ કરુ છું. મારા સાસુને વિધવા સહાય પેન્શન પોજનાનો લાભ મળે તે માટે તેમનું આધાર કાર્ડ જરૂરી હતુ. પરંતુ તેઓ અંધ હોવાથી તેમનું આધાર કાર્ડ બનાવવા માટે ખૂબ જ સમસ્યા થતી હતી. મને ગામમાં રહેતા મિત્ર પાસેથી જાણકારી મળી કે વાઘેચા ગામમાં સેવાસેતુ યોજાવાનો છે. તેથી હું મારા સાસુને લઈને કાર્યક્રમમાં પહોંચ્યો. અહી મને યોગ્ય માર્ગદર્શન મળ્યુ અને તે માટે જરૂરી ફોર્મ પણ અહિંથી જ ભરી આપવામાં આવ્યું. સરકારી કામ માટે વારંવાર ધક્કા ખાવા પડે છે એવી માન્યતા છે, પરંતુ અહી મારું કામ ૩૦ મિનિટમાં જ પૂર્ણ થયું છે. હવે મારા સાસુને સ્પીડ પોસ્ટમાં આધાર કાર્ડ મળી જશે. મારી સરકારને નમ્ર અપીલ છે કે આ પ્રકારના સેવાસેતુ વધુને વધુ થવા જોઈએ જેથી પ્રજાના સરકારી કામો સરળતાથી થતા રહે એમ તેમણે કહ્યું હતું.

વાઘેચા ગામના સેવાસેતુમાં આવક, જાતિના દાખલાઓ, રાશન કાર્ડને લગતી અરજીઓ, આધારકાર્ડને લગતી અરજીઓ, વિધવા સહાય અને નિરાધાર વૃદ્ધ સહાય યોજના, કૃષિ, પશુપાલન, મા અમૃતમ-વાત્સલ્ય કાર્ડ, પંચાયતની વિવિધ યોજનાઓના વ્યકિતલક્ષી લાભાર્થીઓની કુલ ૮૪૦ અરજીઓનો સ્થળ પર નિકાલ કરવામાં આવ્યો હતો.

ઝાડ પર ફાંસીએ લટકી રત્ન કલાકારનો આપઘાત

સુરત

ગોથાણ દેલાડ નવસારી રોડ ઉપર લીમડા ઝાડ સાથે સાલ બાંધી રત્ન કલાકારે આપઘાત કર્યો હતો.

ઓલપાડ પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ ઓલપાડના સ્યાદલા ગામ પવિત્ર સોસાયટીમાં રહેતા રત્ન કલાકાર ત્રિનાથ પુરસોત્તમ પરિડા (ઉ.વ.૫૫) છેલ્લા એક મહિનાથી બેકાર હતો અને કામ મળતુ નહતુ જેથી ટેનશનમાં આવી જઈ ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. ઓલપાડ પોલીસે અકસ્માત મોતની નોંધ કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

બાઈક પર આવેલા ત્રણ ઈસમો દ્વારા સળીયાથી હુમલો

સુરત

વરાછા પટેલનગર સોસાયટી નવા મોહલ્લા ખાતે નજીવી બાબતે ઝઘડો કરી મોટરસાઈકલ પર આવેલા ત્રણ અજાણ્યા ઈસમોએ એક યુવક પર સળીયા વડે હુમલો કરી ફરાર થઈ ગયા હોવાનો બનાવ પોલીસ મથકમાં નોંધાતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

મૂળ બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના વતની અને હાલમાં એ.કે. રોડ દેવજીનગર ખાતે રહેતા પિન્ટુ ભાટી પોતાની મોટર સાયકલ પર જતા હતા. ત્યારે પાછળથી મોટર સાઈકલ પર આવેલા ત્રણ અજાણ્યા ઈસમોએ તેમને કહ્યું હતું કે, ઈધર ક્યું ખડા હૈ ? એમ જણાવી ગાળા ગાળી કરી લોખંડના સળીયા વડે હુમલો કરી શરીરના ભાગે ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયા હતા. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

વલસાડ જિલ્લા સંકલન સમિતિની બેઠક તા.૧૮મી જાન્યુઆરીએ મળશે

વલસાડ

વલસાડ જિલ્લા સંકલન-વ-ફરિયાદ સમિતિની માહે જાન્યુધઆરી-૨૦૨૦ માસની માસિક સમીક્ષા બેઠક, તા.૧૮/૦૧/૨૦૨૦ના રોજ નવી કલેક્ટીર કચેરી, વલસાડના સભાખંડમાં મળશે. બપોરે ૧૧-૦૦ કલાકે ભાગ-૧ અને ૧૨-૦૦ કલાકે ભાગ-૨ની મળનારી આ બેઠકમાં જિલ્લા કચેરીઓના વડા અધિકારીઓને સ્વનયં, પૂરતી વિગતો સાથે ઉપસ્થિ ત રહેવા અને બેઠકની માહિતી નિયત નમૂનામાં તાત્કાઅલિક રૂબરૂમાં મોકલી આપવા નિવાસી અધિક કલેક્ટ ૨, વલસાડ દ્વારા જણાવાયું છે.

વલસાડ જિલ્લા સંકલન સમિતિની બેઠક તા.૧૮મી જાન્યુઆરીએ મળશે

વલસાડ

વલસાડ જિલ્લા સંકલન-વ-ફરિયાદ સમિતિની માહે જાન્યુધઆરી-૨૦૨૦ માસની માસિક સમીક્ષા બેઠક, તા.૧૮/૦૧/૨૦૨૦ના રોજ નવી કલેક્ટીર કચેરી, વલસાડના સભાખંડમાં મળશે. બપોરે ૧૧-૦૦ કલાકે ભાગ-૧ અને ૧૨-૦૦ કલાકે ભાગ-૨ની મળનારી આ બેઠકમાં જિલ્લા કચેરીઓના વડા અધિકારીઓને સ્વનયં, પૂરતી વિગતો સાથે ઉપસ્થિ ત રહેવા અને બેઠકની માહિતી નિયત નમૂનામાં તાત્કાઅલિક રૂબરૂમાં મોકલી આપવા નિવાસી અધિક કલેક્ટ ૨, વલસાડ દ્વારા જણાવાયું છે.

ધરમપુરની બી.આર. ઈન્ટરનેશનલ સ્કૂલનો વાર્ષિકોત્સવ યોજાયો

વલસાડ

વલસાડ જિલ્લાના ધરમપુર ખાતેની બી.આર.ઈન્ટરનેશનલ સ્કૂલનો વાર્ષિકોત્સવ 'સત્યમેવ જયતે' થીમ ઉપર યોજાયો હતો.

આ અવસરે ધરમપુર નગરપાલિકા પ્રમુખ જયદિપસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, વાર્ષિકોત્સ્વ જેવા કાર્યક્રમોમાં બાળકો સ્ટેજ ઉપર પોતાની કૃતિ પ્રસ્તુત કરે છે, ત્યારે તેની હિંમત વધે છે અને આગળ વધવાની પ્રેરણા મળે છે. બાળકો સારું ભણે તે માટે શિક્ષકોની સાથે માતા-પિતાની જવાબદારી પણ એટલી જ બને છે, તેમ તેમણે વધુમાં જણાવ્યું હતું. બાળકોનું અંગ્રેજી વિષય ઉપર પ્રભુત્વ વધે તે માટે સતત પ્રયત્નશીલ રહેતી આ શાળાના શિક્ષકો અભિનંદનને પાત્ર છે.

આ અવસરે વિવિધ ક્ષેત્રો અગ્રેસર તેમજ તેજસ્વી વિદ્યાર્થીઓને મહાનુભાવોના હસ્તે મેડલ તથા પ્રમાણપત્રા આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

શાળાના બાળકોએ રજૂ કરેલા રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમને સૌએ મનભરીને માણ્યો હતો.

આ અવસરે ખારવેલના સરપંચ રેખાબેન પટેલ, આચાર્ય જગજીતસિંહ, મેનેજર પુખરાજ, ફિલ્મ્ કલાકાર યજુવેન્દર પ્રતાપસિંગ, ફિલ્મ પ્રોડયુસર અભિષેક શેટ્ટી, વિનોદ અગ્રવાલ, શાળા પરિવાર, બાળકોના માતા-પિતા, શાળાના બાળકો હાજર રહયા હતા.

જાન્યુઆરી ૨૦૧૯ના ફરિયાદ નિવારણ કાર્યક્રમ માટે તા.૧૦મી સુધીમાં અરજીઓ મોકલી આપવી

તા.૨૨ મીએ તાલુકા અને તા.૨૩ મીએ જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાશે

વલસાડ

રાજયમાં નાગરિકોના ગ્રામ કે તાલુકા કક્ષાના પ્રશ્નો/ફરિયાદો અસરકારક અને ન્યાયિક રીતે હલ થાય તે માટે રાજય સરકાર દ્વારા જિલ્લા અને તાલુકા સ્વાગત કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં ગ્રામજનોએ પોતાના પડતર પ્રશ્નો અને રજૂઆત અંગેની અરજીઓ ''મારી અરજી તાલુકા સ્વાગતમાં લેવી'' તેવા મથાળા હેઠળ તા. ૧૦મી જાન્યુ આરી-૨૦૨૦ સુધીમાં સંબંધિત ગામના તલાટી કમ મંત્રીને સંબોધીને મોકલી આપવાની રહેશે.

આ અરજીઓ પૈકી તાલુકા કક્ષાએથી નિકાલ કરવાની થતી હોય તે તાલુકા સ્વાગત કાર્યક્રમમાં અને જે અરજીઓ જિલ્લા કક્ષાએથી નિકાલ કરવાની થતી હશે તે જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં નિકાલ કરવામાં આવશે. તાલુકા સ્વાગત કાર્યક્રમ તા.૨૨મી જાન્યુઆરી-૨૦૨૦ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે સંબંધિત તાલુકા મામલતદાર કચેરી ખાતે, જ્યારે જિલ્લા સ્વાગત કાર્યક્રમ તા.૨૩મી જાન્યુઆરી-૨૦૨૦ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે કલેક્ટર કચેરી, વલસાડના સભાખંડ ખાતે યોજવામાં આવશે. આ કાર્યક્રમમાં હાજર રહેવા માટે સંબંધિત અરજદારને અગાઉથી જાણ કરવામાં આવશે. તેઓએ તાલુકા કે જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં હાજર રહી રજૂઆત કરવાની રહેશે.

આ કાર્યક્રમમાં કોર્ટ કેસ, સબ જ્યુડીશીયલ બાબતો, માહિતી અધિકાર હેઠળની અરજીઓ, સેવાકીય બાબતો, કોઈ ખાતાની નિમણુંકની બાબતો, અરજદારની સહી વગરની અરજીઓનો સમાવેશ કરવામાં આવશે નહીં. સ્વાગત કાર્યક્રમમાં અરજદાર દ્વારા બે થી વધુ પ્રશ્નો રજૂ કરી શકશે નહીં, તેમ નિવાસી અધિક કલેકટર, વલસાડ દ્વારા એક યાદીમાં જણાવાયું છે.

વલસાડ ખાતે વારલી કલા મહોત્સવ ઉજવાયો

વારલી કલાનું પ્રદર્શન આદિવાસી સમાજ માટે ગર્વની વાત છે-આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી રમણભાઈ પાટકર

એક જ સ્થળે એક સાથે ૨૧૦૯ આદિવાસી વિદ્યાર્થીઓએ વારલી પેઈન્ટિંગ બનાવી ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ પ્રસ્થાપિત કર્યો

વલસાડ

વારલી એક આદિવાસી જાતિ છે જે મુખ્યત્વે ગુજરાત અને મહારાષ્ટ્રની સરહદ ઉપર વસવાટ કરે છે. તેમની જીવન શૈલી સાદી, સરળ તથા કલા અને સંગીત સંસ્કૃતિથી ભરપુર છે. વારલી ચિત્રકલા આદિજાતિ સમાજના ચિત્રકારો દ્વારા કરવામાં આવતી એક વિશિષ્ટ પ્રકારની કલા છે. આ કલા લુપ્ત ના થાય તથા સમાજનો બહોળો વર્ગ આ કલાથી પરિચિત થાય તથા વારલી કલા માટે જાગૃતિ આવે, તેમજ આદિજાતિ વિદ્યાર્થીઓને વારલી ચિત્ર બનાવવા પ્રોત્સાહન મળે તે હેતુથી લક્ષ્ય ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વારલી કલા મહોત્સવ આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રી રમણલાલ પાટકરના અધ્યક્ષસ્થાને સૌરાષ્ટ્ર કડવા પાટીદાર સેવા સમાજ, ધરમપુર ચાર રસ્તા વલસાડ ખાતે યોજાયો હતો.

આ મહોત્સવમાં એક જ સ્થળે એક સાથે ૨૧૦૯ આદિવાસી વિદ્યાર્થીઓએ વારલી પેઈન્ટિંગ બનાવી ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડમાં સ્થાન મેળવી વલસાડ જિલ્લાનું નામ સમગ્ર વિશ્વમાં ગુંજતું કર્યું હતું. આ મહોત્સવમાં વલસાડ અને તાપી જિલ્લાની વિવિધ ૧૩ જેટલી સરકારી શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. દરેક બાળકોએ તેમને આપેલા મટીરીયલ ઉપર પોતાની વારલી પેઈન્ટિંગની કલાને પ્રદર્શિત કરી હતી. આ પેઈન્ટિ ગ માટે કીચેઈન, પેન સ્ટેન્ડી, મોબાઈલ સ્ટેન્ડ, ટેબલ ક્લોક, કી સ્ટેન્ડ, વોલક્લોક, એમડીએફ ટ્રે, થ્રી-પીસ ફ્રેમ, ડાઈનિંગ ટેબલ મેટ, ન્યૂઝ પેપર સ્ટે ન્ડો, વુડન સ્પૂન, ફોટોફ્રેમ, વોલ માઉન્ટ ફ્રેમ, ગીફ્ટ કાર્ડ વગેરે છ હજાર કરતાં વધુ વસ્તુઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. મહોત્સવમાં ભાગ લીધેલી શાળાના પ્રતિનિધિઓને મંત્રીશ્રી અને મહાનુભવોના હસ્તે સર્ટીફીકેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે આદિજાતિ વિકાસ રાજ્યેમંત્રી રમણલાલ પાટકરે મહોત્સવમાં ભાગ લેનારા તમામ વિદ્યાર્થીઓને શુભકામના પાઠવી લક્ષ્ય ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વારલી કલાને પ્રોત્સાહન આપવા માટે કરેલા પ્રયાસોને બિરદાવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, વારલી કલાનું પ્રદર્શન આદિવાસી સમાજ માટે ગર્વની વાત છે. દક્ષિણ ગુજરાતમાં મોટા ભાગની વસતિ આદિવાસી સમાજની છે. આજે નવો રેકોર્ડ સ્થાપી વારલી કલાને ઈન્ડિયા લેવલે સન્માન મળતા આનંદની લાગણી અનુભવતાં તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વારલી કલા દ્વારા આદિવાસીઓ પોતાની જીવન શૈલી, સંસ્કૃતિ, ધર્મ, તહેવારો, કુદરતી દ્રશ્ય અને ભૌગોલિક વિવિધતા દર્શાવતા હોય છે. આદિવાસીઓ વર્ષોથી પેઈન્ટિંગ, વાંસની બનાવટ, ભરતકામ, માટીની બનાવટ જેવી વિવિધ કલા સાથે સંકળાયેલા છે. આજના સમયમાં તેઓને પોતાની કલા દ્વારા પ્રસિધ્ધિની સાથે રોજગારી મળી રહી છે.

આ અવસરે વલસાડ ધારાસભ્ય ભરતભાઈ પટેલે આદિવાસીઓના ઉત્થાન માટે અને તેમના આર્થિક ઉપાર્જન મળી રહે તેવી સેવાકીય પ્રવૃતિ દ્વારા ટ્રસ્ટો દ્વારા કલા મહોત્સવના આયોજન બદલ અભિનંદન પાઠવ્યા હતા.

ધરમપુર ધારાસભ્ય અરવિંદભાઈ પટેલે મોટી સંખ્યામાં હાજર રહી રેકોર્ડ સ્થાપવા ભાગીદાર બનવા માટે આદિવાસી વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યો હતા.

પારડી ધારાસભ્ય કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, વારલી પ્રજા કલાપ્રેમી, શાંતિપ્રિય અને સ્નેહપ્રિય છે. વારલી કલા આખા વિશ્વમાં પ્રસિધ્ધ છે.

આ અવસરે લક્ષ્ય ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ ભરતસિંહ ચુડાસમા દ્વારા ટ્રસ્ટી દ્વારા કરવામાં આવતી આદિવાસીઓના વિકાસને લગતી વિવિધ પ્રવૃતિઓ વિશે જાણકારી આપવામાં આવી હતી.

ટીચકપુરા-વ્યારા શાળાની વિદ્યાર્થીઓએ સ્વાગત ગીત રજૂ કર્યું હતું.

આ અવસરે ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડના પ્રતિનિધિ ડૉ.વિનોદકુમાર સિંહ, બાળ વિકાસ સમિતિના અધ્યક્ષ સોનલબેન સોલંકી, અગ્રણી મહેશભાઈ ભટ્ટ, કાંતિભાઈ વાછાણી, નિલેશભાઈ વાછાણી, પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ પ્રવિણભાઈ ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઉન્નતિ દેસાઈ અને ભરતભાઈ પટેલે જ્યારે આભારવિધિ લક્ષ ચેરીટેબલ ટ્રસ્ટીના રીનાબેન વાછાણીએ કરી હતી.

વલસાડ જિલ્લામાં તાલુકાકક્ષાએ બાળ સુરક્ષા અંગે જનજાગૃતિ વર્કશોપ યોજાશે

વલસાડ જિલ્લામાં બાળ સુરક્ષા સંદર્ભે લોકોમાં જાણ થાય તેમજ બાળકો ઉપર થતા અત્યાચારોને રોકી શકાય તે હેતુસર જિલ્લા બાળ સુરક્ષા એકમ દ્વારા તાલુકા કક્ષાના વર્કશોપ યોજવાનું આયોજન કરાયું છે. વલસાડ જિલ્લા બાળ સુરક્ષા એકમ દ્વારા કરાયેલા આયોજન અનુસાર તા.૬/૧/૨૦૨૦ના રોજ સવારે ૯-૦૦ કલાકે શિક્ષણ તાલીમ ભવન-કપરાડા, તા.૭/૧/૨૦૨૦ના રોજ સવારે ૯-૦૦ કલાકે ગ્રામ પંચાયત હોલ-સંજાણ, તા.૮/૧/૨૦૨૦ના રોજ સવારે ૯-૦૦ કલાકે જી.આઈ.ડી.સી. પ્રાથમિક શાળાના હોલ-વાપી, તા.૯/૧/૨૦૨૦ના રોજ સવારે ૯-૦૦ કલાકે તાલુકા પંચાયત સભાખંડ-ધરમપુર તેમજ તા.૧૦/૧/૨૦૨૦ના રોજ સવારે ૯-૦૦ કલાકે રાજીવગાધી હોલ-વલસાડ ખાતે તાલુકા કક્ષાના વર્કશોપ યોજાશે. આ વર્કશોપમાં સંબંધિત તાલુકાની આશાવર્કરો તેમજ નર્સ બહેનોને હાજર રહેવા જણાવાયું છે.

તાપી જિલ્લામાં ચાઈનીઝ તુક્કલ/દોરી/ફાનસ વેચવા પર પ્રતિબંધ ફરમાવાયો

વ્યારા

આગામી તા.૧૪/૦૧/૨૦૨૦ ના રોજ ઉત્તરાયણનો તહેવાર તેમજ અન્ય તહેવારો દરમિયાન સ્કાયલેન્ટર્સ (ચાઈનીઝ તુક્કલ/ફાનસ) ઉડાડતા હોઈ આવા સ્કાયલેન્ટર્સ હવામાં પવન સાથે ઉંચે ઉડાન કર્યા બાદ ગમે તે જગ્યાએ જેવા કે મકાનો, ઍપાર્ટમેન્ટ, વીજ થાંભલાઓ, ખેતરો કે જંગલોમાં પડી શકે છે અને તેમાં રહેલી આગને કારણે ગમે તે જગ્યાએ આગ-અકસ્માત કે ગંભીર હોનારતો સર્જાવાની પુરેપુરી સંભાવના રહેલી છે. જેને અનુલક્ષીને અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ બી.બી. વહોનીયાએ સમગ્ર તાપી જિલ્લાના હદ વિસ્તારમાં સ્કાયલેન્ટર્સ (ચાઈનીઝ તુક્કલ/ફાનસ) વેચાણ કરવા કે ઉડાડવા પર તેમજ પતંગ ચગાવવાના દોરી ચાઈનીઝ માંઝા/નાયલોન પ્લાસ્ટીક દોરી, કાચ પાયેલી તથા અન્ય હાનિકારક પદાર્થોથી કોટીગ કરેલી દોરી, સિન્થેટીક માંઝા, સિન્થેટીક પદાર્થથી કોટીગ કરેલા હોય અને બાયોડિગ્રેડેબલ હોય તે દોરી/ચાઈનીઝ માઝા વેચવા પર તા.૨૫.૦૧.૨૦૨૦ સુધી પ્રતિબંધ ફરમાવ્યો છે.આ હુકમનો ભંગ કરનાર વ્યકિત સજાને પાત્ર થશે.

કાળનો કોળિયો ન બની જવાય એટલા માટે ટ્રાફિકના નિયમોની જાગૃતિ જરૂરી

૧૧ જાન્યુઆરી થી ૧૭ જાન્યુઆરી વચ્ચે માર્ગ સલામતી સપ્તાહ ઉજવાશે

અમદાવાદ

ગુજરાત સહિત સમગ્ર દેશમાં માર્ગ સલામતી અંગે વધુ જાગૃતતા આવે તે હેતુથી દર વર્ષની જેમ આ વર્ષે પણ આગામી ૧૧ જાન્યુઆરી થી ૧૭ જાન્યુઆરી ૨૦૨૦ દરમિયાન '૩૧ મું માર્ગ સલામતી સપ્તાહ' યોજવાનું કેન્દ્રના માર્ગ વાહન વ્યવહાર મંત્રાલય દ્વારા નક્કી કરવામાં આવ્યું છે.

આ માર્ગ સલામતી સપ્તાહ દરમિયાન નાગરિકો અને વાહન ચાલકોમાં જાગૃતિ લાવવા માટે યોજાનાર વિવિધ કાર્યક્રમોમાં કેન્દ્ર અને રાજ્ય સરકાર પોલીસ, તબીબો, શાળાઓ, કોલેજો, સ્વૈચ્છિક સંસ્થાઓ, ઉદ્યોગો, વિશ્વ આરોગ્ય સંસ્થા-ડબલ્યુ.એચ.ઓ., વિશ્વ બેંક તેમજ એશિયન ડેવલપમન્ટ બેંક જેવી સંસ્થાઓ જોડાશે. માર્ગમાં અસલામતી દાખવવાથી કાળનો કોળિયો બની જવાય એ પહેલાં દરેક ચાલકે જાગૃત થવાની આવશ્યકતા સમજાવાશે.

આ અઠવાડિયામાં વોકાથોન, ટ્રાફિકના નિયમો તોડનારને ગુલાબ આપી સમજાવવા, મહિલાઓ દ્વારા વિવિધ વાહન રેલી, ઔદ્યોગિક વસાહતો, ટોલ પ્લાઝા ઉપર વાહન ચાલકો માટે મેડિકલ કેમ્પ, રોડ સેફટી મેસ્કોટ, રોડ અકસ્માત અંગે વર્લ્ડ બેંક દ્વારા આંકડા રજૂ કરવા, વર્લ્ડ બેંક સાથે મળીને નેશનલ હાઈવે મેનેજમેન્ટ સિસ્ટમ લોન્ચ કરવી, માર્ગ સલામતી ક્ષેત્રે શ્રેષ્ઠ દેખાવ કરનાર રાજ્યને એવોર્ડથી સન્માનીત કરાશે.

આ ઉપરાંત વાહનમાં નવી ટેકનોલોજી ઉપર સેમિનાર, ઓટોમોબાઈલ ૨૦૨૩નો ગ્લોબલ સ્ટાન્ડર્સ મુજબ પરિસંવાદ, મોટર વાહન વીમા અંગે વિવિધ વર્કશોપ, લૉ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ દ્વારા વાહનોના કાયદા અંગે પ્રેઝન્ટેશન, નેશનલ રોડ સેફટી કાઉન્સિલ અને ટ્રાન્સપોર્ટ ડેવલપમેન્ટ કાઉન્સિલ તેમજ માર્ગ સલામતીમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર રાજય સચિવશ્રીઓ સાથે બેઠક, સીમ્પોઝિયમ ઓફ સેફર રોડ તેમજ સપ્તાહ દરમિયાન ૫૦૦ જેટલી કોલેજો-શાળાના વિદ્યાથીઓ દ્વારા માર્ગ સલામતીનો પ્રચાર, અકસ્માત બાદ પ્રાથમિક સારવાર, સ્થાનિક શહેરોમાં એફ.એમ. અને ટ્વીટર દ્વારા માર્ગ સલામતી અંગે જાગૃતિ લાવવા જેવા વિવિધ કાર્યક્રમો યોજીને ગુજરાત સહિત દેશભરમાં માર્ગ અકસ્માતો ઘટાડવાના વધુ પ્રયાસો કરવામાં આવશે.

સુરત ટેક્ષટાઈલ માર્કેટની જમીન બજાર ભાવ વસુલી ૩૯ વર્ષના પટ્ટે ફાળવો

નિયમ મુજબ ૫૦ વર્ષ માટે ફાલણી ગેરકાયદે

સુરત

સુરત ટેક્ષટાઈલ માર્કેટના માસિક સાધારણ સભાના ઠરાવ મુજબ ૫૦ વર્ષ માટે થયેલ ફાળવણી રદ કરી ગુજરાત સરકારના ડીસ્પોઝલ ઓફ લેન્ડ અધર પ્રોપર્ટીઝના રે ગ્યુ લે શ ન-૨૦૨ ની જોગવાઈ મુજબ ૨૯ કે ૩૯ વર્ષ માટે ફાળવણી કરવા બાબત. કોંગ્રેસ કોર્પોરેટર અસલમ સાયકલ વાલાએ મ્યુનિ. કમિશ્નર સમક્ષ કરેલી રજૂઆતમાં જણાવ્યું છે કે, સુરત મહાનગરપાલિકાની તા.૦૨/૦૩/૨૦૧૬ ના રોજ માસિક સાધારણ સભાના ઠરાવ નં. ૧૬૧/૨૦૧૯ મુજબ ટી.પી.નં.૮ (ઉમરવાડા) રેવન્યુ સર્વે નં.૫, ૯૬ પૈકી વાળી અતિ કિંમતી સોનાની લગડી જેવી જમીન આશરે ૨૪,૪૩૫ ચો.મી. જગ્યા ભાડાપટ્ટો વધુ સમય માટે રીન્યુ કરવા શાસકોએ બહુમતિના જોરે પાણીના ભાવે તા.૧૮/૦૪/૨૦૧૮ થી ૫૦ વર્ષના સમયગાળા માટે સ્ત્રી ભાવ રૂા.૫૨,૨૫૦/- પ્રતિ ચો.મી. ભાવે ફાળવણી કરેલ.

પરંતુ ગત તા.૨૦/૧૨/૨૦૧૬ ના રોજ માસિક સાધારણ સભાના ઠરાવ નં.૫૦૬/૨૦૧૯ મુજબ (સુરત મહાનગરપાલિકા ટી.પી. સ્કીમ નં.૧૪ રાંદેર-અડાજણ વાળી જમીન દક્ષિણ ગુજરાત વીજ કંપનીને ૨૯ વર્ષ માટે ભાડાપટ્ટે આપેલ તેને ૯૯ વર્ષના ભાડાપટ્ટે ફાળવવા સંદર્ભે સેકશન અધિકારીશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૧૯/૦૫/૨૦૧૯ ના પત્રા સંદર્ભે) ગુજરાત સરકારના ડીસ્પોઝલ ઓફ લેન્ડ અધર પ્રોપર્ટીઝના રેગ્યુલેશન-૨૦૦૨ ની જોગવાઈ હેઠળ માત્ર સરકારી/અર્ધ સરકારી સંસ્થા, સરકાર હસ્તકના બોર્ડ, નિગમ, ગર્વમેન્ટ અંડર ટેકીંગ વિગેરેને સુરત મહાનગરપાલિકા કોઈપણ જમીન પ્રજાહિત માટે ૯૯ વર્ષના ભાડાપટ્ટા પર આપી શકે છે અને આ સિવાય કોઈપણ ઈન્સ્ટીટુશન, ચેરીટેબલ ટ્રસ્ટ, એજ્યુકેશન અને રીસર્ચ સેન્ટ, સામાજિક સંસ્થા તેમજ બહેરા-મુંગા અને અંધજનો માટેના ધાર્મિક ટ્રસ્ટના ઈન્સ્ટીટયુશનના વિકાસ માટે, સ્પોર્ટ કોમ્પલેક્ષ અને જાહેર હેતુ તેમજ સામાન્ય જનતાના ફાયદા માટે કાર્યો કરતી સંસ્થાની માંગણી સંદર્ભે લેન્ડ ડીસ્પોઝલ પોલીસી મુજબ માત્ર ૨૯ કે વધુમાં વધુ ૩૯ વર્ષના ભાડાપટ્ટે ફાળવણી કરી શકે છે. જેથી સુરત મહાનગરપાલિકાના માસિક સાધારણ સભાના ઠરાવ મુજબ સુરત ટેક્ષટાઈલ માર્કેટને ૫૦ વર્ષ માટે થયેલ ફાળવણી તાત્કાલિક રદ કરી એને ગુજરાત સરકારના ગુજરાત સરકારના ડીસ્પોઝલ ઓફ લેન્ડ અધર પ્રોપર્ટીઝના રેગ્યુલેશન-૨૦૦૨ મુજબ ફાળવણી કરી તેમજ બજાર ભાવ વસુલ કરવા સુરત મહાનગરપાલિકાના વિશાળ હિતમાં રજુઆત છે.

અનુ.જાતિ અને જન.જાતિના શેરડી પકવતા ખેડુતોને સહાય મળશે

સહાય મેળવવા ખેડૂત પોર્ટલ પર અરજી કરવી

આહવા

ડાંગ જિલ્લાના ખેડૂતોને જણાવવાનું કે સરકાર વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાના સંકલ્પ સાથે આગળ વધી રહી છે. તથા શેરડી પાકનું વાવેતર વધારવા માટે રાજ્યના અનુસૂચિત જાતિ અને જનજાતિના ખેડૂતો શેરડી પાકના વાવેતર અને ઉત્પાદન હેઠળ સહાય મેળવવા માટે ઓનલાઈન અરજીઓ કરી શકે એ હેતુ અર્થે રાજ્ય સરકારે તા.૦૧/૦૯/૨૦૧૯ થી તા.૩૦/૧૧/૨૦૧૯ એમ કુલ ત્રણ માસ માટે આઈ ખેડૂત પોર્ટલ (ikhedutprotal) ખુલ્લુ મુકવામાં આવેલ હતું. ત્યારબાદ તા.૦૧/૧૨/૨૦૧૯ થી તા.૩૧/૧૨/૨૦૧૯ માટે આઈ ખેડૂત પોર્ટલ ખુલ્લુ મુકવામાં આવેલ હતું. અને હવે તા.૦૨/૦૧/૨૦૨૦ થી તા.૩૧/૦૧/૨૦૨૦ સુધી એમ એકમાસ માટે આઈ ખેડૂત પોર્ટલ (ikhedutprotal) ખુલ્લુ મુકવા નક્કી કર્યુ છે. આ પોર્ટલના માધ્યમ થકી અનુસૂચિત જાતિ અને જનજાતિના ખેડૂતો ઓનલાઈન અરજી કરી શેરડી પાકના વાવેતર અને ઉત્પાદન હેઠળ મળવાપાત્ર સહાય સીધી પોતાના બેંક ખાતામાં મેળવી શકે છે.

આ માટેની ઓનલાઈન અરજીઓ દરેક ગ્રામ પંચાયત કક્ષાની સાથે સાથે ઈન્ટરનેટની સુવિધા ધરાવતી અન્ય જગ્યાએથી પણ કરી શકાય છે. અને ખેડૂતે અરજી કરતી વખતે ૭-૧૨ અને ૮-અ,આધારકાર્ડ,મોબાઈલ નંબર, તેમજ બેંકની પાસબુકની વિગત વગેરે સાથે રાખવુ જરૂરી છે. ખેડૂતો આઈ ખેડૂત પોર્ટલ (ikhedutprotal) પર ઓનલાઈન અરજી કર્યા બાદ અરજીની પ્રિન્ટ આઉટ મેળવી સહી/અંગુઠો કરી જરૂરી સાધનિક કાગળો સાથે ગ્રામ્યકક્ષાએ ગ્રામસેવક અથવા તાલુકાકક્ષાએ તાલુકા પંચાયત ખાતે વિસ્તરણ અધિકારી (ખેતી) ને પહોંચાડવાની રહેશે. જેથી જિલ્લાના ખેડૂત મિત્રોએ વિવિધ સહાય યોજનાઓ હેઠળ બહોળો લાભ લેવા માટે સમયમર્યાદામાં અરજી કરી સબંધિત કચેરીને પહોંચતી કરવા માટે જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી ,આહવા-ડાંગની અખબારી યાદીમાં જણાવાયું છે.

ખેતી પાક નુકશાની અંગે વળતર માટેની અરજીની મુદ્દતમાં વધારો

તા. ૧૪મી જાન્યુઆરી સુધી અરજી કરી શકાશે

આહવા

રાજ્યમાં ઓકટોબર, નવેમ્બર દરમિયાન પડેલા ભારે વરસાદ અને માવઠાના પરિણામે ખેડૂતોના પાકને નુકશાન થયું હતું. આ અંગે રાજ્ય સરકારે જાહેર કરેલા કૃષિ સહાય પેકેજનો લાભ મેળવવા માટે ખેડૂતો દ્વારા નિયત નમૂનામાં ગ્રામ્ય કક્ષાએ વિલેજ કોમ્પ્યુટર ઓપરેટર,ગ્રામસેવકને અરજી કરવાની રહેશે. આ માટે ખાતેદાર ખેડૂતે તા.૩૧ ડિસેમ્બર સુધીમાં અરજી કરવાની હતી. આ સમય મર્યાદામાં વધારો કરી તા.૧૪/૦૧/૨૦૨૦ સુધી ખેડૂતો દ્વારા ઓનલાઈન અરજી કરી શકાશે. જે ખેડૂત દ્વારા ઓનલાઈન અરજી કરેલ હશે તેવા ખેડૂતોને જ કૃષિ સહાય પેકેજનો લાભ મળી શકશે.

કૃષિ વિભાગની યાદીમાં જણાવ્યાનુસાર અરજીની સાથે ખેડૂતોએ આધારકાર્ડ,તલાટીનો પાક વાવેતરનો દાખલો અથવા ૭-૧૨,૮-અ બેન્ક એકાઉન્ટ નંબર માટે બેન્કની પાસબુકના પ્રથમ પાનાની આઈ.એફ.એસ.સી. કોડ સાથેની નકલ તથા સંયુક્ત ખાતાના કિસ્સામાં સંયુક્ત ખાતેદારો પૈકી એક જ ખાતેદારને લાભ અપાય તે અંગેનું અન્ય ખાતેદારોની સહી વાળુ ના વાંધા અંગેનું સંમતિ પત્રક અથવા સંયુક્ત ખાતેદારોની અનુપસ્થિતિમાં ખેડૂતનું કબૂલાતનામુ જોડવાનું રહેશે. એક ખાતાદીઠ એક જ અરજી કરવાની છે. વધુ માહિતી માટે તાલુકા વિસ્તરણ અધિકારી (ખેતી) અથવા તાલુકા અમલીકરણ અધિકારી (ખેતી) પેટા વિભાગ કક્ષાએ મદદનીશ ખેતી નિયામક અથવા જિલ્લા ખેતીવાડી અધિકારીનો સંપર્ક કરવાનો રહેશે.

તા.૧૭મીએ આહવા ખાતે કલા મહાકુંભ

આહવા

ગુજરાત સરકારના રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ આયોજીત કલામહાકુંભ ૨૦૧૯-૨૦ નું આયોજન ડાંગ જિલ્લાના ત્રણે તાલુકા કક્ષાએ યોજાશે. આહવા તાલુકાનો કલામહાકુંભ ૧૭ જાન્યુઆરી-૨૦૨૦ના રોજ ડાંગ સ્વરાજ આશ્રમ ખાતે સ.મા.શાળા,આહવા ના આચાર્યશ્રી પ્રજેશ ટંડેલ ના માર્ગદર્શન હેઠળ યોજાશે.

આ કલામહાકુંભ ચાર વય જૂથ માં યોજાશે. જેમાં ૬ થી ૧૪,૧૫ થી ૨૦,૨૧ થી ૫૯ અને ૬૦ વર્ષથી થી ઉપરના (સિનીયર સીટીઝન) માટેનું આયોજન કરાવામાં આવ્યું છે. તાલુકા કક્ષાએ કુલ-૧૪ કૃતિઓ યોજાશે જેમાં તબલાવાદન, હાર્મોનિયમ વાદન, ભરતનાટયમ, એકપાત્રિય અભિનય, લોકગીત/ભજન, વકતૃત્વ, નિબંધ, ચિત્રકલા, ગરબા,રાસ, લોકનૃત્ય, સમૂહગીત,લગ્નગીત તથા સુગમ સંગીતની સ્પર્ધાઓ યોજાશે. તાલુકા વિજેતાઓ જિલ્લાની સ્પર્ધામાં ભાગ લેશે. સ્પર્ધામાં ભાગ લેવા માટે રમત-ગમત કચેરી અથવા સ.મા. શાળા, આહવા ખાતેથી ફોર્મ મેળવી તા.૧૧/૦૧/૨૦૨૦ સુધીમાં વિગતો ભરીને આપવાના રહેશે.

તા. ૨૨ મી જાન્યુઆરી નવસારી શહેરનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ

નવસારી

મામલતદાર નવસારી (શહેર)નો ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા.૨૨ મી જાન્યુઆરી-૨૦૨૦ ના રોજ મામલતદાર કચેરી(શહેર) નવસારી ખાતે ૧૧-૦૦ કલાકે યોજાશે. જે માટેની ફરિયાદ અરજી તા.૧૦/૦૧/૨૦૨૦ સુધીમાં 'ફરિયાદ નિવારણ કાર્યક્રમ જાન્યુઆરી-૨૦૨૦ દર્શાવી અરજી મામલતદારશ્રી, (શહેર) નવસારીને મોકલી આપવી. અરજીમાં કયા ખાતાને લગતી બાબત છે તે અવશ્ય દર્શાવવાનું રહેશે. એમ મામલતદાર નવસારી (શહેર) ધ્વારા જણાવાયું છે.

કલા મહાકુંભ ૨૦૧૯-૨૦ ના રજીસ્ટ્રેશનની મુદત લંબાવાઇ

નવસારી

રાજય સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર દ્વારા રાજયના સાંસ્કૃતિક વારસાનું જતન થાય, કલા સાહિત્ય અને સાંસ્કૃતિમાં આગવી ઓળખ ધરાવનાર અલગ અલગ વયજૂથના કલાપ્રેમીઓ અને પસંદગી પામેલી કૃતિઓનું તાલુકાકક્ષાએથી શરૂ કરી તબકકાવાર રાજયકક્ષા સુધી સ્પર્ધા યોજવામાં આવે તથા રાજયની કલા સાંસ્કૃતિથી લોકો માહિતગાર થાય તે હેતુથી રાજયમાં કલામહાકુંભ ૨૦૧૯-૨૦ નું આયોજન ટુંક સમયમાં કરવામાં આવનાર છે. જેમાં ગાયન, નૃત્ય, વાદન, અભિનય, સાહિત્ય તથા કલા વિભાગમાં તાલુકા/રાજયકક્ષા સુધી કુલ-૩૭ કૃતિઓનો સમાવેશ થાય છે. નવસારી જિલ્લામાં કલામહાકુંભ ૨૦૧૯-૨૦ મા વધુમાં વધુ કલારસિકો ભાગ લઈ શકે. જે તા.૭/૧/૨૦૨૦ સુધી ઓફલાઈન રજીસ્ટ્રેશનની મુદત લંબાવવામાં આવી છે.

નવસારી જિલ્લાની કલા પ્રેમીઓએ જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, સી બ્લોક, બીજા માળે, જિલ્લા સેવા સદન, જુનાથાણા, નવસારી ખાતે રજીસ્ટ્રેશન ફોર્મ મેળવી લેવા જિલ્લા યુવા વિકાસ અધિકારી નવસારીની યાદીમાં જણાવાયું છે.

તાપી જિલ્લામાં જાન્યુઆરી માસમાં ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન

વ્યારા

તાપી જિલ્લાના રોજગારવાંચ્છુ ઉમેદવારોને રોજગારી મળી રહે તે હેતુસર રોજગાર કચેરી-વ્યારા, દ્વારા મારૂતી સુઝુકી લી.(જોબ લોકેશન હાંસલપુર, મહેસાણા) અને એમ. આર. એફ. કંપની.(જોબ લોકેશન દહેજ, ભરૂચ) દ્વારા (ફક્ત પુરુષ ઉમેદવારો) માટે આગામી તા.૮ મીએ આઈટીઆઈ ઉકાઈ, તા.૯ મીએ આઈટીઆઈ નિઝર અને તા.૧૦ મીએ આઈટીઆઈ ડોલવણ ખાતે ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. ઉંમર ૧૮ થી ૨૫ વર્ષ, ધો.૧૦ વર્ષ ૨૦૧૬ થી ૨૦૧૯ દરમિયાન પાસ કરેલ હોય (તમામ ટ્રેડ) માટે તા.૮.૦૧.૨૦૨૦ ના રોજ આઈ.ટી.આઈ. ઉકાઈ ખાતે સવારે ૧૦.૩૦ કલાકે, જયારે એમ.આર.એફ. કંપની માટે તા.૯ મીએ આઈટીઆઈ નિઝર અને તા.૧૦ મીએ આઈટીઆઈ ડોલવણ ખાતે સવારે ૧૦.૩૦ કલાકે ભરતી પ્રક્રિયા હાથ ધરાશે. ઈચ્છુક ઉમેદવારોએ અસલ પ્રમાણપત્રો,ઝેરોક્ષ નકલો બાયોડેટા, આધાર કાર્ડ અને પાસપોર્ટ સાઈઝના ફોટાઓ સાથે સમયસર ઉપસ્થિત રહેવુ. આ અંગે વધુ વિગતો માટે જિલ્લા રોજગાર કચેરી અને સબંધિત આઈ.ટી.આઈ.નો સંપર્ક કરવા રોજગાર અધિકારી દ્વારા જણાવાયું છે

બારડોલીના ઈસરોલીમાં રાષ્ટ્રીય કક્ષાની ઈન્ડસ્ટ્રીઅલ સેફ્ટી શિબિર યોજાઇ

રાજ્યભરમાંથી કુલ ૬૦૦ જેટલા સલામતીના તજજ્ઞો અને ડેલિગેટ્સની ઉપસ્થિતિ

સુરત

સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી ઈશ્વરભાઈ પરમારની ઉપસ્થિતિમાં બારડોલી તાલુકાના ઈસરોલી સ્થિત આર.એન.જી. પટેલ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી ખાતે ક્વોલિટી સર્કલ ફોરમ ઓફ ઈન્ડિયા, સુરત ચેપ્ટર અને લઘુ ઉદ્યોગ ભારતી, ગુજરાત પ્રાંત, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્રીય કક્ષાની એક દિવસીય 'નેશનલ કન્વેન્શન ઓન સેફટી ફોર પીપલ, પ્લાન્ટ અને પ્લેનેટ' વિષય પર સુરક્ષાવિષયક શિબિર યોજાઈ હતી. જેમાં રાજ્યની વિવિધ ઈન્ડસ્ટ્રીઝની ૬૪ ટીમોએ પ્રેઝન્ટેશન રજૂ કર્યા હતા. શિબિરમાં પસંદગી પામેલા ૧૦ વિજેતા ટીમ રાષ્ટ્રીય સ્તરે સુરક્ષા કેસ સ્ટડી રજૂ કરશે. સુરક્ષા શિબિરમાં સમગ્ર ગુજરાતમાંથી કુલ ૬૦૦ જેટલા સલામતીના તજજ્ઞો અને ડેલીગેટ્સ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે મંત્રીશ્રી ઈશ્વરભાઈ પરમારે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીના 'મેક ઈન ઈન્ડિયા'ના વિઝનના કારણે એનક નવા ઉદ્યોગો તેજીથી ઉભર્યા છે. દેશ વિકાસના પંથે ઝડપભેર આગળ વધી રહ્યો છે. ત્યારે કર્મચારીઓ જે સ્થળે કામ કરતાં હોય, તેની સ્વચ્છતા, સુરક્ષાની કાળજી લેવી એ આપણી સહિયારી જવાબદારી છે. મંત્રીશ્રીએ આ કાર્યક્રમના નિષ્કર્ષથી રાજ્ય સરકારની ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટીની પોલિસીને બળ મળશે એમ જણાવતાં તેમણે ઉપસ્થિત સૌને એકબીજાના વિચારોના આદાનપ્રદાનથી ઉદ્યોગ, રાજ્ય અને દેશના હિતમાં ઈન્ડસ્ટ્રીયલ સેફટીના ગુણવત્તાયુક્ત સાધનોનો ઉપયોગ કરવા અનુરોધ કર્યો હતો.

શ્રી પરમારે પરિસંવાદનું આયોજન કરવા બદલ ક્વોલિટી સર્કલ ફોરમને અભિનંદન પાઠવતાં જણાવ્યું કે, ઈન્ડસ્ટ્રીમાં સલામતીના ધારાધોરણોનું પાલન કરીને અકસ્માતનું પ્રમાણ ઘટાડી શકાય છે, સાથે પર્યાવરણને સુરક્ષિત બનાવી શકાય છે, 'શ્રમિક વર્ગ અને પર્યાવરણ સલામત તો દેશ સલામત' એ નિર્ધાર સાથે ઉદ્યોગો દેશના વિકાસમાં ભાગીદાર બને એવી અપેક્ષા વ્યક્ત કરી હતી.

ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ, અમદાવાદના નિયામકશ્રી પી.એમ.શાહે જણાવ્યું કે, રાજ્ય સરકાર કામના સ્થળે કર્મચારીની સલામતી માટે સતત જાગૃત્ત છે. તેમણે ગુણવત્તાયુક્ત સંસાધનોનો ઉપયોગ કરી ઔદ્યોગિક અકસ્માતો નિવારવાના સરકારના પ્રયાસોની વિગતો આપી હતી.

ક્વોલિટી સર્કલ ફોરમ ઓફ ઈન્ડિયા, સુરત ચેપ્ટરના પ્રેસિડેન્ટશ્રી એલ.કે.ડુંગરાણીએ સ્વાગત પ્રવચન કરતાં જણાવ્યું કે, કર્મચારીઓની સલામતી અને પર્યાવરણની જાળવણી કરવી એ ઉદ્યોગોની પહેલી જવાબદારી છે. આ પ્રકારના કાર્યક્રમો થકી ફાયર સેફટી, ઔદ્યોગિક સલામતી, પર્યાવરણ અને ઔદ્યોગિક પ્રદૂષણ સંદર્ભે લોકજાગૃતિ વ્યાપક બનાવવામાં આવશે. ઉદ્યોગોમાં અકસ્માતોને નિવારવા અને પર્યાવરણની સુરક્ષા એ આપણી પ્રાથમિકતા રહેશે, જેને જવાબદારીપૂર્વક નિભાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

૨૦૨૦ સુધીમાં ઔદ્યોગિક સલામતી ક્ષેત્રમાં આવેલા બદલાવ અને ટ્રેન્ડસ અંગે અદાણી પાવરના શ્રી રિતુરાજ મહેતાએ માર્ગદર્શન આપતાં જણાવ્યું કે, ફિલ્મી હીરોને પડદા પર જોઈને આપણી માન્યતા બંધાઈ ગઈ છે કે 'હીરો એ છે જે રૂલ્સ તોડે, નિયમનું પાલન ન કરે', પરંતુ હીરો એવો હોવો જોઈએ, જે સેફટીના નિયમોનું પાલન કરે, અને લોકોને પણ પ્રેરણા આપે. તેમણે સલામતીના ઉપકરણોનો ઉપયોગ કરવાથી સુરક્ષિત રહી શકાય છે, જેથી સેફટીનો આપણા આરોગ્ય સાથે સીધો સંબંધ છે એમ ઉમેર્યું હતું.

શિબિરમાં કામદારોમાં ઔદ્યોગિક સલામતી, ફાયર સેફટી અને હેલ્થ તેમજ પર્યાવરણ બાબતમાં જરૂરી જાગૃતિ કેળવવા ટેક્ટાઈલ, એન્જિનિયરિંગ, પેટ્રોકેમિકલ્સ, બાંધકામ, મેડિસીન સહિતના ઔદ્યોગિક એકમોના માલિકો અને કર્મચારીઓમાં સલામતી, પર્યાવરણ અને ઔદ્યોગિક પ્રદૂષણ સંદર્ભે જાગૃતિ કેળવવા તજજ્ઞ વક્તાઓએ મંથન કર્યું હતું. અહી રજૂ કરાયેલા સંશોધનાત્મક અહેવાલોનો અભ્યાસ કરી રાજ્ય સરકારને ઔદ્યોગિક સલામતી ક્ષેત્રમાં વધુ ગુણવત્તાયુક્ત અને વ્યાપક કાર્ય અંગેના સૂચનો મોકલવામાં આવશે.

શિબિરમાં ક્વોલિટી સર્કલ ફોરમ ઓફ ઈન્ડિયા, હૈદરાબાદના એક્ઝીક્યુટીવ ડિરેક્ટરશ્રી ડી. કે. શ્રીવાસ્તવ, ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ, સુરત રિજયનના સંયુક્ત નિયામકશ્રી એસ.સી. બામણીયા, લઘુ ઉદ્યોગ ભારતી, ગુજરાતના ચેરમેનશ્રી શ્યામસુંદર સલુજા, ઈન્ડસ્ટ્રીયલ સેફટી, સુરતના નાયબ નિયામકશ્રી એમ.ડી.તારપરા સહિત મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

ચીખલી સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે સિકલસેલ ફલોઅપ કેમ્પ યોજાયો

નવસારી

સામૂહિક આરોગ્ય કેન્દ્ર ચીખલી ખાતે સિકલસેલ એનીમિયા દર્દીઓ માટેનો મેડીકલ ફલોઅપ કેમ્પ યોજવામાં આવ્યો હતો. આ અવસરે નવસારી જિલ્લા પંચાયત પ્રમુખ ડાલ.અમિતાબેન પટેલ, ગણદેવી ધારાસભ્ય શ્રી નરેશભાઈ પટેલ, જિલ્લા પંચાયત સિચાઈ સમિતિના અધ્યક્ષશ્રી નગીનભાઈ પટેલ ઉપસ્થિત રહયાં હતાં.

આ પ્રસંગે ગણદેવીના ધારાસભ્ય શ્રી નરેશભાઈ પટેલે સરકારશ્રીની વિવિધ યોજનાઓ વિશે માહિતી આપી અને સિકલસેલ રોગને આદિવાસી વસ્તીમાં નિયંત્રણ રાખવા આરોગ્ય વિભાગ દ્વારા જે કામગીરી કરવામાં આવે છે. તેમાં દરેક સહભાગી થઇ સિકલસેલને નિયંત્રણમાં રાખવા આહવાન કર્યુ હતું.

નવસારી જિલ્લા પંચાયત પ્રમુખ ડાલ.અમિતાબેન પટેલે આરોગ્ય વિભાગની કામગીરીને બિરદાવી અને સિકલસેલ દર્દીઓની સારી તંદુરસ્તી માટે પ્રાર્થના કરી, સિકલસેલ રોગમાં લેવા માટેની કાળજી વિશે આરોગ્યની સેવાઓનો પુરતા પ્રમાણમાં લાભ લેવા માટે સમજ આપી હતી.

આ પ્રસંગે લાયસન્સ કલબ આંતલીયા અને ગણદેવીના શ્રી ગોપાલભાઇ, શ્રી પરેશભાઇ, શ્રી નટવરભાઇ, શ્રી સંજયભાઇ વિગેરેએ ઉપસ્થિત રહી દર્દીઓને પોષણ કીટનું વિતરણ કર્યુ હતું. સાથે સાથે જનજાગૃતિ રેલીમાં સિકલસેલ, ડાયાબીટીસ જેવા રોગોના સૂત્રોચ્ચાર કર્યા હતાં. આ યોજાયેલા કેમ્પમાં ૧૩૦ થી વધુ દર્દીઓએ લાભ લીધો હતો. ભૈરવી ગામના સિકલસેલ દર્દી શ્રીમતી રેખાબેન બંને થાપાનું ઓપરેશન મફત કરાવવામાં આવ્યું અને હરતા ફરતા થઇ ગયાં.

પ્રારંભમાં સિકલસેલ એનીમીયાના નોડલ ઓફિસર ડાલ. ડેલીવાલાએ કેમ્પનો હેતુ તથા રૂપરેખા આપી મહાનુભાવોને આવકાર્યા હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડાલ.પ્રગ્નેશ પરમારે કર્યુ હતું.

સાદિકે કોઈ ઈનામ ન લાગતા નિરાશ થઈ ટિકિટ કચરાપેટીમાં ફેંકી દીધી હતી

કોલકાત્તામાં યુવકે કચરાપેટીમાં ફેંકી દીધેલી લૉટરની ટિકિટથી ૧ કરોડ જીત્યો..!!

કોલકાત્તા

કોણ ક્યારે અચાનક અમીર બની જાય એનું કંઈ નક્કી નહીં. આવું જ કંઈક થયું કોલકાતાના એક શાકવાળા સાથે. આ શાકવાળો લૉટરીની ટિકિટથી રૂપિયા એક કરોડ જીતી ગયો છે, કોલકાતાના દમદમ વિસ્તારમાં રહેતા એક વ્યક્તિએ નવા વર્ષે નગાલેન્ડ લૉટરીની ટિકિટ ખરીદી હતી. લૉટરીનાં ઈનામોની જાહેરાત થયા બાદ કેટલાક લોકોએ તેને કહ્યું કે, તે ઈનામ નથી જીતી શક્તો. જેનાથી હતાશા થઈને તેણે પોતાની ટિકિટ કચરા પેટીમાં નાખી દીધી. જોકે પછીથી તેને ખબર પડીએ, એ જ ટિકિટથી તે ૧ કરોડ રૂપિયા જીતી ગયો છે.

કોલકાતાના દમદમ વિસ્તારમાં શાકની દુકાન ચલાવતા સાદિકે તેની પત્ની અમીના સાથે નવા વર્ષના એક દિવસ પહેલાં લૉટરીની ૫ ટિકિટ ખરીદી હતી. ૨ જાન્યુઆરીએ લૉટરીની જાહેરાત થઈ ત્યારે સાદિક સાથે શાક વેચતા કેટલાક દુકાનદારોએ તેને કહ્યું કે, તેને કોઈ ઈનામ નથી લાગ્યું. નિરાશ થયેલ સાદિકે તેની ટિકિટો કચરાપેટીમાં નાખી દીધી. બીજા દિવસે સવારે તે બજારમાં ખરીદી કરવા ગયો તો લોટરી વેચનાર દુકાનદારે તેને તેની ટિકિટ વિશે પૂછ્યું અને કહ્યું તેને એક કરોડનું ઈનામ મળ્યું છે.

દુકાનદારની વાત સાંભળી સાદિક ઘરે પહોંચ્યો અને પત્ની અમીનાને આખી વાત જણાવી. સાદિક અને અમીનાએ તરત જ કચરાપેટીમાં ટિકિટો શોધવાનું શરૂ કર્યું. બહુ મહેનત બાદ ટિકિટો મળી તો બંને ખૂબજ ખુશ થઈ ગયાં સાદિકે કુલ પાંચ ટિકિટો ખરીદી હતી. જેમાં એક પર એક કરોડ અને બાકીની ચાર ટિકિટો પર ૧-૧ લાખનું ઈનામ લાગ્યું હતું.

સાદિકની પત્ની અમીનાએ જણાવ્યું કે, લૉટરીના આ પૈસાથી તેમનું જીવન બદલાઇ શકે છે, અમીનાએ જણાવ્યું કે, સાદિકે બાળકો માટે એક એસયૂવી બુક કરાવી છે, આ સિવાય હવે તે તેનાં બાળકોને સારી સ્કૂલમાં ભણાવવા ઈચ્છે છે, અમીનાએ કહ્યું કે, તેમનો પરિવાર ખૂબજ ખુશ છે અને હવે તેઓ આ પૈસાની રાહ જોઇ રહ્યા છે. કહેવાય છે કે, સાદિક અને તેની પત્નીને આ રકમ ૨-૩ મહિનામાં મળશે.

ટાટા-નુસ્લી વાડિયા વિવાદ પર સુપ્રિમ કોર્ટે કહ્યું

તમે બંને ઉદ્યોગજગતના લીડર, સાથે બેસીને વિવાદનો ઉકેલ લાવો: સુપ્રિમ કોર્ટ

ન્યુ દિલ્હી

રતન ટાટા અને નુસ્લી વાડિયા વિવાદ મામલે સુપ્રીમ કોર્ટે બંને ઉદ્યોગપતિઓને સલાહ આપી છે. કોર્ટે કહ્યું કે બંને લોકોએ સાથે બેસીને વિવાદનું સમાધાન લાવવું જોઈએ. સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કહ્યું 'તમે બંને ઉદ્યોગ જગતના લીડર છો તો જાતે જ બેસીને કેમ આ વિવાદનું સમાધાન નથી લાવતા?

નુસ્લી વાડિયાને સ્વતંત્ર ડિરેક્ટર પદેથી હટાવ્યા બાદ તેમને રતન ટાટા વિરુદ્ધ બદનક્ષીનો કેસ દાખલ કર્યો હતો. વાડિયા ટાટા મોટર્સ, ટાટા સ્ટીલ અને ટાટા કેમિકલ્સના બોર્ડમાં સ્વતંત્ર ડિરેક્ટર હતા.

૨૦૧૬માં નુસ્લી વાડિયાએ રતન ટાટા અને અન્યની વિરૂદ્ધ બદનક્ષીનો કેસ દાખલ કર્યો હતો. વાડિયાએ ૩,૦૦૦ કરોડ રૂપિયા નુકસાનીની માંગ કરી છે. જુલાઈ ૨૦૧૯માં બોમ્બે હાઈકોર્ટે ગુનાહિત બદનક્ષી રદ કરી દીધી હતી. બોમ્બે હાઈકોર્ટના નિર્ણયને નુસ્લી વાડિયાએ સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો.

ભારતના બજારોમાં સોનાનો ભાવ ૪૧ હજાર

પાકિસ્તનમાં સોનાનો ભાવ અધધ...૯૦,૮૦૦ને પાર

ઈરાન-અમેરિકા તણાવના કારણે સોનાના ભાવમાં ઉછાળો આવ્યો હોવાનું અનુમાન

ઈસ્લામાબાદ

ભુખમરો, મોંઘવારી અને આર્થિક રીતે કંગાળ પાકિસ્તાનની પરિસ્થિતિ ખુબ જ ખરાબ છે. પેટ્રોલ-ડિઝલ બાદ સોનાની કિંમત પણ આકાશને આંબી રહી છે. પાકિસ્તાનમાં સોનાનો ભાવ પ્રતિ તોલા ૯૦,૮૦૦ પહોંચી ગયો છે. ત્યાં જ ભારતીય બજારમાં સોનાનો ભાવ ૪૧,૩૯૫ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ છે. પાકિસ્તાનનાં પ્રમુખ સમાચાર પત્ર ડોન અનુસાર કરાચીના બજારમાં એક તોલા એટલે કે, ૧૦ગ્રામ સોનાની કિંમત ૯૦,૮૦૦ પાકિસ્તાની રૂપિયા છે. ઈરાન-અમેરિકા તણાવનાં કારણે સોનાના ભાવમાં ઉછાળો આવી રહ્યો છે. આ કારણે શુક્રવારે સોનાના ભાવમાં ૧,૧૧૫ રૂપિયાની તેજી જોવા મળી. ડોન સમાચાર પત્ર અનુસાર ૧ જાન્યુઆરી ૨૦૧૯થી આ વર્ષે ૪ જાન્યુઆરી સુધી એક તોલા સોનાની કિંમતમાં ૨૩,૦૦૦ રૂપિયાની વૃદ્ધિ આવી ચૂકી છે. ગત કારોબારી દિવસે સ્થાનિક સ્તરે ૨૪ કેરેટ શુદ્ધતાવાળા સોનાનો ભાવ ૪૧ હજાર રૂપિયાના સ્તરને પાર કરી ૪૧,૨૭૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ પર પહોંચી ગયો હતો. ત્યાં જ સોનાના ઘરેણા (૨૨ કેરેટ)ની કિંમત ઉછળી ૪૧,૧૨૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ પર રહ્યું હતું. આઠ ગ્રામવાળી ગિન્ની ૧૦૦ રૂપિયાની તેજી સાથે ૩૦,૯૦૦ રૂપિયા પર પહોંચી ગઈ હતી. તમને જણાવી દઈએ કે, એયર સ્ટ્રાઈકમાં ઈરાનનાં પ્રમુખ સૈન્ય અધિકારી મેજર જનરલ કાસિમ સુલેમાનીની મોત બાદ પશ્ચિમ એશિયામાં તણાવની સ્થિતિ છે. ઈરાને અમેરિકી કાર્યવાહીનો જવાબ આપવા અને બદલો લેવાની વાત કહી છે. આવામાં રોકાણકારોએ સુરક્ષિત રોકાણ માટે કિંમતી ધાતુઓને મહત્વ આપી રહ્યા છે. આ કારણે જ સોના-ચાંદીમાં તેજી જોવા મળી રહી છે.

ચા અને ચોખાની નિકાસ પર અસર

અમેરિકા-ઈરાન વચ્ચે યુદ્ધના ભણકારા: ભારતનો કરોડોનો વ્યાપાર ઠપ્પ

ન્યુ દિલ્હી

અમેરિકાએ ડ્રોન હુમલામાં ઈરાનના ટોચના કમાન્ડર જનરલ કાસિમ સુલેમાનીની હત્યા કરી હતી. ત્યારબાદ યુએસ અને ઈરાન વચ્ચે સંઘર્ષ વધ્યો છે અને યુદ્ધ જેવી પરિસ્થિતિઓ બની છે. આ સ્થિતિના કારણે ઈરાન સાથે ભારતના વેપાર સંબંધો પર પણ નકારાત્મક અસર થવાની સંભાવના છે. હાલ આ પરિસ્થિતિ વચ્ચે ચા અને ચોખાની નિકાસ પર અસર થઈ રહી છે.

ઓલ ઈન્ડિયા રાઈસ એક્સપોર્ટર્સ એસોસિએશનએ નિકાસકારોને ઈરાનને બાસમતી ચોખાની નિકાસ સ્થિતિ સામાન્ય ન થાય ત્યાં સુધી બંધ કરવાનું કહ્યું છે, જ્યારે ટી બોર્ડે પણ કહ્યું હતું કે જો બંને દેશો વચ્ચે યુદ્ધ થશે તો તેની અસર નિકાસ થશે નકારાત્મક રીતે થશે. આ બધાની વચ્ચે ભારતના વિદેશ પ્રધાન એસ. જયશંકરે ઈરાનના વિદેશ પ્રધાન જાવેદ જાફરી સાથે વાત કરી હતી અને પરિસ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. મહત્વપૂર્ણ છે કે ઈરાન ભારતની ચા અને બાસમતી ચોખાનો મોટો આયાત કરનાર દેશ છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતીય ચાના સૌથી મોટા આયાતકાર તરીકે ઉભરેલા ઈરાનને નિકાસના આંકડા પણ તેની પુષ્ટિ કરે છે. મળતી માહિતી મુજબ નવેમ્બર ૨૦૧૯ સુધીમાં કુલ ૫.૨૮ મિલિયન કિલો ચા વિવિધ દેશોમાં નિકાસ કરવામાં આવી હતી, જેમાંથી ૫૪.૪૩ મિલિયન કિલો એકલા ઈરાન દ્વારા આયાત કરવામાં આવી હતી.

અમેરિકા-ઈરાન વચ્ચેના તણાવ પર પાકિસ્તાન બોલ્યું,

પાક.કોઈ પણ દેશ સામે યુદ્ધ માટે તેની જમીનનો ઉપયોગ કરવા મંજૂરી નહિ આપે

ઈસ્લામાબાદ

અમેરિકા અને ઈરાન વચ્ચેની તણાવની સ્થિતિ વચ્ચે પાકિસ્તાને કહ્યું હતું કે તે કોઈ પણ દેશ સામે યુદ્ધ માટે તેની જમીનનો ઉપયોગ કરવા પરવાનગી આપશે નહીં.પાકિસ્તાનના લશ્કરી પ્રવક્તા અને ઈન્ટર-સર્વિસિસ પબ્લિક રિલેશન્સ (ISPR)ના ડિરેક્ટર જનરલ મેજર જનરલ આસિફ ગફુરે જાહેરાત કરી હતી કે પાકિસ્તાન કોઈ પણની સામે લશ્કરી કાર્યવાહી કરવા તેની જમીનનો ઉપયોગ કરવા પરવાનગી આપશે નહીં અને આ વિસ્તારમાં શાંતિ સ્થાપવા માટે ચાવીરૂપ ભૂમિકા ભજવવાનું વલણ જારી રાખશે. બીજીબાજુ પાકિસ્તાનના વિદેશ પ્રધાન શાહ મેહમૂદ કુરેશીએ ઈરાન, સાઉદી અરેબિયા,યુનાઈટેડ આરબ અમિરાત અને તુર્કીના તેમની સમકક્ષ પ્રધાનો સાથે ટેલિફોન પર વાત કરી હતી. ગત શુક્રવારે ઈરાકમાં અમેરિકાના ડ્રોન હુમલામાં ઈરાનના મેજર જનરલ કાસિમ સુલેમાનીને મારી નાખ્યાં બાદ ઈરાની નેતૃત્વનો પાકિસ્તાનના વિદેશ પ્રધાન દ્વારા પ્રથમ વખત સંપર્ક કરવામાં આવ્યો હતો. ગફુરે વધુમાં જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી ઈમરાન ખાન અને પાકિસ્તાનના લશ્કરી વડા કમર જાવેદ બાજવા પણ આ મુદ્દે સમાન વિચાર ધરાવે છે. ઈમરાનખાનનું સ્પષ્ટપણે માનવું છે કે પાકિસ્તાન કોઈની સાથે નથી, પરંતુ ફક્ત અને ફક્ત શાંતિ સ્થાપવાની સાથે છે. દરમિયાન પાકિસ્તાનની નેશનલ એસેમ્બલીમાં મધ્ય પૂર્વની સ્થિતિ અંગે એક નીતિવિષયક નિવેદન રજૂ કરવામાં આવી શકે છે.

શિવસેના નેતા સંજય રાઉતનું મહત્ત્વપૂર્ણ નિવેદન

૨૦૨૨ની રાષ્ટ્રપતિ પદની ચૂંટણી માટે તમામ પક્ષો શરદ પવારના નામ પર વિચાર કરે

મુંબઈ

શિવસેનાના નેતા સંજય રાઉતે સોમવારના રોજ કહ્યું કે ૨૦૨૨ની રાષ્ટ્રપતિ પદની ચૂંટણી માટે તમામ રાજકીય પક્ષોને એનસીપી પ્રમુખ શરદ પવારના નામ પર વિચાર કરવો જોઇએ. રાઉતે એમ પણ દાવો કર્યોકે ૨૦૨૨ સુધીમાં રાષ્ટ્રપતિ પદના ઉમેદવારનો નિર્ણય કરવા માટે 'અમારી પાસે' પૂરતી સંખ્યા હશે. તેમનું કહેવું છે કે ટૂંક સમયમાં જ તેના પર યોજના બનાવાશે.

ઉલ્લેખનીય છે કે પવારે તાજેતરમાં જ મહારાષ્ટ્રમાં ગઠબંધન સરકાર બનાવા માટે શિવસેના, એનસીપી અને કોંગ્રેસને એક સાથે લાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી હતી. રાઉતે કહ્યું કે શરદ પવાર દેશના વરિષ્ઠ નેતા છે. મને લાગે છે કે ૨૦૨૨મા યોજાનાર રાષ્ટ્રપતિ પદ માટે તમામ રાજકીય પક્ષોએ તેમના નામ પર વિચાર કરવો જોઇએ. રાઉત ટૂંક સમયમાં જ પશ્ચિમ બંગાળ, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને કેરળના મુખ્યમંત્રીઓને મળી પવારની ઉમેદવારી પર વાત કરશે. પવાર સાથે વાત કરીને તેની વિસ્તૃત યોજના બનાવશે. તેમણે આશા વ્યક્ત કરી કે તેમાં કોઇ અડચણ આવશે નહીં. સંજય રાઉતે દાવો કર્યો હતો કે મહારાષ્ટ્રમાં મળેલી હારને બીજેપી હજુ સુધી પચાવી નથી શક્યું. રાઉતે કહ્યું કે, તેઓ અત્યાર સુધી આઘાતમાં છે અને આપણે તેમને વધુ દુઃખ આપવું જોઈએ. તેઓએ કહ્યું કે દેશને પાઠ આપ્યો છે કે ડરશો નહીં.

દિલ્હી દંગલ
પહેલા પાનાથી ચાલુ

૧૩,૭૫૦ મતદાતા કેન્દ્ર રહેશે. ૧૩,૭૫૦ પોલિંગ બુથ પર લગભગ ૧.૪૬ કરોડ મતદાતા પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે.

તેમના જણાવ્યાં અનુસાર, આજથી આચારસંહિતા અમલમાં આવી ગઇ છે. દિલ્હી વિધાનસભા માટે ૧૪ જાન્યુઆરીએ નોટિફિશેન જાહેર થશે. અને તે સાથે જ ઉમેદવારી પત્રો ભરવાની શરૂઆત થશે. ઉમેદવારી પત્ર ભરવાની અંતિમ તારીખ ૨૧ જાન્યુઆરી રહેશે. ઉમેદવારી પત્રની ચકાસણી ૨૨ જાન્યુઆરીએ થશે અને ૨૪ જાન્યુઆરી સુધી નામ પાછા ખેચી શકાશે.

AAP આ વખતે દિલ્હીના લોકો વચ્ચે કેજરીવાલ સરકારની પાંચ વર્ષની સિદ્ધિઓને લઈને જવાની છે. આગામી વિધાનસભાની ચૂંટણી માટે પાર્ટી તરફથી નવું સ્લોગન જાહેર કરવામાં આવ્યું છે. આપ ચૂંટણીમાં 'અચ્છે બીતે ૫ સાલ, લગે રહો કેજરીવાલ'ના નારા સાથે મેદાનમાં ઉતરશે.

બીજી તરફ બીજેપીએ (ભ્રમ) દિલ્હી વિધાનસભા ચૂંટણી ૨૦૨૦માં સત્તાથી દૂર રહેવાનો ૨૧ વર્ષનો વનવાસ ખતમ કરવા ચૂંટણીની તૈયારીઓ શરુ કરી દીધી છે. 'દિલ્હી ચલે મોદી કે સાથ-૨૦૨૦' ના નારા સાથે દિલ્હી વિધાનસભાની ચૂંટણી લડશે.

અનેક પ્રકારના નિરીક્ષકોની નિમણૂક કરવામાં આવશે એમ કહીને તેમણે કહ્યું કે દિલ્હીમાં સિવિલ ઓબ્ઝર્વર, પોલીસ ઓબ્ઝર્વર વગેરેની નિમણૂક કરવામાં આવશે, જેમાં મોટી ભૂમિકા રહેશે.

દિલ્હીની તમામ ૭૦ બેઠકો પર મતદાન યોજાશે. વરિષ્ઠ નાગરિકો, અપંગ લોકો માટે પંચે વિશેષ વ્યવસ્થા કરી છે. ૮૦ વર્ષથી વધુ વયના વડીલો પોસ્ટલ બેલેટથી મતદાન કરી શકશે. ફોર્મ પાંચ દિવસ અગાઉ સબમિટ કરવું આવશ્યક છે.

મીડિયા મોનિટરિંગ ટીમની રચના અંગે તેમણે કહ્યું કે મીડિયા મોનિટરિંગ ટીમ બનાવવામાં આવી છે જે દરરોજ અપડેટ કરવામાં આવશે.

ચૂંટણી દરમિયાન વધારાના સુરક્ષાદળો તૈનાત કરવામાં આવશે દિલ્હીની ચૂંટણીમાં વધારાની સુરક્ષા દળો ઉપસ્થિત રહેશે, જે ચૂંટણી દરમિયાન સુરક્ષાની દેખરેખ રાખશે.

જેએનયુ હિંસા
પહેલા પાનાથી ચાલુ

યુનિ.ના દરવાજે કલાકો સુધી રાહ જોઇ રહેલી પોલીસને કેમ્પસમાં પ્રવેશવા માટે કેમ સત્વરે મંજૂરી આપવામાં ન આવી તેવા સવાલો સાથે ઉચ્ચ સત્તાવાળાઓની સામે આંગળી ચિંધાઇ રહી છે.

દિલ્હીના એલજી અને ગૃહમંત્રી અમિત શાહે પણ બનાવની ગંભીરતાને લઇને કોઇપણ દોષિતને છોડવામાં નહીં આવે એવી ખાતરી પણ આપી હતી. હિંસાના વિરોધમાં કેમ્પસના સાબરમતી હોસ્ટેલના વૉર્ડન મિનાએ આજે સવારે પોતાના પદ પરથીનું રાજીનામું આપી દીધુ હતું તો, કુલપતિએ કરી શાંતિની અપીલ કરી હતી.

આ અંગે ગૃહમંત્રી અમિત શાહે દિલ્હીના ઉપરાજ્યપાલ અનિલ બૈજલ સાથે વાત કરીને. કહેવાય છે કે, શાહે ઉપરાજ્યપાલને જેએનયૂના પ્રતિનિધિઓને બોલાવીને તેમની સાથે વાટાઘાટો કરવા જણાવ્યું છે.

સરકારી સુત્રોના જણાવ્યાં અનુસાર, જેએનયુના રજિસ્ટ્રાર અને વીસી આજે સવારે એલજી(ઉપરાજ્યપાલ)ને મળ્યા હતા અને તેમને પરિસ્થિતિની જાણકારી આપી હતી. પોલીસ વિદ્યાર્થીઓ સાથે વાત કરશે અને પુરાવા એકત્રિત કરવાનું શરૂ કરશે. તે જ સમયે, એઇમ્સ અને સફદરજંગમાં દાખલ ૩૫ વિદ્યાર્થીઓનું મેડિકલ તપાસની કામગીરી પૂર્ણ થઈ હતી.

જે એ નયુ-જે એ નયુ કેમ્પસમાં થોડી વારની શાંતિ બાદ સોમવારે ફરીથી તનાવ વધ્યો છે. જેમાં રોષે ભરાયેલા વિદ્યાર્થીઓએ પોલીસ કમિશ્નર આર એસ કૃષ્ણયાની આગેવાનીમાં કેમ્પસમાં થઈ રહેલી પોલીસની ફ્લેગ માર્ચને અટકાવી હતી. વિદ્યાર્થીઓએ સાબરમતી ટી-પૉઈન્ટ પર પોલીસની માર્ચને અટકાવી હતી. જો તે પોલીસે કન્વેન્શન સેન્ટર તરફ પોતાની માર્ચ યથાવત રાખી હતી, પરંતુ થોડા આગળ જતા પ્રદર્શનકારી વિદ્યાર્થીઓએ એકવખત ફરીથી પોલીસનો માર્ગ અટકાવ્યો હતો.

રવિવારે થયેલી હિંસાને પગલે નેહરુ યુનિવર્સિટી સત્તાધીશોએ વિસ્તૃત રિપોર્ટને કેન્દ્રીય માનવ સંશાધન મંત્રાલયને મોકલી આપ્યો હતો. આ રિપોર્ટમાં રવિવારનો સમગ્ર ઘટનાક્રમ સામેલ કરવામાં આવ્યો છે.

કેમ્પસમાં વિદ્યાર્થીઓના બે જૂથો વચ્ચે થયેલી હિંસક અથડામણ બાદ યુનિવર્સિટી સત્તાધીશોના આગ્રહ પર કેમ્પસમાં પોલીસનો કાફલો ખડકી દેવામાં આવ્યો છે. આ અથડામણમાં અનેક વિદ્યાર્થીઓ ઈજાગ્રસ્ત થયા છે. આ અંગે સંયુક્ત પોલીસ કમિશ્નર (દક્ષિણ-પશ્ચિમ)એ જણાવ્યું કે, દિલ્હી પોલીસના જોઈન્ટ કમિશ્નર શાલિની સિંહના નેતૃત્વમાં સ્પેટશિયલ ટીમની રચના કરવામાં આવી છે, જે આ સમગ્ર હિંસાની તપાસ કરશે અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને દિલ્હી પોલીસ કમિશ્નરને ઘટનાનો રિપોર્ટ સોંપશે.

અમિત શાહ
પહેલા પાનાથી ચાલુ

શોધી રહી છે. કેજરીવાલે દિલ્હીના લોકોને પીવા માટે ઝેરી પાણી આપ્યું. દિલ્હીની જનતાએ આમ આદમી પાર્ટીનું ઘોષણા પત્ર ફેંકી દેવું જોઈએ. દિલ્હીમાં ભાજપની જ સરકાર બનશે.

અમિત શાહે કહ્યું કે દિલ્હીમાં પાંચ વર્ષની જગ્યાએ પાંચ મહિનાની સરકાર ચાલી. પાંચ મહિનામાં કેજરીવાલની સરકારે કશું કર્યું નહીં બસ પાંચ મહિનામાં જાહેરાતો આપીને દિલ્હીની જનતાની આંખમાં ધૂળ નાખવાનું કામ કર્યું. એમસીડી ચૂંટણીઓમાં પણ આમ આદમીનું પત્તુ સાફ થઈ ગયું હતું.

તેમણે કહ્યું કે કેજરીવાલજી તમારા મનમાં ભય છે કે જો આયુષ્યમાન યોજના દિલ્હીમાં ચાલુ થઈ ગઈ તો દિલ્હીની જનતા અને મોદીજી વચ્ચે જોડાણ થઈ જશે. કેજરીવાલજી હું તમને જણાવી દઉ કે તમે ખોટું વિચારી રહ્યાં છો. જોડાણ થઈ ગયું છે અને દિલ્હીની જનતા મોદીજી સાથે છે.

અમિત શાહે કહ્યું કે રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી દેશના લઘુમતીઓને ભ્રમિત કરી રહ્યા છે. તેઓ લોકોમાં ભ્રમણા ફેલાવી રહ્યાં છે કે નાગરિકતા કાયદાથી તમારી નાગરિકતા જતી રહેશે. નાગરિકતા કાયદા વિરુદ્ધ થયેલી હિંસા માટે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી જવાબદાર છે. અનેક દિવસો સુધી દિલ્હીમાં થયેલા રમખાણો પાછળ પણ આ લોકો જવાબદાર છે. રાહુલબાબા તમારી દરેક હરકત લોકો જોઈ રહ્યાં છે કે તમે ઉપદ્રવીઓ સાથે છો. અમે કલમ ૩૭૦ હટાવી તો પણ કોંગ્રેસને પરેશાની થઈ.

ટ્રમ્પનું માથુ
પહેલા પાનાથી ચાલુ

લગાવ્યા હતા. અમેરિકન રાષ્ટ્રપતિ ટ્રમ્પ ટ્વીટર પર સતત ઈરાન વિરુદ્ધ પોસ્ટ કરી રહ્યા છે. માથા પર ઈનામની જાહેરાત બાદ ટ્રમ્પે પણ એક ટ્વીટ કરીને કહ્યું કે, 'ઈરાન અમેરિકાને નુકસાન પહોંચાડશે તો તેને તાત્કાલિક અને ખતરનાક અંદાજમાં જવાબ આપવામાં આવશે, આવી નોટિસની આમ તો કોઈ જરૂર ન હોય, પણ તેમ છતા મેં ચેતવી દીધું છે'.

જખૌ ડ્રગ્સ
પહેલા પાનાથી ચાલુ

અને વોચ ગોઠવીને જખૌના મધદરિયેથી આ પાકિસ્તાની બોટ સાથે કરોડોના ડ્રગ્સનો જથ્થો પકડી પાડ્યો હતો.

આમ જખૌ દરિયામાંથી ડ્રગ્સનો મોટો જથ્થો પકડી પાડવામાં ગુજરાત પોલીસને બહુ મોટી સફળતા મળી છે. ઉલ્લેખનીય છે કે, જખૌ દરિયો ડ્રગ્સની હેરાફેરી કરવા માટે સ્વર્ગ સમાન બની ગયું છે અને અવાર નવાર જખૌ દરમિયામાંથી કોસ્ટગાર્ડ અને પોલીસને કરોડોની કિંમતના ડ્રગ્સનો જથ્થો પકડાઈ છે. અગાઉ ગત વર્ષે મે મહિનામાં જખૌ દરિયામાંથી ૧૦૦૦ કરોડનું ડ્રગ્સ ઝડપી પાડવામાં આવ્યું હતું. માછીમારી બોટમાં કરાંચીના ૫ ઈસમો ગેરકાયદેસર રીતે અંદાજીત કિંમત રૂ. ૧૭૫ કરોડના નાર્કોટિક્સના ૩૬ પેકેટ પકડી પાડ્યા હતા. ડ્રગ્સના કન્સાઈન્ટમેન્ટને ઈરાની સીમા પશનીથી લેવામાં આવ્યું હતું અને ગુજરાતમાં ડિલીવરી કરવાનું હોવાનું સામે આવ્યું છે. બાતમીને આધારે ગુજરાતમાં ડ્રગ્સ ઘૂસાડવાના ષડયંત્રનો પર્દાફાશ થયો હતો. જો કે આ ડ્રગ્સને ગુજરાતમાંથી વિદેશ મોકલવાનું આયોજન હોવાનું સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

ડ્રગ્સનો રિસીવર જખૌનો જ હતો - આ અંગે અન્ય એક ખુલાસો પણ થયો છે કે, હુસૈન બુલેચીએ ડિસેમ્બર મહિનામાં પણ આ ડ્રગ્સ મોકલ્યું હતું. પરંતુ જખૌથી તેને લેવા માટે કોઇ રિસીવર આવ્યો ન હતો. જેના કારણે તે પાછું ગયું હતું. જે બાદ તેને પાકિસ્તાની ક્રિકમાં છુપાવવામાં આવ્યું હતું. ફરીથી અફઘાનનાં વ્યક્તિ સાથે સંપર્ક કરીને આ રૂટ નક્કી કરવામાં આવ્યો હતો. જેમાં ફરથી આ ડ્રગ્સને જખૌ લાવવાનું હતું. અહીંથી જખૌનો એક માછીમાર તેને રિસીવ કરવાનો હતો. આ ડ્રગનાં રિસીવરની પણ ઓળખ થઈ ગઈ છે. તેને આ કામ માટે ૫૦થી ૭૦ લાખ રૂપિયા મળવાનાં હતાં. જખૌનો આ રિસીવર ડ્રગ્સ લઈને દિલ્હીનાં અફઘાન વ્યક્તિને આપવાનું હતું.

બેંકો હડતાળ
પહેલા પાનાથી ચાલુ

હડતાલની હાકલ કરી છે. હડતાલમાં ઓલ ઈન્ડિયા બેંક એમ્પ્લોઈઝ એસોસિએશન, બેંક એમ્પ્લોઈઝ ફેડરેશન ઓફ ઈન્ડિયા, ઈન્ડિયન નેશનલ બેંક એમ્પ્લોઈઝ ફેડરેશન અને ઈન્ડિયન નેશનલ બેંક ઓફિસર્સ કોંગ્રેસનો સમાવેશ થાય છે.

ઓનલાઈન રૂમ બુક કરાવતા રહો સાવધાન..!! એકાઉન્ટમાંથી રૂ.૨૧,૫૭૯ ઉપડી ગયા

સુરત

મૂળ જામનગરના વતની અને સુરતમાં પુણા ગામ નંદનવન સોસાયટી વિભાગ ૧ ઘર નં. ૧૬૪ માં રહેતા ૨૭ વર્ષીય ઈમિગ્રેશન ક્લાસના સંચાલક દિવ્યેશભાઈ જયંતીભાઈ ધામેલીયા ગત દિવાળીમાં ૨૮ ઓક્ટોબર ૨૦૧૯ના રોજ પરિવાર સાથે નાથદ્વારા દર્શને ગયા હતા અને પટેલ સમાજની વાડીમાં રોકાયા હતા.

ત્યાંથી બીજા દિવસે જયપુર ફરવા જવાનું થતાં ત્યાં રોકાવવા તેમણે ઓનલાઈન પટેલ સમાજની વાડીનો નંબર સર્ચ કરી રૂમ બુક કરાવવા ફોન કર્યો હતો. સામેથી અજાણ્યાએ પોતે પટેલ સમાજની વાડીમાંથી બોલે છે કહી રૂમ ખાલી છે અને ભાડું રૂ.૮૬૪ છે પરંતુ તમારે પહેલા ઓનલાઈન પેમેન્ટ કરવું પડશે તેમ કહ્યું હતું. થોડીવાર બાદ દિવ્યેશભાઈને બેંકના મેસેજ આવવા માંડ્યા હતા. તેમના ક્લાસના ચાર અલગ અલગ એકાઉન્ટમાંથી કુલ રૂ.૨૧,૫૭૯ ઉપડી ગયા હતા અને તેમના જે બેંકોમાં એકાઉન્ટ નથી તેવી આઠ બેંકમાંથી પણ તેમને કોઈક તમારૂ એકાઉન્ટ લિંક કરવા માગે છે. સાવચેત રહેજો તેવા મેસેજ આવ્યા હતા. આથી દિવ્યેશભાઈએ તે વ્યક્તિને ફોન કરી પૈસા કપાયા અંગેની વાત કરતા તેણે ભૂલથી કપાઈ ગયા હશે. અડધો કલાકમાં પરત ટ્રાન્સફર કરી દઈશું તેવું કહ્યું હતું. જોકે, પૈસા પરત ન થતા તેમણે તે વ્યક્તિને ફોન જોડ્યો તો સ્વીચ ઓફ હતો. આ અંગે જે તે સમયે બેંકમાં કાર્યવાહી કર્યા બાદ દિવ્યેશભાઈએ ગતરોજ અજાણ્યા ત્રણ મોબાઈલ નંબર ધારક તેમજ પેટીએમ એકાઉન્ટ ધારક વિરૂદ્ધ પુણા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

કચરાપેટીમાં કરોડોનું કૌભાંડ..!! ધારાસભ્ય સંઘવીએ સુરત મનપા પર ભ્રષ્ટાચારનો આરોપ મુક્યો

સુરત

સુરતમાં ધારાસભ્ય હર્ષ સંઘવીએ સુરત મહાનગરપાલિકા સામે ભ્રષ્ટાચારનો સનસનીખેજ કચરાપેટી કૌભાંડનો આરોપ લગાવ્યો છે. ભાજપની સત્તાવાળી એસએમસીમાં ધારાસભ્યના આ આરોપથી ખળભળાટ મચી જવા પામ્યો હતો. તો સુરતનું રાજકારણ પણ ગરમાયું છે. ધારાસભ્ય હર્ષ સંઘવીએ સુરત મહાનગરપાલિકામાં સ્માર્ટ સિટીની મળેલી એડવાઈઝરી કમિટીમાં શહેરમાં ઠેકઠેકાણે રૂા. ૧૩,૫૦૦ તથા રૂા.૧૦,૮૫૦ના ભાવે લાગેલી ૨૯૭૬ કેડર ટાઈપ ડસ્ટબિન ખરીદીમાં ભ્રષ્ટાચારનો ખુલ્લો આરોપ લગાવ્યો છે. એક જ વર્ષમાં ડસ્ટબિન તૂટીને તકલાદી થઈ ગઈ હોઈ ઈજારદાર સામે કાર્યવાહી સાથે ૩.૮૦ કરોડની મોટી ખરીદી ટેન્ડરિંગ પ્રક્રિયાના બદલે ઝોનમાંથી કરાઈ હોવાનો આરોપ તેમણે કર્યો હતો અને ડસ્ટબિનની સમગ્ર ખરીદી પ્રક્રિયામાં તપાસની માગ કરી હતી.

આ ઉપરાંત હર્ષ સંઘવીએ જણાવ્યું કે, સ્વચ્છતા સર્વેક્ષણના રેન્કિંગમાં સુરત પાછળ ફેંકાયું તેમાં પબ્લિકની ભૂલ નથી, પરંતુ પાલિકાના પાપના કારણે પાછળ ધકેલાયું છે. તેમણે એમ પણ જણાવ્યું કે આપણે સ્માર્ટ સિટીની વાતો કરીએ છે ત્યારે તકલાદી ડસ્ટબિનો તો ઘણી જગ્યાએ માત્ર એક મહિનામાં જ તૂટી ગઈ છે. તો કેટલાકના દરવાજા તૂટી ગયા છે જ્યારે કેટલીક વાંકી વળી ગઈ છે. એમએલએ હર્ષ સંઘવીએ કહ્યું કે, લાંબા સમય સુધી ડસ્ટબિન ચાલવી જોઈએ તેનું મેનટેનન્સ થવું જોઈએ. થોડા જ સમયમાં ડસ્ટબિન તૂટી ગઈ હોવાથી જવાબદાર સામે કાર્યવાહી થવી જોઈએ.

લગ્નની લાલચ આપી મહિલા સાથે દુષ્કર્મ આચરનાર સહકર્મી વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ

સુરત

સુરતમાં સતત બળાત્કારની ઘટના સામે આવી રહી છે ત્યારે વધુ એક ફરિયાદ શહેરના ઉધના પોલીસ મથકે નોંધવા પામી છે. ઉધના વિસ્તારમાં રહેતી ૨૩ વર્ષીય યુવતીને લગ્ન જીવન દરમિયાન પતિ સાથે નહિ ફાવતાં ડિવોર્સ થઈ ગયા હતા. જોકે, પોતાનું ગુજરાન ચલાવા માટે પોતાના વિસ્તાર માં આવેલ એક ગાડીના શોરૂમ કામ કરતી હતી.

જોકે કામ દરમિયાન આજ શો-રૂમ કામ કરતો હર્ષ શાહ નામના યુવકના પરિચયમાં આવી હતી. સાથે કામ કરતા હર્ષ સાથે યુવતીની દોસ્તી જોતજોતામાં પ્રેમમાં પરિવર્તિત થઈ હતી. જોકે યુવાન દ્વારા આ યુવતીને લગ્નની લાલચ આપીને અનેક વાર શરીર સંબંધ બાંધ્યો હતો.

જયારે આ યુવતી અને યુવક બહાર મળતા હતા ત્યારે યુવક આ યુવતીને અલગ અલગ જગ્યા પર લઈ જઈને તેની સાથે શરીર સંબંધ બાંધતો હતો. જોકે યુવતી દ્વારા લગ્ન માટે અવારનવાર યુવક પર દબાણ કરવામાં આવતું હતું ત્યારે યુવક પોતાની બહેનના લગન થઈ જાય બાદમાં લગ્ન કરવાની વાત કરીને યુવતીની વાત ટાળી દેતો હતો.

ત્યારબાદ યુવકની બહેનના લગ્ન થઈ જતા યુવતી દ્વારા યુવકને લગ્ન માટે કહેવામાં આવ્યુ હતું ત્યારે આ યુવકે યુવતી સાથે લગ્ન કરવાની ના પાડી દીધી હતી જોકે, યુવતીએ યુવકના પરિવાર પાસે જઈને પોતાની સાથે બનેલી ઘટના વિશે કહેતા યુવકના પરિવારે પણ લગ્નની ના પડી હતી ત્યારે આ યુવતીને લાગ્યું કે યુવકે તેની સાથે છેતરપિંડી કરી તેનો ઉપયોગ કર્યો છે. જેથી યુવતીએ તાતકાલિક પોલીસમાં દોડી જઈને આ યુવક વિરુદ્ધ બળાતકારની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આ મામલે ફરિયાદના આધારે ગુનો નોંધી યુવકની ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા છે.

આરોગ્ય વિભાગ દ્વારા વધુ એક ડ્રાઇ દિવસની ઉજવણી

સુરત

સુરત મહાનગર પાલિકાના વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા ડેન્ગ્યુ, ચિકુનગુનિયા, મલેરિયા જેવા રોગ ફેલાવતા મચ્છરોનાં નિયંત્રણ માટે સમગ્ર શહેરમાં માસ ડ્રાય ડે કેમ્પેઈનનું આજ રોજ આયોજન કરવામાં આવેલ હતું. જે અંતર્ગત ડેન્ગ્યુ તેમજ ચિકુનગુનિયા રોગ માટે હાઈરિસ્ક એવા સ્લમ વિસ્તારો, સ્લમ લાઈક વિસ્તારો તથા સોસાસયટીઓમાં લોકોને પોતાના ઘરોમાં ડેન્ગ્યુ, ચિકુિનગુનિયા જેવા રોગો માટે જવાબદાર એડિસ મચ્છરોની ઉત્પત્તિ અટકાવવા માટે પાણી ભરવાના પાત્રો જેવા કે પીપ, કેરબા, ડ્રમ, પવાલી, ડોલ , મની પ્લાન્ટ, ફીજની ટ્રે, એરકુલરની ટ્રે, પક્ષીકુંજ, ફુલ છોડનાં કુંડામાં ભરાય રહેલ વધારાનું પાણી તથા ફુલ છોડનાં કુંડાની નીચે મુકવામાં આવેલ ડીસ વિગેરે દર શનિવારે સંપૂર્ણ ખાલી કરી પાત્રોની અંદરની સપાટીને કાથાની દોરી વડે ઘસી, સુકવીને ત્યારબાદ જ પાણી ભરે અને પાણી ભરવાના તમામ પાત્રો ઢાંકીને રાખવા સમજ આપવામાં આવી હતી.

કેવડિયા પો.સ્ટે.ની હદ માંથી મોબાઈલ ચોરીના ગુનાના આરોપીને ઝડપી પાડતી એલ.સી.બી.નર્મદા



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા ઈન્ચાર્જ. પોલીસ અધિક્ષક, રાજેશ પરમારના માર્ગદર્શન અને સુચના મુજબ જીલ્લામાં મિલ્કત સંબંધીગુનાઓને અંકુશમાં રાખવા તેમજ અનડીટેક્ટ ગુનાઓ ડીટેક્ટ કરવા સુચના મુજબ નર્મદા એલ.સી. બી. પી. આઈ. એ.એમ.પટેલ, પોલીસ ઈન્સ્પેક્ટરના માર્ગદર્શન મુજબ એલ. સી. બી. પી. એસ. આઈ. સી. એમ. ગામીત તેમજ ટિમ ચેકીંગમાં હતા. તે દરમ્યાન ટેક્નીકલ સર્વેલન્સ ના આધારે માહીતી મળતા કેવડીયા પો.સ્ટે.ગુ.ર. નં. ફસ્ટ ૧૭/૨૦૧૮ ઈ.પી.કો. કલમ ૩૭૯ ના ગુનાનો આરોપી આઈબ સકસેન સીંગ ગુજજર રહે.રાવત, જી.ઈન્દોર (મધ્યપ્રદેશ)વાડી ચોકડી પાસે છે.એ માહીતી ના આધારે તે જગ્યાએ જઈ તેને પકડી તેની તપાસ કરતાં તેની પાસેથી ઓપ્પો કંપનીનો મોબાઈલ ફોન-૧ મળતા મોબાઈલ ફોન વિશે પુછપરછ કરતા તેણે આ મોબાઈલ કેવડીયા ખાતે થી ચોરી કર્યો હોવાનું જણાવતા મોબાઈલ ફોન કબજે કરી આરોપીને કેવડીયા પો.સ્ટે. ના ગુનામાં અટક કરી કાયદેસર કાર્યવાહી કરવામાં આવી છે.

બાળકને જન્મ આપ્યા બાદ ફેંકી દેનાર ૧૭ વર્ષની કુંવારી કિશોરી ઝડપાઈ

સુરત

કાપોદ્રા વિસ્તારમાં શુક્રવારની મોડિરાત્રે એક કિશોરીએ બાળકને જન્મ આપ્યો હતો. કિશોરી કુંવારી હોવાથી સમાજના ડરે નવજાત બાળકને કડકડતી ઠંડીમાં પ્લાસ્ટિકની કોથળીમાં ભરીને નાખી આવી હતી. બાળકી મળ્યાની જાણ પોલીસને થતાં પોલીસે ૬ કલાકમાં જ ૧૫ સીસીટીવી જોઈને આરોપી કિશોરીને ઝડપી લેતા તેણે ગુનો કબૂલ કરતાં કિશોરીને જુવેનાઈલ હોમમાં મોકલી દેવાઈ હતી.

કાપોદ્રા પોલીસ અનુસાર કલ્યાણ કુટીર સોસાયટી-૨ની શેરી નંબર ૧ પાસે શનિવારની સવારે આઠ વાગ્યે ફરસાણના દુકાનદાર ઘનશ્યામ વઘાસીયાએ પ્લાસ્ટીકની કોથળીમાં હલનચલન થતું જોયું હતું. બાદમાં પ્લાસ્ટિકની કોથળી ખોલતા તેમાં નવજાત હોવાનું માલૂમ થયું હતું. જેથી તેણે તરત ૧૦૮ એમ્બ્યુલન્સ અને પોલીસને ફોન કર્યો હતો. પોલીસે ઘટન સ્થળે પહોંચીને બાળકને સ્મીમેર મોકલી દીધું હતું. હાલ બાળક એનઆઈસીયુ વોર્ડમાં દાખલ છે. બાળક અધૂરા માસે જન્મ્યુ હોવાથી તેનો વજન ખૂબ ઓછો છે. પોલીસે સોસાયટીના સીસીટીવી ચેક કર્યા હતાં. જેમાં એક કિશોરી ઘરમાંથી પ્લાસ્ટિકની થેલી લઈને બહાર નીકળતી દેખાઈ હતી. બાદમાં પરત ફરતી વખતે તેના હાથમાં કોઈ થેલી નહોતી. જેના આધારે પોલીસે સોસાયટીની ૧૭ વર્ષની કિશોરીને ઝડપી લીધી હતી.

સરકારનાં પોકળ દાવા... સિવિલમાં મંજૂર થયેલી ૩૩૬ જગ્યા સામે ૯૪ ડૉક્ટરોની અછત

સુરત

સુરત ગવર્મેન્ટ મેડિકલ કોલેજની સાથે નવી સિવિલ હોસ્પિટલમાં છેલ્લા કેટલાક સમયથી વિવિધ વિભાગોમાં ડૉક્ટરોની અછત વર્તાઈ રહી છે. જોકે મેડિકલ કોલેજમાં મંજૂર થયેલી ૩૩૬ સામે ૯૪ જગ્યાની સરકારી ભરતી કરવામાં આવી ન હોવાથી અછત વર્તાઈ રહી છે.

દક્ષિણ ગુજરાતમાંથી અને અન્ય રાજ્યોમાંથી વિવિધ તકલીફોથી પીડાતા અને અકસ્માતમાં ઈજા પામેલા રોજના અંદાજિત ૨૦૦૦ જેટલા દર્દીઓ સારવાર માટે સુરત નવી સિવિલ હોસ્પિટલમાં આવે છે. તેથી સરકાર દ્વારા ખાનગી હોસ્પિટલ જેવી તમામ સુવિધા મળી રહે તેવા પ્રયાસ કરવામાં આવે છે પણ સરકારની આ વાત પોકળ સાબિત થઈ ગઈ હોય એવું લાગી રહ્યું છે.

છેલ્લા ઘણા સમયથી નવી સિવિલ હોસ્પિટલમાં વિવિધ વિભાગોમાં પ્રાધ્યાપક, સહ પ્રાધ્યાપક, મદદનીશ પ્રાધ્યાપકો સહિતના ડૉક્ટરોની અછત વર્તાઈ રહી છે. જેને કારણે સારવાર અર્થે આવતા લોકો હાલાકી વેઠી રહ્યા હોવાનું જાણવા મળ્યું હતું. ગવર્મેન્ટ મેડિકલ કોલેજમાં વિવિધ વિભાગોમાં ડૉક્ટરોની ૩૩૬ જગ્યા મંજૂર કરવામાં આવી છે. જેમાં ૨૪૨ ડૉક્ટરની જગ્યામાં ભરતી કરવામાં આવી છે જયારે ૯૪ ડૉક્ટરોની અછત હોવાનું જાણવા મળે છે.

મેડિસિન ૧૦, ઓર્થોપેડિક ૩, સર્જરી ૫, ગાયનેક ૪, આંખ ૩, દાત ૩, બાળકો ૨, રેડિયોલોજી ૯, એનેસ્થેસિયા ૭, માનસિક રોગ ૪, ફોરેન્સિક મેડિસિન ૪, ઈમરજન્સી મેડિસિન ૨ સહિતના વિભાગોના ૯૪ ડૉક્ટરોની અછત હોવાનું જાણવા મળ્યું છે.

અખિલ ભારતીય યુવા કોળી/કોરી સમાજ

ન્યુ દિલ્હી સંગઠન દ્વારા ગુજરાત પ્રદેશ કાર્યકારિણી બેઠક ઉના નગર પાલિકા ભવન ખાતે મળી



અખિલ ભારતીય યુવા કોળી/કોરી સમાજ સંગઠનના તમામ ગુજરાત પ્રદેશના હોદેદારો અને કાર્યકર્તાઓ કોળી સમાજના યુવાનો મોટી સંખ્યામા હાજર રહ્યા હતા.

પ્રદેશ ઉપપ્રમુખ મુન્નાભાઈ ચોગઠ પ્રદેશ સચિવ પરેશભાઈ ચૌહાણ પ્રદેશ સચિવ લખનભાઈ કોટડીયા ભાવનગર જિલ્લા પ્રમુખ હેમંતભાઈ ડાભી મહુવા તાલુકા પ્રભારી મુકેશભાઈ ધાપા, ગીર સોમનાથ જિલ્લા પ્રમુખ જેન્તીભાઈ,ગીર સોમનાથ જિલ્લાના મંત્રી જેન્તીભાઈ આર.ટી.આઈ એકટીવિસ્ટ ચૌહાણ જેન્તીકુમાર, સામાજીક કાર્યકર ભરતભાઈ કામલીયા, કોળી સમાજના યુવા નેતા રસિકભાઈ ચાવડા, એ હાજરી આપી હતી અને યુવાનોને વ્યસમુક્તિ, શિક્ષણ, સમૂહલગ્ન અને સરકારી કાયદાઓનુ માર્ગદર્શન પુરુ પાડ્યું હતું તેમજ સમાજના સંગઠનને આગળ લઈ જવા માટેની આગામી રણનીતી માટે પણ માર્ગદર્શન પુરુ પાડવામાં આવ્યું હતુ.આગામી સમયમાં સંગઠન મજબૂત બનાવી કોળી સમાજ ઉપર થતા અન્યાય બાબતે ગાંધીનગર ખાતે ધરણા કરવામાં આવશે એવું સંગઠન દ્વારા આહવાન કરવામાં આવ્યું.

વન વિભાગે ૩ લાખના ખેરના લાકડા ભરેલો ટેમ્પો ઝડપી પાડ્યો

વલસાડ

વલસાડ જિલ્લાના મરલા ગામે ખેરના લાકડાનો જથ્થો ભરીને ટેમ્પોમાં લઈ જવામાં આવ્યો હોવાની બાતમી ઉત્તર વનવિભાગને મળતા ફોરેસ્ટ વિભાગના અધિકારીએ પેટ્રોલિંગ દરમિયાન ટેમ્પોમાં લઈ જવામાં આવતા ૮ ટન જેટલા છોલેલા ખેરના લાકડામાં ૪૪૯ નંગ જેની કિંમત અંદાજીત રૂપિયા ૩ લાખના મુદ્દામાલને ઝડપી પાડયા હતા. આ જથ્થો ટેમ્પોમાં કેળાના પાનની આડમાં લઈ જવાતો હતો. જંગલ ખાતાના અધિકારીને જાણ થતા ટેમ્પો ચાલક અને અન્ય મજૂરો ટેમ્પો મૂકીને ભાગી ગયા હતા. હાલ જંગલ વિભાગે ટેમ્પો સહિત ૭ લાખનો મુદ્દામાલ ઝડપી લીધો છે.વલસાડઉત્તર વન વિભાગે ૩લાખના ખેરના લાકડા ભરેલો ટેમ્પો ઝડપી પાડ્યોવલસાડ ઉત્તર વન વિભાગના ડી.એફ.ઓ.ડો. બી.સુચિન્દ્રાએ જણાવ્યું કે, ભુતકાળમાં પણ આવી ઘટના બની હતી, જેમાં સંડોવાયેલા અન્ય કોઈ એમાં સામેલ છે કે, કેમ તે દિશામાં તપાસ કરવામાં આવશે.

સીટમે પ્રદર્શનની ફળશ્રૃતિ : બે માસમાં રૂ. ૧૨૫ કરોડનો બિઝનેસ મળવાની આશા

પ્રદર્શનના કારણે પાંચ હજાર મશીનો વેચાઈ જશે

સુરત

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સુરત અ ે મ બ ા ે ઈ ડ ર ી એસોસિએશનના સંયુકત ઉપક્રમે તા. ૩/૧/૨૦૨૦ થી ૫/૧/૨૦૨૦ દરમિયાન સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે 'સુરત ઈન્ટરનેશનલ ટેક્ષટાઈલ એન્ડ મશીનરી એક્ષપો – સીટમે ૨૦૨૦'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યુ હતું. ત્રણેય દિવસ પ્રદર્શનને દેશભરમાંથી બાયર્સનો બહોળો પ્રતિસાદ મળતા એકઝીબીટર્સને આગામી બે મહિનામાં રૂપિયા ૧૦૦થી ૧૨૫ કરોડનો બિઝનેસ મળવાની આશા વ્યકત કરવામાં આવી હતી.

ચેમ્બરના એકઝીબીશન સેલના હેડ શ્રી દેવેશ પટેલે જણાવ્યુ હતુ કે, પ્રદર્શનમાં ૬૦ સ્ટોલમાંથી ૩૫ મશીનરીઓના સ્ટોલ હતા. નાની મશીનરીથી લઈને ૪૦ ફૂટની હાઈસ્પીડ અને અત્યાધુનિક ટેકનોલોજીવાળી મશીનરી માટે પણ સ્ટોલધારકોને ખૂબ જ સારી ઈન્કવાયરી નીકળી હતી. કારણ કે જુની મશીનરીવાળા ઉદ્યોગપતિઓ હવે નવી ટેકનોલોજીમાં ઝંપલાવી રહયાં છે. આથી આગામી બે મહિનામાં એક–એક એકઝીબીટર્સે ૮૦થી ૧૦૦ મશીનો વેચાઈ જવાની આશા સેવી હતી. જયારે વર્ષ દરમિયાન ઓછામાં ઓછા ૨૦૦થી ૩૦૦ મશીનો વેચાવાની સંભાવના વ્યકત કરી હતી. એટલે આ પ્રદર્શનથી કુલ ૪ હજારથી ૫ હજાર નવી મશીનરી વેચાઈ જશે. આમ જાન્યુઆરી મહિનામાં કમુરતા પુરા થતાની સાથે જ બે મહિનામાં રૂપિયા ૧૦૦થી ૧૨૫ કરોડ સુધીનો બિઝનેસ મળવાની આશા એકઝીબીટર્સે વ્યકત કરી હતી. સીટમે પ્રદર્શનમાં એમ્બ્રોઈડરી, ડિજીટલ પ્રિન્ટીગ–ઈન્ક, નોન વુવન, નીટીંગ, સુઈન્ગ, લેસર, સ્પેરપાર્ટ્સ, થ્રેડ્સ–જરી અને વિવિધ એસેસરીઝને પ્રદર્શનમાં મુકવામાં આવી હતી. ત્રણ દિવસ દરમિયાન બાયર્સનુ માનવ મહેરામણ ઉમટી પડયુ હતુ. સુરત અને અમદાવાદ ઉપરાંત દિલ્હી, ચંડીગઢ, કોલકાતા, તિરુપુર, લુધિયાના, અમૃતસર, પાનીપત, જયપુર, ભીવંડી અને માલેગાવથી ખૂબ જ મોટી સંખ્યામાં બાયર્સ પ્રદર્શનમાં ઉમટી પડયા હતા. પ્રથમ દિવસે ૭ હજાર, બીજા દિવસે ૧૪ હજાર અને આજરોજ અંતિમ દિવસે ૨૧ હજાર જેટલા બાયર્સ પ્રદર્શન નિહાળતા જોવા મળ્યા હતા. આમ ત્રણ દિવસ દરમિયાન દેશભરમાંથી કુલ ૪૨ હજાર જેટલા બાયર્સે પ્રદર્શનની મુલાકાત લીધી હતી.

પતંજલી યોગ સમિતિ દ્વારા આહવામાં શિબિર

આહવા

ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા તાલુકા શાળા ખાતે આજે તા.૦૪/૦૧/૨૦૨૦ ના રોજ ડાંગ જિલ્લા પતંજલી યોગ સમિતિના ૨૫ વર્ષ પૂર્ણ થતા એક યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્યશ્રી પ્રજેશ ટંડેલના માર્ગદર્શન હેઠળ,સુપરવાઈઝર શ્રી કે.આર.ભોયે ના નેતૃત્વમાં યોગ શિબિર યોજાઈ હતી. પતંજલી યોગ સમિતિના અધ્યક્ષા શ્રીમતિ પ્રિતિબેન ભાવસાર,ડી.બી.મોરે તથા ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. શિબિરમાં ભાગ લેનારને યોગ પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા તેમજ બાળકોને ચોકલેટ વિતરણ કરાઈ હતી.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ વિરમગામ જિલ્લાનું આઈપીએસ સ્કુલ ખાતે એકત્રીકરણ યોજાયું



• વિરમગામ, માંડલ, દેત્રોજ, બોપલ, સાણંદ, પાટડી દસાડા તાલુકાના ૩૭ મંડલમાંથી ૧૩૪૫ સ્વયંસેવકો ઉપસ્થિતિ રહ્યા

• જીલ્લાના તમામ તાલુકાઓના ગામમાંથી ભારતમાતાનો ફોટો લઈને સ્વયંસેવકો એકત્રિકરણમાં પહોંચ્યા

વંદના નીલકંઠ વાસુકિયા
વિરમગામ

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વિરમગામ જિલ્લાની આયોજન બેઠક વર્ષ ૨૦૧૯-૨૦માં નિશ્ચિત થયા મુજબ વિરમગામ જિલ્લાનું એકત્રીકરણ દિનાંક : ૦૫/૦૧/૨૦૨૦ રવિવારે ઈન્ડીયન પબ્લીક સ્કુલ વિરમગામ ખાતે સફળતા પૂર્વક સંપન્ન થયું હતુ. જેની પૂર્વતૈયારી જૂન માસથી એકત્રીકરણ સુધી ચરણબદ્ધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. જીલ્લાના કુલ ૧૮૪ ગામના સ્વયંસેવકો ઉપસ્થીત રહ્યા હતા. વિરમગામ જીલ્લાના વિરમગામ, માંડલ, દેત્રોજ, બોપલ, સાણંદ, પાટડી દસાડા તાલુકાના કુલ ૩૭ મંડલમાંથી ૧૩૪૫ સ્વયંસેવકો ઉપસ્થિતિ રહ્યા હતા. જીલ્લાના તમામ તાલુકાઓના ગામ સુધી સંપર્ક કરી ભારતમાતાના ફોટો પહોંચાડવામાં આવ્યા અને સ્વયંસેવકો પોતાના ગામમાંથી ભારતમાતાનો ફોટો લઈને સ્વયંસેવકો એકત્રિકરણમાં પહોંચ્યા હતા. જીલ્લાના ૨૦૦થી વધુ કાર્યકર્તાઓ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સતત કાર્યરત રહ્યાં હતા. જીલ્લા એકત્રીકરણમાં ૭૦ ટકા નવી ભરતી યુવાશક્તિ જોડાઈ. કુલ ૩ સત્રોમાં એકત્રીકરણનો મૂળ ઉદ્દેશ - કાર્યવિસ્તાર કરવા માટે સૌ સ્વયંસેવકો તત્પર બન્યા હતા. સૌરાષ્ટ્ર પ્રાંતના પ્રાંત સહ કાર્યવાહ મહેશભાઈ ઓઝા, સુરેન્દ્રનગર વિભાગ સંઘચાલકજી ચન્દ્રકાન્તભાઈ ત્રિપાઠી, વિરમગામ જીલ્લાના સંઘચાલકજી ડૉ.સંજયભાઈ પરીખ સહિત પ્રાંતીય, વિભાગીય અધિકારીઓની પ્રેરક ઉપસ્થિતિ એ એકત્રીકરણને પ્રોત્સાહિત કર્યું હતુ. ઘોષ નિદર્શન તથા પ્રત્યક્ષ એક કલાક ની શાખા સાથે એકત્રીકરણ સમાપ્ત થયું હતુ. અલગ અલગ સત્રોમાં સંઘની છ ગતિવિધિના કાર્યો તથા અનુવર્તનકાર્યની યોજના બનાવવામાં આવી હતી. આ એકત્રીકરણ કાર્યક્રમમાં જયેષ્ઠ સ્વયંસેવકોની ઉપસ્થિતિ આકર્ષણનું કેન્દ્ર બની રહી હતી. જીલ્લા એકત્રીકરણમાં આવેલા સ્વયંસેવકોએ ભારતના મહાપુરૂષોની પ્રદર્શની તથા રંગોળી નીહાળી, સેલ્ફી પોઈન્ટ પર તસવીરો લીધી અને રાષ્ટ્રીય વિચારોને પ્રોત્સાહીત કરતા સાહિત્યની ખરીદી કરી હતી.

પાક.માં ગુરૂદ્વારા પર થયેલા હુમલાના વિરોધમાં ઈમરાનના પૂતળાને સળગાવાયું

વડોદરા

પાકિસ્તાનમાં શીખ સમુદાયના ગુરૂદ્વારા પર થયેલા હુમલાના વિરોધમાં વડોદરા ખાતે આવેલા ખંડેરાવ માર્કેટ ચાર રસ્તા પર ઈમરાન ખાનના પૂતળાંને ચપ્પલનો હાર પહેરાવીને દહન કરવામાં આવ્યું હતું. પાકિસ્તાન મુર્દાબાદના નારા સાથે લોકોએ પોતાનો રોષ પ્રગટ કર્યો હતો.

શિવસેનાના પ્રવક્તા તેજસ બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું કે,પાકિસ્તાનમાં આવેલા નાનકાના સાહિબ શીખ ગુરુદ્વારા પર ટોળા દ્વારા કરવામાં આવેલા હિચકારા હુમલા અને તોડફોડનાં ભારતભરમાં ઉગ્ર પ્રત્યાઘાતો પડ્યા છે. દિલ્હી, પંજાબ, હરિયાણા સહિત કેટલાક રાજ્યોમાં શીખોએ હુમલાને વખોડીને વિરોધ પ્રદર્શનો યોજ્યા હતાં. કેટલાક શીખ ગૃપ દ્વારા દિલ્હીમાં પાકિસ્તાન હાઈ કમિશનની બહાર દેખાવો કરાયા હતા. વડોદરા શહેર શિવસેનાના દ્વારા ખંડેરાવ માર્કેટ ચાર રસ્તા ખાતે પાકિસ્તાનના પી.એમ. ઈમરાનખાનના પૂતળાનું દહન કરી પાકિસ્તાન મુર્દાબાદના નારા લગાવી વિરોધ નોંધાવ્યો હતો.આ કાર્યક્રમના પગલે ટ્રાફિક વ્યવહાર ખોરવાઈ ગયો હતો.

અમદાવાદમાં ૧૦ સ્થળોએ ઘાયલ પશુ-પક્ષીઓની સારવાર માટે મોબાઈલ વાન મૂકાશે

આજથી સાબરમતી રિવરફ્રન્ટ પર ઈન્ટરનેશનલ કાઈટ ફેસ્ટિવલનો પ્રારંભ

અમદાવાદ

આજથી અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ૨૦૨૦નો પ્રારંભ થઈ રહ્યો છે. આ પતંગ મહોત્સવ ૭ દિવસ સુધી એટલે કે ૧૪મી જાન્યુઆરી સુધી ચાલશે. આ મહોત્સવમાં અમદાવાદના સહિત વિદેશીઓ પણ આકર્ષણ જમાવશે. હજારોની સંખ્યામાં લોકો પતંગની મજા માણશે.

ઉત્તરાયણને લઈ અમદાવાદમાં ૧૧થી ૧૭ જાન્યુઆરી સુધી કરૂણા અભિયાવન હેઠલ પતંગ દોરાથી ઘાયલ પશુ-પક્ષીઓવી સારવાર માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. પ્રેમ દરવાજા, લાંભા અને ઓઢવમાં પશુ દવાખાનાઓમાં ઓપરેશન થિયેટર સાથેની સુવિધા ઉપલબ્ધ કરાવાઈ છે. આ ઉપરાંત અમદાવાદમાં ૧૦ સ્થળોએ મોબાઈલ વાન ને સ્ટેન્ડ ટૂ રાખવામાં આવશે. ઘાયલ પશુ-પક્ષીઓને તાત્કાલિક સારવાર મળી રહે અને તેઓનો જીવ બચાવી શકાય તે માટે ડૉક્ટરોની ટીમોને ખડેપગે રાખવાનો જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આદેશ આપવામાં આવ્યો છે.

બોઈલરમાં બ્લાસ્ટ થતાં એક કર્મચારીનું મોત, આઠ લોકો ઈજાગ્રસ્ત

વડોદરા

વડોદરાના જંબુસરમાં આવેલી પીઆઈ ઈન્ડસ્ટ્રીના બોઈલરમાં બ્લાસ્ટ થવાને એક મજૂરનું મોત નિપજ્યું છે, જયારે અન્ય ૮ કર્મચારીઓને ઈજાઓ પહોંચી છે. બ્લાસ્ટ એટલો પ્રચંડ હતો કે કર્મચારીઓમાં ડરનો માહોલ છવાઈ ગયો હતો. અને ત્યાં કામ કરતાં લોકોએ અફરાતફરીના માહોલ વચ્ચે દોડધામ મચાવી મૂકી હતી. આ બ્લાસ્ટમાં ઈજા પહોંચેલાં કર્મચારીઓને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

ઘટનાની વિગતમાં વાત કરીએ તો, જંબુસરની પી.આઈ ઈન્ડસ્ટ્રીઝના બોઈલરમાં રાસાયણિક પ્રક્રિયા દરમિયાન પ્રચંડ બ્લાસ્ટ થયો હતો. આ બ્લાસ્ટ એટલો જોરદાર હતો કે ત્યાં કામ કરતાં આઠ કર્મચારીઓ તેની ચપેટમાં આવી ગયા હતા. જેઓને તાત્કાલિક જંબુસરની હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. પણ અહીં ઈજાગ્રસ્તોમાંથી એક કર્મચારીનું મોત નિપજ્યું હતું.

તો આ બ્લાસ્ટમાં ઈજા પામેલાં અન્ય સાત લોકોને તાત્કાલિક વધારે સારવાર અર્થે જંબુસરથી વડોદરા ખસેડવામાં આવ્યા હતા. અને હાલ તેમની વડોદરામાં સારવાર ચાલી રહી છે. અને આ મામલે પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. બ્લાસ્ટ કયા કારણે થયો તે અંગે પણ તપાસ શરૂ કરવામાં આવી છે.

પાકિસ્તાનની જેલમાં કેદ કરાયેલા ૨૧૯ માછીમારો પૈકી ૨૦ માછીમારોને મુક્ત કરાયાં

પોરબંદર

પોરબંદર નજીક સમુદ્રમાં માછીમારી કરતા માછીમારોને પાકિસ્તાન મરીન સીક્યુરીટી એજન્સી દ્વારા બંદુકના નાળચે અવાર નવાર અપહરણ કરતા હોવાના બનાવો બને છે. ભારતીય જળસીમામાં માછીમારી કરતા આ નિદોર્ષ માછીમારોને બંધક બનાવી પાકિસ્તાની જેલમાં ખસેડી દેવામાં આવે છે. પરિવારનો કમાઉ અને જવાબદાર માછીમારને બંધક બનાવી દેવામાં આવતો હોવાના પગલે તેમના પરીવારજનોની દયનીય હાલત થઈ જાય છે. ત્યારે પાકિસ્તાની જેલમાં કેદ ભારતીય માછીમારોને છોડી મૂકવાનું પાકિસ્તાન સરકારે નિર્ણય કરી ૨૦ જેટલા માછીમારોને છોડાવવામાં આવ્યા છે. પાકિસ્તાનની માલિર જેલમાં કેદ કરાયેલા ૨૧૯ માછીમારો પૈકી ૨૦ માછીમારોને મુક્ત કરવામાં આવ્યા છે. આ માછીમારો માલિર જેલમાંથી મુક્ત થયા બાદ કરાંચી આવી પહોંચ્યા અને અહીં કેન્ટ સ્ટેશનથી ટ્રેન મારફત વાઘા બોર્ડર જવા માટે નીકળશે. અને આ માછીમારો આજે ૭ જાન્યુઆરીના વાઘા બોર્ડર પહોંચ્યા બાદ ભારતીય સુરક્ષા એજન્સીને સોંપવામાં આવશે.

શેરોલ્ડ કિશોર વદર અપારો, નરકંદાદાસ ધનરાજુ વુલ્ફ અપના, ગ્રામરાથી વ્લાદ જકીતા રામારાવ, રામ બાબુ વિલાર્ડ સન્યાસી રાવ, અપારાઓ વિલ રામુદુ, રામા રાવ વિલ્ડે અપના, અપના વરદ અપારો, ગુરુ વિલ વદ લક્ષ્યા, નર્સિંગ વ્લાડ લક્ષ્મણ, સેમ્યુઅલ વ્લાદ કનાલુ, યારૈયા વ્લાદ લક્ષ્મણ રાવ, સારા નારાયણ વ્લાદ અપલા સ્વામી, મણી વિદ અપાર્ટેઉ, વેંકટેસ વ્લાદ નરસિમ સોલો, ક્લેઈન વિલ્ડે અપારો, રાજુ વિલ અમરો, બવાઈ રોડિયો વ્લાદ કોરલાયા, સેમસન રાવ, વ્લાદ માસિનોદી અને સોમનાથ વ્લાદ સહિતના માછીમારોને મુક્ત કરાયા છે.

નિત્યાનંદ આશ્રમ કાંડ: 'મારો જીવ જોખમમાં છે' લોપામુદ્રાનાં વિડીયોથી ખળભળાટ

અમદાવાદ

અમદાવાદમાં નિત્યાનંદ આશ્રમ કાંડમાં પિતાની હેબિયસ કોર્પસ દાખલ કરી હોવા છતાં પોલીસ હજુ લોપામુદ્રાને શોધી શકી નથી. થોડા દિવસ પહેલાં ડીપીએસની મંજુલા શ્રોફે વીડિયો વાયરલ કરી નિત્યાનંદના વખાણ કર્યા હતા. ત્યારે હવે લોપામુદ્રાએ પણ એક વીડિયો વાયરલ કર્યો છે. જેમાં તે રડતાં રડતાં કહી રહી છે કે તે ફસાઈ ગઈ છે અને તેને જીવનું જોખમ છે.

નિત્યાનંદ આશ્રમ કાંડ મામલે રોજ નવા ફણગાં ફૂટી રહ્યા છે. ત્યારે હવે લોપામુદ્રાએ સોશિયલ મીડિયામાં શેર કરેલાં વીડિયોથી ખળભળાટ મચી જવા પામ્યો છે. લોપામુદ્રાએ તામિલ ભાષામાં આ વીડિયો શેર કર્યો છે. વીડિયોમાં તે ગળગળી બની જાય છે. અને વાત કરતાં કરતાં જ તે રડી પડે છે અને પોતાને જાનનું જોખમ હોવાની વાત કહી રહી છે. લોપામુદ્રાનો આ વીડિયો વાઈરલ થતાં જ પિતાની ચિંતામાં વધારો થઈ ગયો હતો. લોપામુદ્રાના પિતાએ સરકાર પાસે ઝડપી ન્યાયની માગણી કરી છે. તો સત્સંગ પહેલાં લોપામુદ્રાએ તામિલ ચેનલને ઈન્ટરવ્યુ આપ્યું હતું. જો કે લોપામુદ્રાનો વીડિયો વાયરલ થતાં અનેક સવાલો ઉભા થઈ રહ્યા છે. હવે તેને કોનાથી જીવનું જોખમ છે તે અંગે હવે વધુ તપાસ બાદ જ ખબર પડશે.

બાળકોના મોતને લઈ કોંગ્રેસના ધરણા, અમિત ચાવડાએ કે.ટી. ચિલ્ડ્રન હોસ્પિ.ની મુલાકાત લીધી

૧૦ જાન્યુઆરીએ વિધાનસભા સત્રમાં બાળકોના મૃત્યુનો મુદ્દો ઉઠાવીશું: અમિત ચાવડા

રાજકોટ

રાજકોટની સિવિલ હોસ્પિટલમાં આવેલી કે.ટી. ચિલ્ડ્રન હોસ્પિટલમાં છેલ્લા ૧ મહિનામાં ૧૧૧ બાળકોના મોતના વિરોધમાં કોંગ્રેસ સિવિલ હોસ્પિટલ ચોકમાં ધરણા પર બેઠી છે. જેમાં મોટી સંખ્યામાં કાર્યકરો જોડાયા છે. આ ઉપરાંત ગુજરાત કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા પણ ધરણામાં જોડાયા છે. ધરણા પર બેસતા પહેલા અમિત ચાવડાએ કે.ટી. ચિલ્ડ્રન હોસ્પિટલની મુલાકાત લીધી હતી. તેમજ સૌરાષ્ટ્રના કોંગ્રેસના ધારાસભ્યો જોડાયા છે. બેનર સાથે નારા લગાવવામાં આવ્યા હતા કે અટકાવો ભાઈ અટકાવો બાળકોના મોત અટકાવો. પોલીસનો ચૂસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, જવાબદારો રાજીનામા આપે. આગામી ૧૦ જાન્યુઆરીએ વિધાનસભા સત્રમાં કોંગ્રેસ બાળકોના મૃત્યુનો મુદ્દો ઉઠાવશે, આ મામલે વિધાનસભામાં પ્રસ્તાવ લાવી અને મૃત્યુના કારણ અંગે જવાબ આપે.

આ અંગે અમિત ચાવડાએ વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતનું ભાવિ મરી રહ્યું છે ઓર્ગેનાઈઝડ ગુનો હોય એવું લાગે છે. અમારે કોઈ રાજનીતિ નથી કરવી પણ ૭૦ ટકા જગ્યા રાજકોટમાં ખાલી છે. દર્દી હેરાન થાય છે, સરકાર જવાબદારી નિભાવી નથી શકતી. જવાબદારોએ રાજીનામાં આપવા જોઈએ. રાજકોટમાં ૧૨૩૪ બાળકોના મોત થયા, ગુજરાતમાં ૨૫૦૦૦ના મોત થયા છે. અડધી પીચે રમનારાને કહેવું છે કે શું કામ આવી ઉતાવળ, પાછળથી સ્ટપિંગ તમારા લોકો જ કરશે, પૂરેપૂરું પાંચ વર્ષ રમોને.

રાજ્યમાં દારૂબંધીનાં લીરેલીરાં..!! દારૂડિયા પીઆઈએ પોલીસને જ મારી નાખવાની ધમકી આપી

અમદાવાદ

ગુજરાતમાં દારૂબંધીનો માત્ર કહેવાતો નિયમ છે, બાકી દારૂ તો ગુજરાતમાં વટથી પીવાય છે. પોલીસ કંટ્રોલ રૂમને મોડીરાત્રે મેસેજ મળ્યો હતો કે, એસપી રિંગ રોડ પર ભાડજ સર્કલ પાસે એક શખ્સ દારૂ પીધેલો છે અને ગાળાગાળી કરે છે. જેથી સોલા પોલીસ સ્ટેશનના સેકન્ડ પીઆઈ ડી.એચ. ગઢવી ત્યાં પહોંચ્યા હતા. દારૂ પીધેલા શખ્સે પોતાની ઓળખ પીએસઆઈ તરીકે આપતા તેને પોલીસ સ્ટેશન લઈ આવ્યા હતા. તેની પૂછપરછ કરતા પોતે દારૂ પીધેલી હાલતમાં જણાવ્યું હતું કે, એમ.એચ. યાદવ ભાવનગર ભરતનગર પોલીસ સ્ટેશનમાં ઈન્ચાર્જ પીઆઈ તરીકે ફરજ બજાવું છું. પોતે હાલ રજા પર છે અને ગાંધીનગર સરગાસણ પાસે સ્વાગત ફ્લેમિંગોમાં રહે છે.

અમદાવાદ પોલીસે ભાવનગરના ભરતનગર પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ એમ એચ યાદવ એસપી રિંગ રોડ ભાડજ સર્કલ પાસે દારૂ પીધેલી હાલતમાં ઝડપી પાડ્યા હતા. જે બાદ પીઆઈને સોલા પોલીસ સ્ટેશનમાં લઈ આવતા યાદવે સોલા પોલીસ સ્ટેશનના પીઆઈને જોઈ લેવાની ધમકી આપી હતી. યાદવે પોતાની ખાખીનો રોફ જમાવી 'તમે મને પોલીસ સ્ટેશન લઈ આવ્યા છો, બધાને જોઈ લઈશ'તેવી ધમકી આપી હતી. તેણે એક કલાક પોલીસ સ્ટેશનમાં ધમાલ મચાવી હતી. અને તેમણે પોલીસ સ્ટેશનમાં પડેલું લેપટોપ પણ તોડી નાખ્યું હતું.

યાદવને મેડિકલ તપાસ માટે લઈ જતા ઉશ્કેરાઈ ગયા હતા અને 'મારી ઉપર કેસ કેમ કર્યો'તેમ કહી ગાળાગાળી શરૂ કરી હતી. ઈનવે સ્કવોડમાં ઉશ્કેરાઈ જઈ લેપટોપની તોડફોડ કરી હતી. આ દરમિયાન પીઆઈ સહિત સ્ટાફના પોલીસકર્મીઓ દોડી આવ્યા હતા. તેમને સમજાવતા વધુ ઉશ્કેરાઈ ગયા હતા. તમે કઈ રીતે નોકરી કરો છો તે હું જોઈ લઈશ' જાડેજા તને તો હું જાનથી મારી નાખીશ' તેમજ 'ક્યાં ગયો રાણા તને તો હું છોડીશ નહીં'પીઆઈ ગઢવીને તું મને પોલીસ સ્ટેશન લઈ આવ્યો છે તને પણ હું છોડીશ નહીં' તેમ કહીં અધિકારીઓને ધમકી આપી હતી. સોલા પોલીસે તેમની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

બેદરકારી... કાચની પેટીમાં એકસાથે બે બાળકો રખાયાં

રાજકોટ

શિશુ મૃત્યુના મોતના વિવાદે રૂપાણી સરકારને ય સાણસામાં લઈ લીધી છે. ઉત્તર પ્રદેશમાં યોગી સરકાર અને રાજસ્થાનમાં ગેહલોત સરકાર આ જ મામલે વિવાદમાં સપડાઈ છે. શિશુ મૃત્યુ વધતાં હવે ગુજરાત આરોગ્ય વિભાગની કામગીરી સામે પણ શંકાની આંગળી ચિંધાઈ છે. મુખ્યમંત્રીના વતનમાં રાજકોટમાં એક જ મહિનામાં ૧૩૪ બાળકોનાં મૃત્યુ થયા છે. શિશુ મૃત્યુનો સળગતો વિવાદ વચ્ચે રાજકોટની કે. ટી. શેઠ ચિલ્ડ્રન હોસ્પિટલની બેદરકારી સામે આવી છે. અહીં એક કાચની પેટીમાં બે બાળકોને રાખવામાં આવ્યા હોવાની તસવીર સામે આવી છે. જોકે, એક પેટીમાં એક જ બાળકને રાખી શકાય છે. આ ઉપરાંત પૂરતા સ્ટાફના અભાવે હોસ્પિટલની સ્થિતિ ક્ફોડી જોવા મળી રહી છે. એક પુત્ર ગુમાવનાર પિતાએ વલોપાત કરતા કહ્યું હતું કે, મારા બંને પુત્રને એક જ પેટીમાં રાખવામાં આવ્યા હતા અને તે કારણે એક પુત્રની જિંદગીનો અંત આવી ગયો હતો જ્યારે બીજો પુત્ર આ તબીબો મને હેમખેમ પરત આપશે તે બાબતે મને શંકા છે.

કારખાનેદાર પાસેથી એક કરોડની દુકાન પડાવી લેનાર ફાયનાન્સર ઝડપાયો

સુરત

અલથાણના ડિસ્કવરી કોમ્પ્લેક્ષમાં રહેતા અને સચીન જીઆઈડીસીમાં લક્ષ્મી વીલા ટેક્સટાઈલ નામે કાપડનું કારખાનું ધરાવતા નવીનચંદ્ર ગોરધન ટોપીયાએ વર્ષ ૨૦૧૫માં ધંધાકીય હેતુ માટે જમીન દલાલ અને ફાયનાન્સનો ધંધો કરતા વલ્લભ મોહન વઘાસીયા (રહે. એ-૧૦૦૨, વાસુપુજ્ય રેસીડેન્સી, મધુવન સર્કલ, એલ.પી. સવાણી રોડ, અડાજણ અને મૂળ દેસાઈ વાડી, તા. જેતપુર, રાજકોટ) પાસેથી વ્યાજે પૈસા લીધા હતા.

વલ્લભે પત્ની નિશા વઘાસીયા અને વડોદરાના અલકાપુરી વિસ્તારમાં રહેતા સંબંધી સંગીતા ગિરીશ પટેલ, કુંજન ગિરીશ પટેલ અને દિવ્યા પટેલના નામે કુલ રૂા. ૪૦ લાખ ૨ ટકાના વ્યાજે આપ્યા હતા. જેની સામે નવીને રૂા. ૩૦ લાખના ચેક, એક કોરો ચેક અને પ્રોમીસરી નોટ લખી આપી હતી. શરૂઆતમાં સમયસર વ્યાજ ચુકવનાર નવીન ધંધામાં મંદી હોવાથી વ્યાજ નહિ ચુકવી શકતા વલ્લભે ૨ ટકાને બદલે ૫ ટકા વ્યાજની ગણતરી શરૂ કરી હતી અને ઉઘરાણી કરી જાનથી મારી નાંખવાની ધમકી ઉચ્ચારી હતી. તેમ છતા વલ્લભે નવીને આપેલા ચેક અને પ્રોમીસરી નોટ પરત આપ્યા ન્હોતા. ઉપરાંત ચેક બેંકમાં ડિપોઝીટ કરી ચેક રિટર્નનો કેસ કરી વિશ્વાસઘાત કર્યો હતો. આ પ્રકરણમાં ખટોદરા પોલીસે ફાયનાન્સર વલ્લભ વઘાસીયાની ધરપકડ કરી પુછપરછ હાથ ધરી છે.

દિપડાઓના આતંકની સરકારે ગંભીર નોંધ લીધીઃ ઠાર મારવાનો નિર્ણય લેવાશે

માંડવી અને ડાંગમાં દીપડા માટેના રેસ્ક્યુ સેન્ટર બનાવવામાં આવશેઃ વનમંત્રી વસાવા

સુરત

છેલ્લાં એક સપ્તાહમાં સુરત જિલ્લામાં દીપડા દ્વારા માણસો પર કરવામાં આવેલા હૂમલા અંગે વન અને આદિજાતિ વિકાસ મંત્રીશ્રી ગણપતસિંહ વસાવાએ સુરત ખાતે પ્રેસ કોન્ફરન્સ યોજી જણાવ્યું હતું કે, માંડવી તાલુકામાં ગત ૩૧મી ડિસે.ના રોજ દીપડા દ્વારા ૭ વર્ષીય બાળક પર હુમલો કરતા ઈજા પહોંચી હતી. ૨જી જાન્યુ.ના રોજ માંડવી તાલુકાના પાતલ ગામના શિવાભાઈ શંકરભાઈ તેમજ ૪થી જાન્યુ.ના રોજ ભરૂચ જિલ્લાના ભરણ ગામના ઈશનભાઈ પર દીપડાએ હુમલો કરતાં બંને ગ્રામજનો અવસાન પામ્યા છે. માંડવી તાલુકાના મૃતક બાળકના પરિવાર પ્રત્યે સંવેદના દર્શાવી સાંસદશ્રી અને માંડવી ડી.એફ.ઓ. દ્વારા મૃતકના પરિવારને રૂ.૪ લાખની સહાય આપવામાં આવી છે.

ગ્રામ્ય વિસ્તારમાં દીપડાના હુમલાઓની ઘટના સંદર્ભે રાજ્ય સરકાર અને વનવિભાગ ગંભીર છે એમ જણાવતા શ્રી વસાવાએ કહ્યું કે, દીપડાઓના આતંકની ઘટનાઓની ગંભીર નોંધ લીધી છે. માંડવી અને ડાંગમાં દીપડા માટેના કુલ બે રેસ્ક્યુ સેન્ટર બનાવવાનો નિર્ણય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યો છે. જેની ટેન્ડર પ્રક્રિયા તેમજ કેન્દ્ર સરકારની મંજૂરીની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી છે એમ તેમણે ઉમેર્યું હતું.

શ્રી વસાવાએ વધુમાં જણાવ્યું કે, માંડવી તાલુકા વિસ્તારમાં નરભક્ષી દીપડાની શોધખોળ શરૂ કરવામાં આવી છે. વનવિભાગની ટીમો તૈનાત કરી વિવિધ સ્થળોએ વોચ ગોઠવાઈ છે, નાઈટ વિઝન કેમેરાનો ઉપયોગ કરાઈ રહ્યો છે. ઉપરાંત પેમ્ફલેટ છપાવીને ગ્રામ્ય તેમજ શ્રમિકવર્ગ, ખેડૂતોના રહેણાંક વિસ્તારમાં વિતરણ કરી જનજાગૃત્તિ કેળવવામાં આવી રહી છે.

વધેલો ખોરાક ખુલ્લામાં ફેંક્વાથી દીપડાઓ ખોરાકની ગંધથી આકર્ષાઈને માણસો પર હુમલા કરતાં હોવાનું ધ્યાન પર આવ્યું હોવાથી મંત્રીશ્રીએ મીડિયા દ્વારા ગ્રામજનોને જમ્યા પછી વધેલો ખોરાક ખુલ્લામાં ન ફેંકવા ભારપૂર્વક અનુરોધ કર્યો હતો.

મંત્રીશ્રીએ કહ્યું કે, ૨૦૧૬ ની ગણતરી મુજબ રાજયમાં સિંહો કરતાં દીપડાની સંખ્યા બમણી છે. હાલની સ્થિતિએ રાજ્યમાં દીપડાઓની સંખ્યા ૧૪૦૦ છે. હુમલાખોર દીપડાઓને પકડવા વન વિભાગ સક્રિય છે, જેની વિગતો આપતા કહ્યું કે, વલસાડ સર્કલના દક્ષિણના જિલ્લાઓમાંથી ૧૦ દીપડા, સુરત સર્કલના જિલ્લાઓમાંથી ૨૫ જેટલા તેમજ સૌરાષ્ટ્રના જીલ્લાઓમાંથી ૬૦ જેટલા દીપડાઓને પાંજરે પૂર્યા છે.

અંકલેશ્વરમાં રાણા સમાજની માહિતી પુસ્તીકાનું વિમોચન

જલારામ હોલમાં અનાવરણ કાર્યક્રમ યોજાયો

અંકલેશ્વર

અંકલેશ્વર ખાતે રાણા સમાજ દ્વારા માહિતી પુસ્તિકાના વિમોચન કાર્યક્રમનું આયોજન કરાયું. અખિલ ભારતીય રાણા સમાજની અંકલેશ્વર ખાતેની યુવા રાણા સમાજ શાખા દ્વારા પારિવારિક માહિતી પુસ્તિકાનું વિમોચન રવિવારના રોજ કરવામાં આવ્યું હતું. અંકલેશ્વરમાં સૌ પ્રથમવાર શ્રી અખિલ ભારત રાણા સમાજની કારોબારી મીટીંગ રાખવામાં આવી હતી. અંકલેશ્વર યુવા રાણા સમાજ દ્વારા અંકલેશ્વર શહેરમાં દૂરસુદૂરના વિસ્તારો તેમજ સોસાયટીઓમાં વસતાં રાણા સમાજના ૩૨૦ પરિવારોની માહિતી એકત્ર કરીને માહિતી પુસ્તિકા બનાવવામાં આવી છે. જેનું વિમોચન તારીખ ૫ મી જાન્યુઆરીના રોજ રવિવારે અંકલેશ્વર ભરૂચી નાકા પાસે જલારામ મંદિર હોલ ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અખિલ ભારતીય રાણા સમાજ ના અધ્યક્ષ કંચનલાલ ચપડીયા, અંકલેશ્વરના નગરસેવિકા અને રાણા સમાજના અગ્રણી ડાહીબેન રાણા તેમજ અખિલ ભારતીય રાણા સમાજના યુવા ફોરમના પ્રમુખ ગિરીશ રાણા અને અંકલેશ્વર યુવા રાણા સમાજના પ્રમુખ ગૌરાંગ રાણા તથા અન્ય સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

સિંગણપોરમાં ઝાડીમાં તરછોડી દેવાયેલુ નવજાત બાળક મળ્યું

રાત્રે ઝાડીમાં રડવાનો અવાજ આવતા સ્થાનિક યુવકે બાળકને શોધી કાઢ્યું

સુરત

સુરતમાં નવજાત બાળકને તરછોડી દેવાના કિસ્સાઓમાં વધારો થઈ રહ્યો છે. કતારગામના સિંગણપોર વિસ્તારમાં વણઝારા વાસ નજીક તાપી નદીના કિનારે ઝાડીમાં એક નવજાત બાળકને કડકડતી ઠંડીમાં મરવા માટે તરછોડી દેવાયું હતું. જેને તાપીના પાળે બેસવા ગયેલા યુવાનો પૈકી જેસીબીના ઓપરેટર કામ કરતાં યુવકે બચાવી લઈને હોસ્પિટલ મોકલતાં બાળક બચી જવાની સાથે હાલ તેની તબીયત સાધારણ હોવાનું તબીબોએ કહ્યું હતું.

કતારગામ સિંગણપોર ગામના વણઝારા વાસ નજીક તાપી નદીના પાળા પર જેસીબી મશીનમાં ઓપરેટરનું કામ કરતો અજય વણઝારા તેના મિત્રો સાથે રાત્રિના સમયે બેસવા માટે ગયો હતો. આ દરમિયાન તાપી નદીના કિનારે આવેલી ઝાડીમાંથી બાળકના રડવાનો અવાજ સાંભળીને તમામ મિત્રો ચોંકી ગયાં હતાં. જેથી સૌ પ્રથમ પોલીસને જાણ કરી દઈને અજયે ઝાડીમાં ઉતરી બાળક પાસે ગયો હતો. બાળક નવજાત હતું તેની નાળ પણ કપાઈ ન હોય તેમ લાગતું હતું. તાજા જન્મેલા બાળકને કોઈ એક પણ કપડું ઓઢાડ્યાં કે પહેરાવ્યાં વગર તરછોડી ગયું હતું.

કડકડતી ઠંડીમાં બાળકને કોઈ મરવા માટે ઝાડીમાં છોડી ગયા હોય તેમ અજયને લાગતાં એક પણ ક્ષણનો વિચાર કર્યા વગર અજયે પોતાના શરીર પર રહેલો શર્ટ કાઢીને બાળકને ઓઢાડી દીધો હતો. બાદમાં અજય બાળકને પાળા પર લઈને આવી ગયો હતો. આ દરમિયાન પોલીસ પણ આવી ગઈ હતી.સાથે જ ૧૦૮ એમ્બ્યુલન્સ પણ આવી જતાં બાળકને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યું હતું. બીજી તરફ બાળકને જન્મ બાદ ત્યજી દેનાર નિષ્ઠુર જનેતા સામે લોકોએ ફિટકાર વરસાવી હતી. સાથે જ પોલીસે બાળકને ત્યજી દેનાર માતા અને પરિવારની શોધખોળ હાથ ધરી છે.

સ્ટેટ મોનિટરિંગ સેલે પાંડેસરામાંથી દારૂ પકડી પાડયો

દારૂ સાથે બે મહિલા સહિત છ લોકોની ધરપકડ

સુરત

સ્ટેટ મોનીટરિંગ સેલે પાંડેસરાના ધંતોરા જકાતનાકા પાસે પતરાના શેડ અને ઈશ્વરનગરમાં દરોડા પાડી સ્કોડા ગાડી, દારૂનો જત્થો મળી કુલ્લે રૂપિયા ૪,૬૮,૩૮૦ની કિંમતનો મુદ્દામાલ જબ્ત કર્યો હતો. સ્ટેટ મોનીટરિંગ સેલે બે મહિલા સહિત છ જણાની ધરપકડ કરી હતી. જયારે ભાગી જનારા ચારથી વધુ વ્યક્તિને વોન્ટેડ જાહેર કરાયા હતા.

સ્ટેટ મોનીટરિંગ સેલે પાડેલા આ દરોડામાં આરોપી રાજ બીનબંસી, મુન્ના રાજારામ, ભીમ હંસરાજ, ભોલારામ, અમૃતરામ, કાજેલ બેન , હર્ષદભાઈષ મીનાબેન, મહોનભાઈની ધરપકડ કરી હતી. ત્યારે દિલીપ, જીતેન્દ્ર , ધીરૂ, આકાશ સહિતનાને વોન્ટેડ જાહેર કર્યો હતો. પોલીસે સ્કોડાકાર, એક્ટિવા, ચાર મોબાઈલ ફોન અને દારૂનો જત્થો મળી ૪,૬૮,૩૮૦ની કિંમતો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

અંકલેશ્વરમાં સેપી આંકનું ભૂત ધૂણતા ઉદ્યોગ જગત ભયભીત- વોટર અને એર પોલ્યુશન માપવાની પ્રક્રિયા હાથ ધરાશે

અંકલેશ્વર

અંકલેશ્વરના ઉદ્યોગોની ઉપર સતત ક્રિટિકલ ઝોનની તલવાર લટકી રહી છે એમાં પણ હવે ૫ થી ૧૩ જાન્યુઆરી સુધી અંકલેશ્વરના વાતાવરણના પ્રદૂષણને માપવા માટેની ટીમ કાર્યરત થતા ઉદ્યોગપતિઓમાં ફફડાટ મચી જવા પામ્યો છે.

અંકલેશ્વર ઉદ્યોગ મંડળ દ્વારા તમામ મેમ્બર ઈન્ડસ્ટ્રીઝને જાણ કરવામાં આવી છે કે ૫ થી ૧૩ જાન્યુઆરી દરમિયાન એર અને વોટર પોલ્યુશનનો સેપી આંક માપવા માટે અધિકારીઓ અંકલેશ્વરમાં આવનાર છે. અંકલેશ્વર એસ્ટેટમાં તા પથી ૧૩ જાન્યુઆરી સુધી સીઈપીઆઈ બાબતે જીપીસીબી અને જીપીસીબીનું એર અને પાણી બાબતે ખુબજ સખ્ત રાઉન્ડ ધી ક્લોક મોનીટરીંગ રહેવાનું હોવાથી દરેક ઉદ્યોગ એકમના માલિક અથવા સંચાલકને ઉદ્યોગ મંડળ દ્વારા તાકીદ કરાઇ છે કે તેમના ઉદ્યોગમાં પર્યાવરણના નિયમોનું કડકાઈથી પાલન કરે. જો આમ કરવામાં બેદરકારી દાખવશે અને પકડાશે તો એનજીટીના નિયમ અનુસાર આકરા દંડ અને લાંબા સમય સુધી ક્લોઝરની જોગવાય કરવામાં આવશે તેની ખાસ નોંધ લઈ પર્યાવરણના નિયમોનું પાલન કરી સહકાર આપે.

નોંધનીય છે કે અંકલેશ્વર ઉદ્યોગ મંડળ દ્વારા શનિવાર તારીખ ૨૮ જાન્યુઆરીના રોજ આ જ મુદ્દે એક બેઠક બોલાવવામાં આવી હતી. જેમાં ઉદ્યોગ મંડળના તમામ સભ્યો ઉપરાંત અંકલેશ્વરના મહાકાય, મધ્ય કક્ષાના તેમજ નાના ઉદ્યોગોના સેફટી, હેલ્થ એન્ડ એન્વાયર્મેન્ટના અધિકારીઓને હાજર રહેવા માટે તાકીદ કરવામાં આવી હતી. આ બેઠકમાં જોકે અંકલેશ્વર ઉદ્યોગ મંડળના ૧૧૦૦ થી પણ વધારે મેમ્બર ઈન્ડસ્ટ્રીઝના માંડ ૫૦ જેટલા અધિકારીઓ હાજર રહ્યા હતા. આ જ બતાવે છે અંકલેશ્વરના ઉદ્યોગો પર્યાવરણની સુરક્ષા માટે કે જાળવણી માટે કેટલા કટિબદ્ધ છે.

લોકરક્ષક દળ મેરીટ યાદીમાં અનામત વર્ગ અને મહિલા ઉમેદવારોને અન્યાય

ગુજરાત જનચેતના પાર્ટીએ સુરત કલેક્ટરને કરેલી રજૂઆત

સુરત

લોકરક્ષક દળની મેરીટ યાદીમાં એસઈબીસી, એસસી, તથા એસટીની યોગ્ય મહિલા ઉમેદવારોને ભરતીથી વંચિત રાખવાની સામે ગુજરાત જનચેતના પાર્ટી દ્વારા સુરત જિલ્લા કલેક્ટરને એક આવેદનપત્ર પાઠવી અનામત કેટેગરીની મહિલાઓને જનરલ સીટ પર સમાવવામાં નહીં આવે તો રેલી, રસ્તા રોકો તથા તાળાબંધી જેવા ઝલદ કાર્યક્રમો કરવામાં આવશે એવી ચીમકી પણ આપવામાં આવી છે.

સુરત જિલ્લા કલેક્ટરને સુપરત કરવામાં આવેલા આવેદનપત્રમાં જણાવાયું હતું કે, ગુજરાત સરકાર દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરીને યોજાયેલ લોકરક્ષક દળની ભરતી-૨૦૧૮ની લેખિત અને મૌખિક શારીરિક પરીક્ષાઓ લઈને યોજાયેલ ભરતીનું મેરીટ લીસ્ટ તા.૧-૧૨-૨૦૧૯ના રોજ જાહેર કરવામાં આવેલુ હતું. આ મેરીટ લીસ્ટમાં બિન અનામત કેટેગરીની મહિલાઓની ૧૫૭૮ સીટનું મેરીટ લીસ્ટ બહાર પડાયું નથી. જ્યારે અનામત કેટેગરી એ સ ઈ બી સી-એ સ સી-એસટીની મહિલાનું મેરીટ લીસ્ટ ગુજરાત સરકારના ઠરાવ ક્રમાંક સી.આર.આર./૧૦૯૬/૨૨૧૩/ગ૨. સચિવાલય તા.૧-૮-૨૦૧૮નો અમલ કરીને જાહેર કરેલ છે. ભરતી પ્રક્રિયાના જાહેરનામાં પ્રસિધ્ધિમાં આ ઠરાવ મુજબ અનામત કેટેગરીની મહિલાની ભરતી કરવા અંગે કોઈ જાહેરાત થયેલી નથી. ભરતી પ્રક્રિયાની પરીક્ષા-મૌખિક-શારીરિક પરીક્ષા સમયે પણ આવા કોઈ ઠરાવના અમલ અંગે સ્પષ્ટતા થયેલી નથી. અને મેરીટ પ્રસિદ્ધના બે દિવસ અગાઉ તા.૨૯-૧૧-૨૦૧૯ના રોજ ઉપરોક્ત જણાવેલ ઠરાવનો તાત્કાલિક મનસ્વી રીતે થયેલ અમલ જે સદંતર ગેર બંધારણીય છે. બંધારણના અનુચ્છેદ ૧૪ મુજબ પુરૂષ અને મહિલા સમાનતાનો અધિકાર તથા બંધારણનાં અનુચ્છેદ ૧૬ (૪)ના ભંગ જનક ઠરાવનું અમલીકરણ કરીને એસઈબીસી-એસસી-એસટીની અનામત કેટેગરીની મહિલાઓની સીધી ૫૧ ટકા અનામત આપી દેવા જેવો ગુજરાત સરકારનો નિર્ણય એ બંધારણમાં પછાત ગરીબ અને વંચિત સમાજ એમાં પણ શોષિત સમાજની અબળા મહિલાઓને અન્યાય જનક બાબત સામે ગાંધીનગર ખાતે સત્યાગ્રહ છાવણીમાં છેલ્લા ૨૩ દિવસોથી ધરણાં પ્રદર્શન શરૂ કરવામાં આવ્યા છે.

ગુજરાત સરકાર દ્વારા બંધારણીય સંરચના મુજબ અનામત કેટેગરીની મહિલાઓને જનરલ સીટ પર સમાવવામાં નહીં આવે તા.૧-૮-૨૦૧૯નો ગેરબંધારણીય ઠરાવ રદ કરવામાં નહીં આવે તો ગાંધીનગરમાં ચાલતું મહિલાઓનું બંધારણીય અધિકાર ન્યાય આંદોલન વેગવંત બનાવીને તાલુકા કક્ષાએ, જિલ્લા કક્ષાએ ધરણાં પ્રદર્શન યોજાશે. રેલીઓ, રસ્તા રોકો તાળાબંધી જેવા અનેક ઝલદ કાર્યક્રમો દ્વારા બંધારણની અનામતનું સ્પષ્ટ અમલીકરણ કરાવવા માટે ગાંધી ચિંધ્યા માર્ગે જનઆંદોલન છેડવામાં આવશે.

ઝઘડાની અદાવત રાખી યુવક પર ચપ્પુથી હુમલો

સુરત

સરથાણા શ્યામધામ ચોક યોગેસ્વર સોસાયટી ખાતે રહેતા એક રત્નકલાકાર પર જૂની અદાવત રાખી ચાકુ વડે હુમલો કરી ઈજાઓ પહોંચાડી બે આરોપીઓ ફરાર થઈ ગયા હતા. સરથાણા પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ અમરેલી જિલ્લાના સાવરકુંડલાના વતની અને હાલમાં શ્યામધામ ચોક યોગેશ્વર સોસાયટી નાના વરાછા ખાતે રહેતા દર્શનભાઈ હિરપરા રત્નકલાકાર છે. આરોપી કેતન નાથાણી સાથે તેમની નોરતામાં સામાન્ય બોલાચાલી થઈ હતી. જેની અદાવત રાખી કેતને ગતરોજ સાંજના સુમારે ચાકુ વડે દર્શન પર હુમલો કરી ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયો હતો. સરથાણા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

સરકારી કચેરી પરિસર અને તેની ૨૦૦ મીટર ત્રિજ્યાય વિસ્તારમાં ધરણાં-ઉપવાસ કરવા પર પ્રતિબંધ

વલસાડ

વલસાડના કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રે ટ સી.આર.ખરસાણે વલસાડ જિલ્લા માં જિલ્લા/ તાલુકા સેવાસદનમાં પોતાના કામ અર્થે આવતા નાગરિકોને કોઇ અગવડતા ન પડે તથા કાયદો અને વ્ય વસ્થાદની પરિસ્થિવતિ જળવાઇ રહે તે હેતુસર જિલ્લો સેવા સદન, વલસાડ, તથા જિલ્લાયના તમામ તાલુકા સેવાસદનની બહાર કે જિલ્લામ/તાલુકા સેવાસદનના પરિસરથી ૨૦૦ મીટરની ત્રિજયા?ના વિસ્તાારમાં તાત્કાલિક અસરથી તા.૦૧/૦૧/૨૦ સુધી સુધી અનઅધિકૃત/ગેરકાયદેસર રીતે કોઇપણ વ્ય કિતઓ/વ્યવકિતઓને એકી સાથે કોઇપણ જગ્યાતએ ભેગા થઈને કોઇ મંડળી બનાવી ધરણા, પ્રતિક ધરણા, ભૂખ હળતાળ પર બેસવા, ઉપવાસ કે આમરણાંત ઉપવાસ ઉપર બેસવા માટે મનાઇ ફરમાવી છે. આ જાહેરનામાનો ભંગ કરનાર સજાને પાત્ર થશે. આ જાહેરનામું ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તેવી વ્યકકિતઓને, ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યંકિતઓને, લગ્નના વરઘોડા, સ્મ શાનયાત્રા અને સક્ષમ અધિકારી તરફથી આપવામાં આવેલ પરવાનગી તેમજ સરકારશ્રી દ્વારા આયોજિત કાર્યક્રમો કે અભિયાનના કિસ્સા?માં લાગુ પડશે નહી.

બેસ્ટ ડેસ્ટીનેશન ઓફ ઈન્વેસ્ટમેન્ટ બની રહ્યું છે ગુજરાતઃ મંત્રી સૌરભ પટેલ

મહેતા ફિનકોન દ્વારા આયોજિત ચોથી ગ્લોબલ ઈન્વેસ્ટર કોન્ફરન્સને ખુલ્લી મુકતા ઉર્જામંત્રી

સુરત

રાજય સરકારની પ્રોત્સાહક ઔદ્યોગિક નીતિના પરિણામે દેશ-વિદેશના રોકાણકારો માટે ગુજરાત બેસ્ટ ડેસ્ટીનેશન ઓફ ઈન્વેસ્ટમેન્ટ બની રહ્યું હોવાનું ઉર્જામંત્રીશ્રી સૌરભભાઈ પટેલે મહેતા ફિનકોન દ્વારા અવધ ઉટોપીયા ખાતે આયોજીત ચોથી ગ્લોબલ ઈન્વેસ્ટર કોન્ફરન્સને ખુલ્લી મૂકતા જણાવ્યું હતું. આ વેળાએ વન-ટુ-વન સંવાદ સાધતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રીએ ભારતના અર્થતંત્રને ૨૦૨૪ સુધીમાં પાંચ ટ્રીલીયન સુધી પહોચાડવા માટે અથાગ પ્રયાસો કરી રહ્યા છે. ત્યારે ગુજરાતે પણ ઈઝ ઓફ ડુઈંગ, એમ.એસ.એમ.ઈ., સ્ટાર્ટ અપ જેવા અનેક ક્ષેત્રે પ્રોત્સાહકનીતિ અમલમાં મૂકી છે. ખેડુતોની આવક વધશે તો દરેકક્ષેત્રના વિકાસમાં ગતિ આવશે જે માટે રાજય સરકાર દ્વારા સૌની યોજના દ્વારા સૌરાષ્ટ્રવના અનેક ડેમો ભરવામાં આવ્યા છે. છેલ્લા દાયકામાં સમગ્ર દેશમાં કૃષિક્ષેત્રે ગુજરાતે નોંધપાત્ર વિકાસ સાધી નંબરવન બન્યું છે. તેવી રીતે પ્રવાસન, ઉર્જા, રોજગારી, ગેસલાઈન નેટવર્ક જેવા અનેકક્ષેત્રે વિકાસના નીતનવા સોપાનો સર કર્યા હોવાનું મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજયના લાંબા અને વ્યુહાત્મક દરિયા કિનારાને પોર્ટ સેકટર અને ઉદ્યોગોમાં વધુ રોકાણો માટે નવી બંદરીય પોર્ટ પોલિસીના પરિણામે આગામી સમયમાં નવા સાહસિકો પોર્ટક્ષેત્રમાં અનેકગણુ રોકાણ થવાનું છે. આ ઉપરાંત વિન્ડ ફાર્મ, સોલારનીતિને પ્રોત્સાહન આપવામાં આવતા ઉર્જાક્ષેત્રના રોકાણ પણ નોંધપાત્ર વધારો થયો છે. જેટલું વધુ ઈન્વેસ્ટમેન્ટ થશે તેટલી રોજગારીનું નિર્માણ થશે તેમ જણાવી મંત્રીશ્રીએ કૃષિક્ષેત્રના વિકાસ માટેના પ્રોત્સાહન પગલાઓની વિગતો આપી હતી. આ કોન્ફન્સમાં મહેતા ફીનકોનના ર્ષ્ઠી કૃણાલ મહેતાએ અર્થતંત્રના વિકાસ માટે રાજય સરકાર દ્વારા લેવામાં આવી રહેલા પગલાઓ અંગે મંત્રીશ્રી સાથે સંવાદ સાધ્યો હતો જે બાબતે મંત્રીશ્રીએ પ્રત્યુચરો આપ્યાગ હતા. આ પ્રસંગે ઓલ ઈન્ડિયા ટેરરીસ્ટ ફન્ટના ચેરમેનશ્રી એમ.એસ.બિટ્ટાએ ભારત સરકાર દ્વારા સંરક્ષણક્ષેત્રે લેવામાં આવી રહેલા પગલાઓની વિગતો આપી હતી.

આ વેળાએ ધારાસભ્ય પિયુષ દેસાઈ, ઉદ્યોગ અગ્રણી સેવતીલાલ શાહ, પૂર્વ સુરત કમિશનર સતીશ શર્મા તેમજ અન્ય ઉદ્યોગ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ઘલુડી પોલીસ લાઈનના ઘરમાં ઘૂસી મહિલાની છેડતી કરાઈ

સુરેશ યાદવ નામના યુવકે છેડતી કરી મહિલાને ધમકી આપી

સુરત

કામરેજ-ઘલુડી પોલીસ લાઈન ખાતે એક ૨૪ વર્ષની મહિલાની છેડતી કરી એક આરોપી ફરાર થઈ ગયો હોવાનો બનાવ કામરેજ પોલીસ મથકમાં નોંધાયો હતો. પોલીસે છેડતીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ માંગરોળ તાલુકાના ઝરણી ગામ ખાતેના વતની અને હાલમાં ઘલુડી ટ્રેનિંગ સેન્ટરમાં નોકરી કરતી એક મહિલા રવિવારની રજા હોવાથી તેણી ત્રણેક વાગ્યાના સુમારે પોતાના ઘરમાં એકલી હતી. ત્યારે વાંકલ ગામનો રહેવાસી સુરેશ રામલખન યાદવે તેણીનો હાથ ખેંચીને દૂર લઈ ગયો હતો અને મળવા નહીં આવે તો જાનથી મારી નાંખવાની ધમકી આપી ફરાર થઈ ગયો હતો. પોલીસે છેડતીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

CAAના સમર્થનમાં ભાજપ સાંસદે પીએમ મોદીને લખ્યા ૩૦૦૦ પોસ્ટ કાર્ડ

એક અનોખી પહેલ કરતા છોટાઉદેપુર ભાજપ સાંસદ ગીતાબેન રાઠવા




ગીતાબેન રાઠવાએ પોતાના મત વિસ્તારમાં ઘરે ઘરે જઈ લોકોને CAAના કાયદા વિશે માહિતી આપી

(ભરત શાહ દ્વારા)

રાજપીપળા

CAA(નાગરિકતા સંશોધન અધિનિયમ)ને લઈને હાલ દેશના ખૂણે ખૂણામાં વિરોધ પ્રદર્શન ચાલી રહ્યા છે.ખાસ કરીને વિપક્ષ દ્વારા જોર શોરથી સરકાર વિરુદ્ધ વાણી વિલાસ કરાઈ રહ્યો છે.અમુક જગ્યા પર તો આ આંદોલને મોટું સ્વરૂપ ધારણ કરતા સરકારી સંપત્તિને નુકસાન થયું હોવાના બનાવો પણ બન્યા છે.બીજી બાજુ ભાજપ દ્વારા પણ લોક જાગૃતિના કાર્યક્રમો કરાઈ રહ્યા છે.પણ ક્યાંકને ક્યાંક વિપક્ષના વિરોધ પ્રદર્શન સામે ભાજપના કાર્યક્રમોની કોઈ અસર દેખાઈ રહી હોય એવું નથી લાગી રહ્યું.

હવે લોકોમાં જાગૃતિ આવે અને હિંસક આંદોલનો બંધ થાય એ માટે ગુજરાત ભાજપના એક માત્ર આદિવાસી મહિલા સાંસદ ગીતાબેન રાઠવાએ CAA ના સમર્થનમાં એક અનોખી પહેલ કરી છે.એમણે પોતાના મત વિસ્તાર માં ઘરે ઘરે જઈ લોકોને CAA ના કાયદા વિશે માહિતી આપી અને એમની સમજ બાદ CAA નું સમર્થન કરતા અને આ કાયદો અમલી બનાવ્યો એ બદલ પીએમ મોદીને અભિનંદન આપતા લગભગ ૩૦૦૦ જેટલા પોસ્ટ કાર્ડ લોકોએ પીએમ મોદીને લખ્યા હતા.



પ્રતિ શ્રી,
મા. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી
"આપશ્રી સાહેબને ખુબ ખુબ અભિનંદન"

ભારત સરકાર દ્વારા લાગુ કરવામાં આવેલ CAA- નાગરિકતા સંશોધન અધિનિયમ દ્વારા પાકિસ્તાન, બાંગ્લાદેશ અફઘાનિસ્તાન જેવા પડોશી દેશોમા પ્રતાડીત લઘુમતીઓ જેવી કે હિંદુ, શિખ, બૌદ્ધ, જૈન, ખ્રિસ્તી, પારસી ને નાગરિકતા સાથે રક્ષણ અને જીવન જીવવાનો અધિકાર અપાવીને તેમના માટે નો હૃદયસ્પર્શી નિર્ણય ને અમો આવકારીએ છીએ તે બદલ નરેન્દ્રભાઈ મોદીજી ના નેતૃત્વવાળી ભા.જ.પા સરકારને ખુબ ખુબ અભિનંદન.

શુ લખ્યું છે પીએમ ને લખેલા પોસ્ટ કાર્ડમાં

હજારો વર્ષોની આપણી પરંપરા શરણાગત વત્સલની છે.શરણે આવેલનું રક્ષણ કરવું એમને એમનો અધિકાર આપવો એ આપણો કર્તવ્ય છે.એ પરંપરા ભારત સરકાર ના CAA ના કાયદાના અમલીકરણમાં દેખાય છે.આ કાયદા દ્વારા પાકિસ્તાન, બાંગ્લાદેશ, અફઘાનિસ્તાન જેવા પડોશી દેશોમાં પ્રતાડીત હિન્દૂ, શીખ, બૌદ્ધ, જૈન, ખ્રિસ્તી, પારસીને નાગરિકતા સાથે રક્ષણ અને જીવન જીવવાનો અધિકાર અપાયો છે.એ બદલ પીએમ મોદી અને ગૃહમંત્રી અમિત શાહને ખૂબ ખૂબ અભિનંદન.

મહિધરપુરા જદાખાડી અને પૂણા ખાતેથી ૧૯ જુગારીઓ પકડાયા

પુણામાંથી ૧૨ જુગારીઓને ઝડપી પડાયા

સુરત

પીસીબી અને મહિધરપુરા પોલીસે જુગાર રમતા ૧૯ જુગારીની ધરપકડ કરી કુલ્લે રૂપિયા ૮૨,૩૨૦ની મત્તા કબ્જે કરી હતી.

મહિધરપુરા પોલીસે બાતમીના આધારે જદાખાડી નાકા પાસે જુગાર રમતા જશવંત રાંદેરિયા, હેમંત ગોહીલ, વિપુલ છોટુ, રમેશ છોટુ, મિનેશ વાઘેલા, જીતેન્દ્ર પટેલ, નવીનચંદ્ર પરીખની ધરપકડ કરી રોકડા રૂપિયા ૪૦,૮૭૦ કબ્જે કર્યા હતા.

પીસીબી પોલીસે મળેલી બાતમીના આધારે પૂણા ગામ સુર્યનગર પ્લોટ નં એ/૨૩/બી/૨૩ના બીજા માળે રૂમ નં. ૪માં જુગારની ક્લબ ઉપર દરોડા પાડી જુગારની ક્લબ ચલાવનાર શૈરાસિંગ શોભરણ સિંગ રાજપુત સહિત ૧૨ જણાંની ધરપકડ કરી હતી. પીસીબી પોલીસે ૧૧ મોબાઈલ ફોન , રોકડા રૂપિયા મળી કુલ્લે રૂપિયા ૪૧,૪૫૦ની મત્તા કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

ડુમસમાં સરપંચની ચૂંટણીની અદાવતમાં હુમલો કરી ધમકી

પતિ પર હુમલો કરતા પત્નિએ ફરિયાદ નોંધાવી

સુરત

સરપંચની ચૂંટણી વખતે થયેલા ઝઘડા અને લાઈટ ચોરી અંગેની બબાલની અદાવતમાં એક વ્યક્તિ ઉપર હુમલો કરાયો હતો.

ડુમસ પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ ડુમસ ગામ કાંદી ફળિયા જલારામનગરમાં રહેતા જિજ્ઞાશાબેન બિપીનભાઈ માકુવાળાએ આરોપી સોહેલ અનિલકુમાર ડુમસીયા, અક્ષય અલિ કુમાર ડુમસિયા (રહે જલારામ નગર, કાંદી ફળિયા ડુમસ) વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદીના જણાવ્યા મુજબ સરપંચની ચુંટણી વખતે આરોપી ડુમસીયા બંધુ સાથે ઝગડો થયો હતો. તેમજ ઈલેક્ટ્રીક લાઈટની ચોરી અંગે શંકા રાખી હતી. જેની અદાવતમાં આરોપીઓએ પરિયાદીના પતિ બિપિનભાઈ છીમકાભાઈ ઉપર હુમલો કરી માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ડુમસ પોલીસે જિજ્ઞાશબેનની ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

કેમીકલ એન્જી.ના પરિણામમાં એસઆરસીટીસી શ્રેષ્ઠ જાહેર

અંકલેશ્વર

પોસ્ટ ગ્રેજ્યુએશન સેમ ૩ માટે ગુજરાત ટેકનીકલ યુનિવર્સિટી-જીટીયુનાં પરિણામ જાહેર થયાં છે. જેમાં કેમિકલ એન્જિનિયરિંગમાં અંકલેશ્વરની શ્રોફ રોટરી ઈન્સ્ટીટ્યૂટ ઓફ કેમિકલ ટેકનોલોજી - એસઆરઆઈસીટી એ ૧૦૦% પરિણામ પ્રાપ્ત કર્યા છે.

જાહેર થયેલા પરિણામોમાં ૯.૧૩ એસપીઆઈ સાથે કુ. શેફાલી પટેલ કેમિકલ એન્જિનિયરિંગમાં એસપીઆઈ મુજબ પ્રથમ ક્રમે આવ્યા છે. જ્યારે કે ૯.૧૨ સીપીઆઈ સાથે હર્ષકુમાર પટેલે પણ કેમિકલ એન્જિનિયરિંગમાં સીપીઆઈ મુજબ પ્રથમ ક્રમાંક મેળવ્યો છે . આ ઉજ્જવળ પરિણામ બદલ ઈન્સ્ટિટયૂટના ટ્રસ્ટીઓએ તમામ વિદ્યાર્થીઓ અને સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતા.

પવનની દિશા બદલાતા દક્ષિણ ગુજરાતમાં ઠંડીમાં રાહત : સુરતમાં ૧૯ ડીગ્રી તાપમાન

નવસારીમાં તાપમાન વધીને ૧૪ અને વલસાડમાં ૧૫ ડીગ્રી નોંધાયું

સુરત

સમગ્ર દક્ષિણ ગુજરાતમાં છેલ્લા ચારેક દિવસ સુધી કડકડતી ઠંડીનો અનુભવ થયા બાદ આજે પવનની દિશા બદલાવાની સાથે ઠંડીમાં નજીવી રાહત મળી હતી. તાપમાનમાં સડસડાટ ૩ થી ૪ ડીગ્રીનો વધારો થતા આગામી એક બે દિવસ તાપમાન યથાવત રહે તેવી શક્યતા છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકતમ તાપમાન ૨૯ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૧૯.૫ ડીગ્રી નોંધાયું છે. ગતરોજની સરખામણીમાં આજે અધિકતમ તાપમાનમાં ૨ ડીગ્રીનો અને ન્યુનતમ તાપમાનમાં ૩ ડીગ્રીનો વધારો નોંધાયો છે. આજે સવારથી પવનની દિશા ઉત્તરના બદલે દક્ષિણ તરફની થતા ઠંડીથી રાહત મળી રહી છે. નવસારીમાં પણ આજે ન્યુનતમ તાપમાન ૧૫.૨ ડીગ્રી નોંધાયું છે. જે ગતરોજ ૧૩.૫ ડીગ્રી નોંધાયું હતું. નવસારીમાં છેલ્લા ચાર દિવસ બાદ તાપમાનમાં વધારો થતા ઠંડીથી નજીવી રાહત મળી હતી. વલસાડ હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકતમ તાપમાન ૧૪.૬ ડીગ્રી નોંધાયું છે. જે ગતરોજ ૧૮ ડીગ્રી નોંધાયું હતું. વલસાડમાં આજે તાપમાન વધવાના બદલે ઘટતા ઠંડીનો ચમકારો અનુભવાયો હતો. આગામી બે-ત્રણ દિવસ બાદ દક્ષિણ ગુજરાતમાં પવનની દિશા ફરી ઉત્તર તરફની થશે અને ઠંડીનો પારો ચઢશે.



બોર્ડ પરીક્ષાની કામગીરી તથા સ્વનિર્ભર શાળામાં સરકારી અધિકારી નિયુક્ત કરવાનો સરકાર દ્વારા નિર્ણય કરાતા સુરતના સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા વિરોધ નોંધાવવા આજે જિલ્લા શિક્ષણાધિકારી સમક્ષ સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના પ્રતિનિધિ મંડળ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી.

બોર્ડ પરીક્ષા કેન્દ્રમાં સ્વનિર્ભર શાળાઓમાં સરકારી અધિકારીની નિમણૂંક સામે વિરોધ

બોર્ડે નક્કી કરેલા નવા નિયમનો વિરોધ : સ્વનિર્ભર શાળા સંચાલક મંડળે જિલ્લા શિક્ષણાધિકારીને કરેલી ફરિયાદ

સુરત

આગામી માર્ચ મહિનાથી રાજયમાં ગુજરાત બોર્ડની ધો.૧૦-૧૨ની પરીક્ષાઓ શરૂ થવાની છે. બોર્ડ પરીક્ષા સેલ્ફ ફાયનાન્સ બિલ્ડિંગમાં થશે ત્યાં સરકારી ગ્રાન્ટેડ શાળાના આચાર્ય/સીનિયર શિક્ષકની સ્થળ સંચાલક તરીકે નિમણૂંક બાબતે સ્વનિર્ભર શાળા સંચાલકો દ્વારા વાંધો ઉઠાવવામાં આવ્યો છે.

સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા આજે ગુજરાત માધ્યમકિ અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના પરીક્ષા સચિવને સુરત જિલ્લા શિક્ષણાધિકારીના માધ્યમથી વાંધાસૂચક પત્ર પાઠવવામાં આવ્યો છે.

માર્ચ ૨૦૨૦માં એસએસસી/એચએસસી પરીક્ષા સેલ્ફ ફાયનાન્સ બિલ્ડિંગોમાં થશે ત્યાં સ્થળ સંચાલકની તરીકે સરકારી ગ્રાન્ટેડ શાળાના આચાર્ય કે સીનિયર શિક્ષકની નિમણૂંક કરવામાં આવશે. જે યોગ્ય નથી. સ્વનિર્ભર શાળાઓમાં જરૂર જણાય ત્યાં સહાયક અમલવારી માટે વધારાનો જવાબદાર વ્યક્તિની નિમણૂંક કરવી યોગ્ય જણાશે.

વિદ્યાર્થીઓના હિતમાં અને સુચારૂ સંચાલન બાબતે સ્વનિર્ભર શાળા સંચાલક મંડળનો સહયોગ છે જ પરંતુ ખાનગી શાળા સામે પરીક્ષા બાબતે સમિતિએ ઉતાવળાભર્યા અયોગ્ય નિર્ણય લીધો છે અને ખાનગી શાળા સંચાલકો સામે આશંકા અવિશ્વાસ ભરેલો છે. આ નિર્ણયથી સમગ્ર ગુજરાતના સ્વનિર્ભર શાળાઓના સ્વમાનને ઠેસ પહોંચી છે. જે શિક્ષણ જગત માટે યોગ્ય નથી. તે બાબતે પુર્નવિચારણા જરૂરી છે. અન્યથા પરીક્ષા બાબતે ખાનગી શાળાઓ બોર્ડને માત્ર શાળા બિલ્ડિંગ સોંપીને સહકાર આપશે. સ્થળ સંચાલક સુપરવાઈઝરથી લઈ પરીક્ષાની સંપૂર્ણ વ્યવસ્થા કરવાની જવાબદારી બોર્ડની રહેશે.

ભેસ્તાનના ભોજન સમારંભમાં દાળમાં ગરોળી નીકળી : ૧૦ લોકો હોસ્પિટલમાં

સિવિલમાં ૯ને સારવાર આપી રજા આપી દેવાઈ : એકનું બીપી વધી જતા દાખલ

સુરત

ભેસ્તાન વિસ્તારમાં રહેતા યુપી અને બિહારના લોકોના ગ્રુપનું ભોજન યોજાયું હતું. ભોજનમાં બનાવાયેલી દાળમાં ગરોળી પડી ગઈ હોવાનું માલૂમ થતાં જ અગાઉ જમી લીધેલા ૧૦ લોકોને હોસ્પિટલ દાખલ કરાયા હતાં. જેમાંથી એકનું બીપી વધી જતાં દાખલ કરવાની ફરજ પડી હતી જ્યારે અન્ય લોકોને સારવાર આપી રજા દેવામાં આવી હતી.

અનિલસિંગ ફોજદાર સિંગ ૪૮ રહે. ભેસ્તાન શ્રીરૂપ એપાર્ટમેન્ટ,વિનોદ અવધ નારાયણ પંડિત (ઉ.વ. ૪૫) રહે ભાગ્યલક્ષ્મી સોસાયટી ભેસ્તાન,રમેશ રાજનાથ પાટીલ, જેશ પ્રેમશંકર મિશ્રા, સુરેશ તિવારી, વિપુલ મનીષ મિશ્રાએ ગ્રુપ ભોજનમાં જમી લીધુ હતુ. બાદમાં રસોઈમાં ગરોળી પડી હોવાનું માલૂમ થતાં તમામને સિવિલ હોસ્પિટલ સારવાર માટે ખસેડાયા હતાં. અનિલનું BP વધી જતાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યારેબીજાને પ્રાથમિક સારવાર આપી રજા આપી દેવાઈ હતી. ગ્રુપ ભોજન માટે અનિલસિંગ અને મિત્રોએ ૧૫૦ જણાનું ભોજન બનાવ્યું હતું. દાળ ભાતના ભોનમાં ૮-૧૦ જણાએ પહેલાં જમી લીધું હતું. ત્યારબાદ બીજા મિત્રો માટે દાળ કાઢતા એમાંથી ગરોળી નીકળી હતી.જેને લઈ પ્રથમ ભોજન કરી લેનાર તમામ મિત્રોને નજીકના દવાખાને લઈ જવાતા સિવિલ રીફર કર્યા હતાં.રાત્રે સાડા નવ વાગ્યા આસપાસ ૩ ફ્લેટમાં રહેતા મિત્રોમાં મોટા ભાગના ટ્રાન્સપોટર, માકેટિંગ કામ કરતા, મિલમાં સુપરવાઈઝર અને ડાઈંગ મિલના માસ્ટર હોવાનું બહાર આવ્યું હતું.

અપહરણના ગુન્હામાં નાસતા-ફરતા આરોપીને ઝડપી પાડી તેના ચુંગલમાંથી ભોગ બનનાર સગીર બાળાને છોડાવતી પેરોલ ફર્લો સ્કોડ ભરૂચ



ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાની સુચના અનુસંધાને જીલ્લામાં બનેલ ગુનાઓમાં નાસતા ફરતા આરોપીઓ શોધી કાઢવા અંગે ઈન્ચાર્જ પો.સ.ઈ. બી.ડી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ ભરુચ પેરોલ ફર્લો સ્કોર્ડ ની ટીમના માણસો ઝગડીયા રાજપારડી વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા દરમ્યાન બાતમી આધારે ઝગડીયા પો.સ્ટે. ગુ.ર.નં. 1102/2019 IPC 363, 366 તથા પોક્સો એક્ટ ૧૨ મુજબના ગુનાના કામે પોલીસ ધરપકડથી નાસતો ફરતો આરોપી - અજયભાઈ બીજલભાઈ વસાવા રહે, ખડોલી ગામ, લાંબી ટેકરી તા. ઝગડીયા જી.ભરૂચનાને ખડોલી ગામ, નાની ખડોલી તા.ઝગડીયા જી.ભરૂચ ખાતેથી પકડી પાડી આજરોજ તા.૦૫/૦૧/૨૦૨૦ નારોજ crPC ૪૧ (૧) આઈ અટક કરી આરોપીના ચુંગલમાંથી ભોગ બનનાર સગીર બાળાને છોડાવી રાજપારડી પો.સ્ટે.માં આગળની કાર્યવાહી કરવા સુપ્રત કરવામાં આવેલ છે.

પાંડેસરાના પરિ ફેશનના માલિક પિતા-પુત્રએ કરેલુ ઉઠમણું

સુરત

પાંડેસરા પરિ ફેશનના માલિક પિતા-પુત્રે ગ્રે કાપડના વેપારી પાસેથી રૂપિયા ૪,૯૧,૯૦૬ની કિંમતનો માળ ખરીદી આજ દીન સુધી પેમેન્ટ નહીં ચુંકવી વિશ્વાસઘાત , છેતરપિંડી કરી હતી. સલાબતપુરા પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ વેસુ અણમ વાઈલ્ડ ટાવરમાં રહેતા અને રિંગ રોડ સુપર ટેક્ષટાવરમાં દુકાન ધરાવતા વિજય મોહનલાલ અગ્રવાલે આરોપી રાહુ રમેશ પટેલ, રમેશ પટેલ (પરિ ફેશન, જલારામ ઈન્ડસ્ટ્રી, પાંડેસરા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદીના જણાવ્યા મુજબ આરોપીઓએ સમયસર પેમેન્ટ નહિ ચુકવી વિશ્વાસઘાત છેતરપીંડી કરી હતી. સલાબતપુરા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

સિંગણપોરની દુકાનમાં ઘૂસી યુવક પર ચપ્પુ વડે હુમલો

આડા સંબંધની શંકા રાખી યુવકને ચપ્પુ મારી દેવાયું

સુરત

સિંગણપોર કોઝવે રોડ અડીએસ સોફા હાઉસ નામની દુકાનમાં બે યુવકે એક વ્યક્તિ ઉપર ચપ્પુથી હુમલો કરી ઈજા પહોંચાડયાનો બનાવ ચોકબજાર પોલીસ સ્ટેશને નોંધાયો હતો. આડા સંબંધના ઝઘડામાં આ હુમલો થયો હતો .

ચોકબજાર પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ ફરિયાદીના પતિ વિનોદભાઈ બળદેવ બાબરિયા કોઝવે પાસે એડીએસ સોફા હાઉસમાં બેઠા હતા. ત્યારે આરોપી અનિલ બોરીચા તથા અજાણ્યા ઈસમે આવી ફરિયાદીના પતિ સામે ઝઘડો કરી ચપ્પુના ઘા ઝીંકી નાસી ગયા હતા. ફરિયાદીના જણાવ્યા મુજબ ફરિયાદીનો આડો સંબંધ આરોપી અનિલ બોરીચા સાથે હતોના વહેમ રાખી ફરિયાદીના પતિ અને આરોપી અનિલ વચ્ચે ઝઘડો થયો હતો. જેની અદાવત રાખી આ હુમલો કરાયો હતો. ચોક બજાર પોલીસે ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.